દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 26 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 31 January 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૩૧ જાન્યુઆરી ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અજિત પવારનાં પત્ની બનશે ડેપ્યુટી સીએમ

## આજે બપોરે એનસીપીની વિધાનસભા પક્ષની બેઠક યોજાશે, તેમાં સુનેત્રા પવાર સર્વાનુમતે ચૂંટાશેઃ મુખ્ય પ્રધાનને નામાંકન પત્ર તાત્કાલિક સુપરત કરશે અને તત્કાળ શપથગ્રહણ કરાવવાની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અજિત પવારના અકાળ અવસાનને કારણે ખાલી પડેલી એનસીપી વિધાનસભા પક્ષના નેતા તરીકેની જગ્યા પર સુનેત્રા પવારની પસંદગી કરવામાં આવશે. તે પછી તરત જ તેમનો શપથ ગ્રહણ સમારોહ યોજાશે તેવું અત્યારે માનવામાં આવી રહ્યું છે. સુનેત્રા પવારે પક્ષનો પ્રસ્તાવ સ્વીકારી લીધો હોવાનું કહેવાય છે.

એનસીપી વિધાનસભા પક્ષના નેતાની પસંદગી માટે આવતીકાલે, શનિવારે વિધાનસભ્યોની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં અજિત પવારના પત્ની સુનેત્રા પવારને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવશે. ત્યારબાદ, પવારનો શપથ ગ્રહણ સમારોહ થવાની શક્યતા છે. સુનેત્રા પવારને તાત્કાલિક રાજ્યના પ્રધાનમંડળમાં સામેલ કરવામાં આવશે. આ શપથ ગ્રહણ સમારોહ ખૂબ જ સાદગીથી યોજાશે.

એનસીપીના નેતાઓ પ્રફુલ્લ પટેલ, છગન ભુજબળ, સુનીલ તટકરે, ધનંજય મુંડે વગેરે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના વર્ષા નિવાસસ્થાને મળ્યા હતા. ત્યારબાદ, તેમને એવી જાણ કરવામાં આવી હતી કે સુનેત્રા પવારને પક્ષ વતી વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવશે.

વિધાનસભા પક્ષની બેઠક શનિવારે બપોરે યોજાશે. તેમાં સુનેત્રા પવારને સર્વાનુમતે ચૂંટવામાં આવશે. એનસીપી વતી મુખ્ય પ્રધાનને ચૂંટણી પત્ર તાત્કાલિક સોંપવામાં આવશે. એવું માનવામાં આવે છે કે સુનેત્રા પવારનો શપથ ગ્રહણ સમારોહ તાત્કાલિક યોજાશે. અલબત્ત, તે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા આયોજિત કાર્યક્રમ પર નિર્ભર રહેશે.

એવું માનવામાં આવે છે કે મુખ્ય પ્રધાન પક્ષના નાણાં અને આયોજન, એક્સાઇઝ ડ્યુટી વગેરે ખાતાઓ પોતાની પાસે જ ચાલુ રાખે તેવી શક્યતાઓ જણાઈ રહી છે અને તેથી જ એનસીપીના સિનિયર નેતાઓએ ફડણવીસ સાથેની બેઠકમાં અજિત પવાર પાસે રહેલા ખાતાની ફાળવણી તેમના જ પક્ષના પ્રધાનોને સોંપવામાં આવે એવી માગણી કરી હતી. ■

# રાહુલે 'ગમોસા' ન પહેરીને ઈશાન ભારતનું અપમાન કર્યુંઃ અમિત શાહ

દિબ્રુગઢ : કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે શુક્રવારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ પ્રજાસત્તાક દિને આપેલા સત્કાર સમારોહમાં આપેલો ગમોસા ન પહેરીને ઈશાન ભારતનું અપમાન કર્યું હતું.

શાહે કહ્યું હતું કે વિદેશના મહાનુભાવો સહિત બધા મહાનુભાવોએ આભાર વ્યક્ત કરવા ગમોસા પહેર્યો હતો, પરંતુ ગાંધી ફક્ત એક વ્યક્તિ હતા જેમણે આમ કરવાની ના પાડી હતી. ગમોસા આસામની ઓળખ અને ગૌરવનું પ્રતીક છે અને એ સુતરાઉ કપડાનો બનેલો સ્કાર્ફ છે જેના પર લાલ બોર્ડર અને ડિઝાઈન હોય છે.

ખાનિલકર પરેડ ગ્રાઉન્ડમાં જાહેર સભાને સંબોધતા અમિત શાહે કહ્યું હતું કે રાહુલ ગાંધી તેઓ જે ઈચ્છે છે એ કરી શકે છે, પરંતુ જ્યાં સુધી ભાજપ સત્તામાં છે ત્યાં સુધી તે ઈશાન ભારતની સંસ્કૃતિનું અપમાન નહીં થવા દે. શાહે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે આસામ માટે કશું કર્યું નથી. તેમણે કહ્યું હતું કે હું રાહુલ ગાંધીને પૂછવા માગું છું કે તમારા પક્ષે આસામને બંદૂક, ગોળી અને યુવાનોના મરણ સિવાય શું આપ્યું છે. શાહે કોંગ્રેસ ઘૂસણખોરીને વોટબૅન્ક પોલિટિક્સ માટે હથિયાર તરીકે ઉપયોગ કરે છે એવો આક્ષેપ કયો હતો. ભાજપ સત્તા પર આવી ત્યાર બાદ આસામમાં કોઈ ઘૂસણખોરી થતી નથી. જે લોકો ભારતમાં ગેરકાયદે આવ્યા છે એને શોધીને દેશપાર કરવામાં આવશે. (એજન્સી)

# સરકારે વિંગો ઍપ બ્લૉક કરી

નવી દિલ્હીઃ સરકારે વિંગો ઍપ, તેના કમાંડ અને કન્ટ્રૉલ સેન્ટર, આ ઍપ્લિકેશનને પ્રમૉટ કરતા પચાસથી વધુ યૂટ્યૂબ વીડિયો અને ચાર ટૅલિગ્રામ ચૅનલ બ્લૉક કર્યાં છે.

છેતરપિંડી કરતા મૅસૅજ ફોન પર મોકલાતા હોવાની સાયબરક્રાઇમને લગતી ફરિયાદને પગલે સરકારે આ પગલું લીધું હતું.

દેશના ગૃહ મંત્રાલય અને તેની સાયબરક્રાઇમ રોકતી એજન્સી - ઇન્ડિયન સાયબર ક્રાઇમ કૉઑર્ડિનેશન સેન્ટર

(જુઓ પાનું ૨) ▶▶

# વિદ્યાર્થિનીઓ માટે અલગ સાફ ટૉઈલેટ્સ, ફ્રી સૅનિટરી પૅડ પૂરાં પાડો

## દેશભરની શાળાઓમાં આ સુવિધા માટે રાજ્યોને સુપ્રીમ કૉર્ટનો આદેશઃ પિરિયડ્સમાં આરોગ્યની કાળજી માટેની સુવિધાઓને મૂળભૂત હક ગણાવ્યો

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે મેન્સ્ટ્રુઅલ હાઇજીન (માસિકસ્રાવ વખતે આરોગ્યનું ધ્યાન રાખતી સુવિધા) રાખવાની બાબતને શુક્રવારે બંધારણની કલમ ૨૧ હેઠળ 'જીવનનો મૂળભૂત અધિકાર' ગણાવીને દેશની દરેક શાળામાં સાફ અને અલગ ટૉઇલેટ્સ, મફત ઑક્સો-બાયોડિગ્રેડેબલ (સરળતાથી નાશ પામે એવા) સૅનિટરી નેપકિન્સ વગેરે સંબંધિત સુવિધા રાખવાનો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બૅન્ચે

(જુઓ પાનું ૨) ▶▶


# સોનાચાંદીમાં તેજીનો પરપોટો ફૂટ્યો

## સિલ્વર ૪૦,૬૩૮ તો ગોલ્ડ ૯,૫૪૫ રૂપિયા તૂટ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના અનુગામી તંગ નાણાનીતિ અપનાવતા હોય તેવી રોકાણકારો અટકળો મૂકી રહ્યા હોવાથી ગઈ કાલે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદી સહિતની તમામ કિંમતી ધાતુઓમાં રોકાણકારોની વેચવાલીનું દબાણ રહેતાં એકતરફી તેજીનો અંત આવ્યો હતો, જેમાં સોનાના ભાવ એક તબક્કે ઘટીને ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરની અંદર અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૯૫.૭૯ ડૉલર સુધી ગબડીને પાછા ફર્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવ કિલોદીઠ ૪૦,૬૩૮ રૂપિયાના કડાકા સાથે ૩.૪૦ લાખ રૂપિયા અંદર ઉતરી ગયા હતા અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ ૯૫૦૭થી ૯૫૪૫ રૂપિયા ઘટી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ ભાવમાં કિલોદીઠ રૂ. ૪૦,૬૩૮ રૂપિયાનો કડાકો બોલાઈ ગયો હતો અને વેરારહિત ધોરણે ભાવ ૩,૩૯,૩૫૦ રૂપિયાની સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, આ કડાકા સાથે

(જુઓ પાનું ૨) ▶▶



**તલવાર તાણી છે...**
કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે શુક્રવારે દિબ્રુગઢમાં એક જાહેર સભાને સંબોધન કર્યું હતું. (એજન્સી)

# ફૅડની કમાન કેવિન વૉર્શને સોંપશે ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફૅડરલ રિઝર્વના ભૂતપૂર્વ અધિકારી કેવિન વૉર્શના નામની આગામી 'ફૅડ ચૅર' તરીકે જાહેરાત કરી હતી. ટ્રમ્પ ઓછા વ્યાજદરના જ્યારે વૉર્શ ઊંચા વ્યાજદરના હિમાયતી હોવાથી ભવિષ્યમાં તેઓ વચ્ચે ઘર્ષણ થવાની શક્યતા પણ જોવાય છે. અમેરિકાની ફૅડરલ રિઝર્વ સિસ્ટમના ગવર્નર્સના બૉર્ડના ચૅર અમેરિકાની મધ્યવર્તી બૅન્કના વડા ગણાય છે અને તેઓ ફૅડરલ ઑપન માર્કેટ કમિટીને મેનેજ કરે છે. અમેરિકાના હાલના 'ફૅડ ચૅર' જેરોમ પોવેલની મુદત ચાલુ વર્ષના મેમાં પૂરી

(જુઓ પાનું ૨) ▶▶



**શ્રદ્ધાંજલિઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૭૮મી પુણ્યતિથિ નિમિત્તે શુક્રવારે દિલ્હીમાં રાજઘાટ ખાતે શ્રદ્ધાંજલિ આપી હતી. (એજન્સી)

# ગઝની અને લોદી વિશેની હમીદ અન્સારીની કમેન્ટ્સે વિવાદ છેડ્યો

નવી દિલ્હી : ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારીની મહમૂદ ગઝની અને લોદી રાજવંશ અંગેની ટિપ્પણીએ રાજકીય વિવાદ છેડ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસની ઈકોસિસ્ટમ હિન્દુઓના વિરોધીની પ્રશંસા કરે છે.

ભાજપના પ્રવક્તા શેહઝાદ પૂનાવાલાએ શુક્રવારે અન્સારીની મુલાકાતની ક્લીપ શૅર કરી હતી. આમાં અન્સારી એમ કહેતા સંભળાય છે કે તમે લોદી અને ગઝની વિશે તમારા પુસ્તકમાં છાપો છો.. આ બધા ભારતીય લૂંટારા હતા. તેઓ બહારથી આવ્યા નહોતા.

અન્સારીની ટિપ્પણી અંગે કૉંગ્રેસની ટીકા કરતા પૂનાવાલાએ કહ્યું હતું કે આ પક્ષની ઈકોસિસ્ટમ હિન્દુ પર અત્યાચારો કરનારા લોકોની સરાહના કરી હતી. પૂનાવાલાએ દલીલ કરી હતી કે અન્સારીની ટિપ્પણી એ છૂટાછવાયો બનાવ નથી, પરંતુ હિન્દુની નફરત કરનારાઓની કૉંગ્રેસ સરાહના કરે છે.

પૂનાવાલાએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં મહમૂદ ગઝનીના ૧૦૨૬ના સોમનાથ મંદિર પરના આક્રમણનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે હવે કૉંગ્રેસ ઈકોસિસ્ટમ અને હમીદ અન્સારીએ સોમનાથ મંદિર ભ્રષ્ટ અને નાશ કરનાર ગઝનીની સરાહના કરી હતી. તેઓએ સોમનાથ સ્વાભિમાન પર્વનો વિરોધ કરે છે. તેઓએ ઓરંગઝેબ અને હિન્દુ પર જુલમો કરનારાનો ઢાંકપીછોડો કર્યો હતો.

પૂનાવાલાએ વિદ્યાર્થીના નેતા ઉમર ખાલીદ અને શર્જીલ ઈમામનો પણ ઉલ્લેખ કરીને કહ્યું હતું કે કૉંગ્રેસ દેશ માટે 'વિભાજનકારી' હેતુવાળા લોકોની પડખે ઊભું રહ્યું છે.

પૂનાવાલાએ કહ્યું હતું કે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે બીટિંગ રીટ્રેટ સેરેમનીમાં હાજરી આપી નહોતી. એ બતાડે છે કે તેને માટે 'પરિવાર તંત્ર' કરતાં 'સંવિધાન તંત્ર' વધુ મહત્ત્વનું છે. લશ્કરનું અપમાન કરવાનું રાહુલ ગાંધીના કુદરતી ડીએનએમાં છે. ■

# આસામમાં ઘૂસણખોરી નાબૂદ કરવી હોય તો ભાજપને મત આપો

ધેમાજી (આસામ): કેન્દ્રીય ગૃહ પ્રધાને અમિત શાહે શુક્રવારે દાવો કર્યો હતો કે કોંગ્રેસના શાસન દરમિયાન આસામની ડેમોગ્રાફી બદલવામાં આવી હતી અને કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર આ પ્રવૃત્તિને સમાપ્ત કરવા માટે કામ કરી રહી છે. કરેનગ ચાપોરીમાં તાકામ મિસિંગ પોરિન કેબાંગ દ્વારા આયોજિત ૧૦મા 'મિસિંગ યુવા મહોત્સવ'ના સમાપન સમારોહને સંબોધતા અમિત શાહે લોકોને આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મત આપવા અપીલ કરી જેથી રાજ્ય ઘૂસણખોરીથી સંપૂર્ણપણે મુક્ત થઈ શકે.

તેમણે આરોપ લગાવ્યો હતો કે,કોંગ્રેસના શાસન દરમિયાન આસામની ડેમોગ્રાફી સંપૂર્ણપણે બદલાઈ ગઈ. ઘૂસણખોરોની વસ્તી શૂન્યથી વધીને ૬૪ લાખ થઈ ગઈ હતી અને સાત જિલ્લામાં ઘૂસણખોરો બહુમતીમાં આવી ગયા છે. શાહે કહ્યું હતું કે મોદી સરકાર રાજ્યમાં ડેમોગ્રાફીને ઉલટાવી દેવા માટે વિવિધ રીતે કામ કરી રહી છે.

તેમણે કહ્યું હતું કે, જો તમે આસામમાં ઘૂસણખોરી રોકવા માગતા હોવ તો ત્રીજી વખત ભાજપ સરકારને ચૂંટીને ગેરકાયદે પ્રવાસીઓ સામેની લડાઈમાં મુખ્યપ્રધાન હિમંત બિસ્વા શર્માના હાથ મજબૂત કરો.

કેન્દ્રીય ગૃહ પ્રધાને આસામના ઉપરના પ્રદેશોમાં ઘૂસણખોરોને સ્થાઈ થતા અટકાવવામાં મિસિંગ સમુદાય દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાનો પણ ઉલ્લેખ કર્યો હતો જે તેમની મહેનતુ જીવનશૈલીને કારણે શક્ય બન્યું. તેમણે કહ્યું હતું કે, ઘૂસણખોરી અટકાવવાની જવાબદારી 'મિસિંગ' સમુદાયની છે.તમારે હથિયાર ઉપાડવાની જરૂર નથી.તમારી મહેનતની સંસ્કૃતિને કારણે જ ઘૂસણખોરો અહીં આવી શક્યા નથી.

શાહે એવો પણ આરોપ લગાવ્યો કે કોંગ્રેસના શાસન દરમિયાન ઘણા આદિવાસી સમુદાયોને તેમની ઓળખ બચાવવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. ■

# ટ્રમ્પની અરજ પુતિને માની લીધીઃ યુક્રેન પર અઠવાડિયું હુમલો નહીં કરે

મોસ્કોઃ રશિયાએ અમેરિકાના પ્રમુખની યુક્રેન પર એક ફેબ્રુઆરી સુધી હુમલાઓ નહીં કરવાની અપીલ માની લીધી છે. રશિયાએ શુક્રવારે કહ્યું હતું કે રશિયાની સરકારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની વિનંતી પર યુક્રેન પર હુમલાઓ એક સપ્તાહ સુધી રોકવા પર સહમતિ વ્યક્ત કરી છે. રશિયાના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે શુક્રવારે પત્રકારોને જણાવ્યું હતું કે રશિયાએ ટ્રમ્પની એક સપ્તાહ સુધી હુમલાઓ અટકાવવાની 'વ્યક્તિગત અપીલ'નો સ્વીકાર કર્યો છે જેમાં યુક્રેનની રાજધાની પર હુમલાઓ રોકવા માટેની વાત કરવામાં આવી હતી.

યુક્રેનના પ્રમુખ વૉલૉદિમેર ઝૅલૅન્સ્કીએ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને કીવ આવવા પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે જ્યાં સુધી રશિયા હુમલા બંધ નહીં કરે ત્યાં સુધી યુક્રેન રશિયા પર હુમલા કરવાનું ચાલુ રાખશે. શિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયાને ચાર વર્ષ જેટલો સમય વીતી ચુક્યો છે, અનેક પ્રયાસો છતાં યુદ્ધવિરામ શક્ય બન્યો નથી. એવામાં હવે યુદ્ધનો અંત આવવાના સંકેતો દેખાઈ રહ્યા છે.

રશિયાએ ગુરુવારે યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીને શાંતિ વાટાઘાટો માટે મોસ્કો આવવા માટે આમંત્રણ પાઠવ્યું હતું જે તેમણે નકાર્યું હતું. ટ્રમ્પે કહ્યું હતું કે પુતિન અસાધારણ શિયાળાની ઠંડી દરમિયાન કિવ પર હુમલાઓ રોકવા માટે સંમત થયા હતા.એએફપીએ પેસ્કોવને ટાંકીને કહ્યું હતું કે હું કહી શકું છું કે ટ્રમ્પે વાસ્તવમાં રાષ્ટ્રપતિ પુતિનને વાટાઘાટો માટે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવવા માટે પહેલી ફેબ્રુઆરી સુધી એક અઠવાડિયા સુધી કીવ પર હુમલો કરવાનું ટાળવા માટે વ્યક્તિગત

(જુઓ પાનું ૨) ▶▶

# આઈટીના દરોડા પડતા કૉન્ફિડન્ટ ગ્રૂપના માલિકનું સુસાઈડ

બેંગલુરુઃ કોન્ફિડન્ટ ગ્રૂપ પર દરોડા પાડવા માટે ઇન્કમ ટેક્સ અધિકારીઓ પહોંચ્યા ત્યારે જ એ ગ્રૂપના માલિક સીજે રોય આત્મહત્યા કરી હતી. સીજે રોયે બેંગલુરુમાં આવેલી તેમની ઓફિસમાં જાતે જ ગોળી મારીને આત્મહત્યા કરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

સીજે રોય મૂળ કેરળના રહેવાસી હતા. તેમણે કોન્ફિડન્ટ ગ્રુપ નામની એક રિયલ એસ્ટેટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપનીની સ્થાપના કરી હતી. આ કંપનીને તેમણે સફળતાનાં શિખરો સર કરાવ્યાં હતાં.

ઘટનાની વાત કરવામાં આવે તો, સીજે રોયે અનેપાલ્યામાં આવેલી તેમની ઓફિસમાં જ આત્મહત્યા કરી લીધી છે. અશોકનગર પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે રોયની ઓફિસ પર આજે જ ઈન્કમ ટેક્સ વિભાગે દરોડા પાડ્યાં હતા, અને પૂછપરછ શરૂ કરી હતી. જોકે, આ માત્ર પ્રાથમિક કારણ છે,સાચી હકીકત જાણવા માટે અત્યારે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે ડિસેમ્બર મહિનાથી ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા સીજે રોયની સંપત્તિની તપાસ ચાલી રહી હતી. આ તપાસ બાદ આજે સીજે રોયની ઓફિસ પર ઈન્કમ ટેક્સની ટીમ પૂછપરછ કરવા માટે ગઈ હતી.

જોકે, ઈન્કમ ટેક્સ વિભાગની ટીમ પહોંચીને કામગીરી શરૂ કરે તે પહેલા જ રોયે જાતે જ પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. રોય આત્મહત્યા કરી ત્યારે આવકવેરાની ટીમ ઓફિસની બિલ્ડિંગમાં હતી,પરંતુ જ્યા રોયે આત્મહત્યા કરી તે રૂમમાં કોઈ અધિકારી ગયા નહોતા તેવું સૂત્રોએ જણાવ્યું છે.

# પાકિસ્તાન-બાંગ્લાદેશ વચ્ચે ૧૪ વર્ષ પછી વિમાની સેવા શરૂ

લાહોર/કરાચીઃ પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે ૧૪ વર્ષ પછી એક નવો અધ્યાય શરૂ થયો છે. વર્ષોના અંતરાલ બાદ બંને દેશો વચ્ચે વિમાન સેવાની શરૂઆત થઇ છે. બાંગ્લાદેશની રાજધાની ઢાકાથી એક ફ્લાઇટ ગુરૂવારના રોજ પાકિસ્તાનના કરાચીમાં જિન્નાહ આંતરરાષ્ટ્રીય હવાઇમથક પર ઊતરી હતી. બંને દેશો વચ્ચે નોન-સ્ટોપ હવાઇ કનેક્ટિવિટી ફરી શરૂ થઇ છે.પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટી(પીએએ) અનુસાર બિમાન બાંગ્લાદેશ એરલાઇન્સની ફ્લાઇટ(બીજી-૩૪૧) ગુરુવારે સાંજે ઢાકાથી કરાચી પહોંચી હતી. ૧૪ વર્ષ પછી ઢાકાથી ઝીણા ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરાણ કરનારી આ પહેલી ફ્લાઇટ હોવાનું એક નિવેદનમાં જણાવાયું છે. કરાચી એરપોર્ટ પર ઉતરાણ બાદ બિમાન એરલાઇન્સની ફ્લાઇટનું પરંપરાગત વોટર સેલ્યુટથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએએએ વધુમાં જણાવ્યું કે પાકિસ્તાન-બાંગ્લાદેશ દોસ્તીમાં એક નવો અધ્યાય- ૧૪ વર્ષ પછી હવાઇ કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

આ શરૂઆત ૨૦૨૪માં બાંગ્લાદેશમાં ફાટી નીકળેલા વિરોધ પ્રદર્શનો બાદ વડા પ્રધાન શેખ હસીનાને પદભ્રષ્ટ કર્યા બાદ બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે વધતી મિત્રતા વચ્ચે થઇ છે. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અર્થતંત્ર જબરદસ્ત છે તો રૂપિયો કેમ સતત તૂટે છે?

**આપણાં** નાણાં મંત્રી નિર્મલા સીતારમણ રવિવારે બજેટ રજૂ કરે એ પહેલાં ગુરૂવારે આર્થિક સર્વે રજૂ કર્યો અને રાબેતા મુજબ જ ૨૦૨૫-૨૬ના આર્થિક સર્વેમાં કેન્દ્ર સરકારે જાતે જ પોતાની પીઠ થાબડી દીધી. આર્થિક સર્વેમાં એ વાત પર ભાર મુકાયો છે કે, દુનિયાભરમાં અત્યારે આર્થિક સ્થિતિ ડામાડોળ છે અને મોટા મોટા દેશોના ટાંટિયા ઢીલા થઈ ગયા છે ત્યારે ભારતીય અર્થતંત્ર મજબૂત રીતે આગળ વધી રહ્યું છે. આ સર્વેમાં અંદાજ મુકાયો છે કે, ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી વિકાસદર ૬.૮ ટકા થી ૭.૨ ટકાની વચ્ચે રહેશે. રસપ્રદ વાત એ છે કે, સરકારે પોતે ચાલુ વર્ષનો જીડીપી વિકાસ દર ૭.૪ ટકા રહેશે એવો વરતારો મૂકેલો છે અને આવતા વરસે વિકાસદર ઘટવાનો છે છતાં સરકારે આ ઘટેલા વિકાસદરને મોટી સિદ્ધિ ગણાવી છે.

આર્થિક સર્વેક્ષણમાં દેશના અર્થતંત્રનું એકદમ ફૂલગુલાબી ચિત્ર રજૂ કરાયું છે પણ આ ચિત્ર વાસ્તવિકતા સાથે મેળ ખાતું નથી. મોંઘવારીથી માંડીને નિકાસ સુધીના મામલે ગંભીર સ્થિતિ છે છતાં આર્થિક વિકાસના દાવા કરાયા છે. મજાની વાત એ છે કે, એક તરફ આપણું અર્થતંત્ર જબરદસ્ત મજબૂત હોવાના દાવા કરાય છે ને બીજી તરફ આપણો રૂપિયો સતત તૂટતો જ જાય છે. અત્યારે એક અમેરિકન ડૉલરનો ભાવ ૯૨ રૂપિયા છે અને જે રીતે રૂપિયો ગગડી રહ્યો છે એ જોતાં બહુ જલદી સદી કરી નાંખે તો નવાઈ નહીં. એક વર્ષ પહેલાં એક ડૉલરનો ભાવ ૮૬ ડૉલરની આસપાસ હતો એ જોતાં વરસમાં જ છ રૂપિયા વધી ગયા છે. ટકાવારીની રીતે જુઓ તો લગભગ સાત ટકા થયો. જે દેશનું અર્થતંત્ર એકદમ મજબૂત હોય તેના ચલણનું વરસમાં જ સાત ટકા ધોવાણ કઈ રીતે થાય?

રૂપિયો આમ તો લાંબા સમયથી તૂટી જ રહ્યો છે પણ વરસ પહેલાં ધોવાણમાં તેજી આવી ત્યારે ભક્તજનો કહેતા કે રૂપિયો તૂટી રહ્યો નથી પણ ડૉલર મજબૂત થઈ રહ્યો છે તેથી ડૉલર સામે રૂપિયાના ભાવ વધી રહ્યા છે. આપણાં માનનીય નાણાં મંત્રી નિર્મલા સીતારામણે પણ આ વાત કરેલી. આ વાત ગધેડાને તાવ આવી જાય એવી છે કેમ કે ડૉલર મજબૂત થાય કે રૂપિયો તૂટે, પરિણામ તો સરખું જ આવે ને? છરી તડબૂચ પર પડે કે તડબૂચ છરી પર પડે, કપાય તો તડબૂચ જ ને?

જો કે આ દલીલ પણ વાહિયાત જ છે કેમ કે રૂપિયા ખાલી ડૉલર સામે નહીં પણ યુકેના પાઉન્ડ અને યુરોપિયન યુનિયનના યુરો સામે પણ તૂટ્યો છે. વરસ પહેલાં એક પાઉન્ડનો ભાવ ૧૦૭ રૂપિયા હતા અને અત્યારે ૧૨૬ રૂપિયા છે. મતલબ કે, પાઉન્ડ ૧૯ રૂપિયા મોંઘો થયો છે ને ટકાવારીની રીતે જોઈએ તો ૧૫ ટકાથી વધારે તૂટ્યો છે. યુરો તો વરસ પહેલાં ૯૦ રૂપિયા પર હતો ને અત્યારે ૧૧૦ રૂપિયા પર છે એ જોતાં ૨૦ રૂપિયા વધ્યો છે. ટકાવારીની રીતે રૂપિયો ૨૦ ટકાથી વધારે તૂટ્યો કહેવાય. આંતરરાષ્ટ્રીય સ્તરે જે ચલણોમાં વધારે પ્રમાણમાં વ્યાપાર થાય છે એ ચલણો સામે રૂપિયો સાવ લબડી ગયો છતાં આર્થિક સર્વેક્ષણમાં અર્થતંત્ર મજબૂત હોવાની વધાઈ ખવાતી હોય તેનો અર્થ શો?

આપણી સરકાર અને સરકારી ચમચા જીડીપીમાં જબરદસ્ત વધારો થઈ રહ્યો છે એવું ચિત્ર રજૂ કરે છે એ પણ ભ્રામક છે. દુનિયાના બીજા દેશોમાં વસતી ઘટતી જાય છે જ્યારે આપણી વસતી સતત વધતી જાય છે. આ વધતી વસતીની જરૂરીયાતોને પૂરી કરવા માટે વર્ક ફોર્સ પણ વધે છે તેથી જીડીપી ના વધે? આપણી વસતી વરસે ૧૦ ટકાના દરે વધે છે ને જીડીપી સાત ટકાના દરે વધે તો ખુશ થવા જેવું શું?

ભારતમાં જીડીપીનો દર બે અલગ અલગ રીતે નક્કી કરાય છે. પહેલી પદ્ધતિમાં આર્થિક પ્રવૃત્તિઓના આંકડા ગણતરીમાં લેવાય છે જ્યારે બીજી પદ્ધતિમાં બજાર ભાવે થતો ખર્ચ ધ્યાનમાં લેવાય છે. એ પછી જાતજાતની ગણતરીઓ થાય છે ને છેવટે નોમિનલ જીડીપી નક્કી કરાય છે. આર્થિક પ્રવૃત્તિઓમાં ફેક્ટર કોસ્ટ મુખ્ય આધાર છે. આઠ અલગ અલગ ક્ષેત્રોમાં થતું કુલ ટર્નઓવર ગણતરીમાં લેવાય છે. આ ટર્નઓવર સતત વધવાનું કેમ કે મોંઘવારી વધે છે. બીજી પદ્ધતિમાં ગણતરીમાં લેવાતો ખર્ચ પણ વધવાનો કેમ કે વસતી વધી રહી છે.

આ સંજોગોમાં જીડીપી વધે તેમાં બહુ હરખાવા જેવું નથી. હરખ તો ત્યારે થાય કે જ્યારે આપણી નિકાસ વધે ને આયાત ઘટે કેમ કે કોઈ પણ દેશનું અર્થતંત્ર મજબૂત છે તેની મુખ્ય નિશાની વ્યાપાર ખાધ છે. વ્યાપાર ખાધનો મતલબ છે આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત. જે દેશની વ્યાપાર ખાધ ઝીરો હોય એ દેશનું અર્થતંત્ર સારું કહેવાય પણ જે દેશની નિકાસ આયાત કરતાં વધારે હોય તેનું અર્થતંત્ર જબરદસ્ત કહેવાય. ભારતની નિકાસ આયાત કરતાં વધારે નથી ને વ્યાપાર ખાધ પણ ઝીરો નથી તો આ દેશનું અર્થતંત્ર જબરદસ્ત પ્રગતિ કરી રહ્યું છે એવું કઈ રીતે કહેવાય ?

આર્થિક સર્વેમાં કરાયેલા બીજા દાવાઓ પર પણ નજર નાંખવા જેવી છે. સર્વેમાં દાવો કરાયો છે કે, દેશમાં મોંઘવારી ઘટી છે. આ વાત માન્યામાં આવતી નથી પણ સરકારી આંકડા કહે છે કે, એપ્રિલ અને ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન છૂટક ફુગાવો સરેરાશ ૧.૭ ટકા થઈ ગયો છે. શાકભાજી અને કઠોળના ભાવમાં ઘટાડાના કારણે હાલમાં અત્યાર સુધીનો સૌથી નીચો મોંઘવારી દર છે એવું સરકાર કહેશે. સરકારે તો એવો દાવો પણ કર્યો છે કે, વિશ્વના અન્ય મોટા દેશોની સરખામણીમાં ભારતે મોંઘવારીને નિયંત્રિત કરવામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને તેના કારણે સામાન્ય લોકોના ખિસ્સા પરનો બોજ ઓછો થયો છે. આ વાત સાથે સહમત થનાર કાં મૂરખ હોય કાં અંધભક્ત હોય. બીજા પણ આવા ઘણા દાવા કરાયા છે અને તેમાંથી મોટા ભાગના ગળે ઊતરે એવા જ નથી.

સરકાર દાવા કરે છે એમ દેશનું અર્થતંત્ર જબરદસ્ત છે જ નહીં પણ બધું ઢંકાયેલું રહે છે કેમ કે મૂળે આ દેશની પ્રજા સહનશીલ છે. આપણે ત્યાં તકલીફો સહન કરવાનો મહિમા એટલો કરાયો કે, પ્રજાને એવું લાગે છે કે, સહન કરવામાં જ જીવન સાર્થક છે. આ કારણે લોકો ખેંચતાણ કરીને પણ ચલાવ્યા કરે છે. બીજું એ કે, ભારત આજે પણ ગામડાંમાં વસે છે અને ગ્રામીણ ભારતનું પોતાનું આગવું આર્થિક મોડલ છે. આ મોડલમાં જરૂરીયાતો પણ ઓછી છે અને સ્થાનિક સ્તરે મોટા ભાગની ચીજો મળી રહે છે તેથી લોકો બહુ મહત્ત્વાકાંક્ષી બન્યા વિના શાંતિથી જીવ્યા કરે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, શનિવાર, તા. ૩૧-૧-૨૦૨૬, વિશ્વકર્મા જયંતી, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા)

- ભારતીય દિનાંક ૧૧, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રે ક. ૨૫-૩૩ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૨૦-૦૦ સુધી, પછી કર્કમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧. સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૫. સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૨૭, રાત્રે ક. ૨૩-૩૭
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૩ (તા. ૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ શુક્લ - ત્રયોદશી. વિશ્વકર્મા જયંતી, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા), ડેઝર્ટ ઉત્સવ- ત્રણ દિવસ (જેસલમેર) ચતુર્દશી ક્ષયતિથિ છે. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૨ (તા. ૧)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, વિશ્વકર્મા જયંતી પૂજા, મહેસાણા પાસે મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા), વાંસનું વૃક્ષ વાવવું, અદિતિ પૂજન, નિત્ય થતાં સ્થાવર લેવડદેવડના કામકાજ, સર્વશાંતિ, પૂજા, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી.
- આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ પ્રવાસનો શોખ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-મકર (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ઈરાનનાં અણુમથકોને લક્ષ્ય બનાવવાની તૈયારીમાં અમેરિકા

## વળતો જડબાતોડ જવાબ આપવાની તહેરાનની વોશિંગ્ટનને ચેતવણી

વોશિંગ્ટનઃ મધ્ય-પૂર્વમાં વધુ એક સશસ્ત્ર સંઘર્ષ શરૂ થવાની શક્યતા છે. અમેરિકા અને ઈરાન એકબીજા સામે સતત ધમકી આપી રહ્યા છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યું કે અમેરિકાના લશ્કર તેના કટ્ટર શત્રુ પર હુમલો કરવા માટે તૈયાર છે. બીજી તરફ ઈરાને અમેરિકાની કોઈ પણ કાર્યવાહીનો જડબાતોડ જવાબ આપવાની ચેતવણી આપી છે.

ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી કે પરમાણુ કરાર માટે સમય સમાપ્ત થઈ રહ્યો છે.

અહેવાલ મુજબ અમેરિકી સેનાએ પ્રમુખ ટ્રમ્પને ઇરાન સામે લશ્કરી કર્યવાહી માટેના વિકલ્પોનો વિસ્તૃત પ્લાન રજૂ કર્યો છે, જેમાં ન્યુક્લિયર ફેસિલિટી પર કમાન્ડો ઓપરેશન, સરકારમાં પલટવા માટે નેતાઓ પર હુમલો અને બેલિસ્ટિક મિસાઇલ યુનિટ પર હુમલા જેવી યોજનાનો સમાવેશ થાય છે.

પત્રકારો સાથે વાત કરતા એક નિવેદનમાં ટ્રમ્પે કહ્યું, અત્યારે આપણા કેટલાક શક્તિશાળી જહાજો ઈરાન તરફ જઈ રહ્યા છે. તેનો ઉપયોગ ન કરવો પડે તો સારું રહેશે મેં તેમને ન્યુક્લિયર પ્રોગ્રામ બંધ કરવા અને પ્રદર્શનકારીઓની હત્યા બંધ કરવા કહ્યું. તેઓ હજારોની સંખ્યામાં પ્રદર્શનકારીઓને મારી રહ્યા છે. મેં બે અઠવાડિયા પહેલા ૮૩૭ ફાંસી અટકાવી હતી. ઈરાને જણાવ્યું કે અમેરિકાના કોઈ પણ હુમલાનો જવાબ મધ્ય પૂર્વમાં તહેનાત હજારો અમેરિકન સૈનિકોમાંથી કેટલાકને નિશાન બનાવીને આપવા આવશે. ઈરાન સૈન્ય પ્રવક્તાએ ચેતવણી આપી છે કે યુએસના કેટલાક બેઝ તેમની મીડીયમ-રેન્જની મિસાઇલોના રેન્જમાં છે. ■

# આખી ટીમનું કામ હવે એક જ જણ એઆઈની મદદથી કરી શકશેઃ ઝકરબર્ગ

કેમ્બ્રિજઃ સમગ્ર વિશ્વમાં વધી રહેલા એઆઈના ઉપયોગથી અનેક પ્રકારની સુવિધામાં વધારો થયો છે. તેવા સમયે મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગ દ્વારા એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે આગામી સમયમાં એઆઈની મદદથી એક વ્યક્તિ હવે આખી ટીમ જેટલું જ કામ કરી શકશે. જે આગામી દિવસોમાં એઆઈના લીધે વધનારી બેરોજગારીના સીધા સંકેત આપે છે.

માર્ક ઝકરબર્ગેના જણાવ્યા અનુસાર હાલ જે કામ પાંચથી દસ લોકો મળીને કરતા હતા તે કામ હવે એઆઈની મદદથી એકલો કરી શકશે. તેમજ એઆઈ લોકોની ઉત્પાદકતા એટલી વધારી દેશે કે ટીમોની જરૂર નહી પડે. માર્ક ઝકરબર્ગે મેટાની એક મીટિંગ દરમિયાન આ વાત કહી હતી. જ્યાં તેમણે કંપનીના ભવિષ્ય અને એઆઈ યોજનાઓ વિશે વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે હવે એઆઈ ફક્ત એક સાધન નથી. પરંતુ એક સહાયક સાધન બની ગયું છે જે માનવીઓ સાથે મળીને સમગ્ર કાર્યને સંભાળી શકે છે.

જોકે, માર્ક ઝકરબર્ગે મેટામાંથી છટણીના કોઈ સંકેત આપ્યા નથી. પરંતુ તેમના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે કંપની હવે વધુ લોકોને નોકરી પર રાખવાને બદલે વધુ સક્ષમ લોકો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ■

# ભારત-ઈયુ વચ્ચે વેપાર કરારથી પાકિસ્તાનની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી ખલાસ થઈ જવાનો ભય

કરાચી : ભારત અને યુરોપિયન યુનિયન (ઈયુ)એ તાજેતરમાં કરેલા મુક્ત વેપાર કરારથી પાકિસ્તાન બિઝનેસ ઈન્ડસ્ટ્રીમાં ચિંતાનું મોજું ફેલાઈ ગયું હતું. પાકિસ્તાનના નાણાકીય વિશ્લેષકો અને નિકાસકારોએ એવી આશંકા વ્યક્ત કરી હતી કે નાણાભીડ ભોગવી રહેલી દેશની ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રી અને બીજી નિકાસો પર આની માઠી અસર પડશે.

ભારત અને ઈયુએ મંગળવારે સીમાચિહ્નરૂપ મુક્ત વેપાર સંધિ કરી હતી અને આને 'મધર ઑફ ડીલ્સ' વર્ણવામાં આવી છે. ઈન્ડિયન શિપમેન્ટને ૨૭ રાષ્ટ્રના બ્લોકમાં જકાતમુક્ત બજાર મળશે. બીજી બાજુ ઈયુની લકઝરી કાર અને વાઈનની ભારતમાં આયાત સસ્તી થશે.

શુક્રવારે આગેવાન નાણાકીય નિષ્ણાતે શુક્રવારે ચેતવણી આપી હતી કે પાકિસ્તાને તીવ્ર હરીફાઈનો સામનો કરવો પડશે, કારણ કે ભારતે 'નવું આર્થિક યુદ્ધ' શરૂ કર્યું છે. મુહમદ અલી સાયાએ કહ્યું હતું કે ભારતે ઈયુ અને બીજા દેશો સાથે વેપાર કરાર કર્યા છે અને આની વિપરીત અસર પાકિસ્તાનની નિકાસ અને બિઝનેસ પર પડશે. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન જીએસપી પ્લસ સ્ટેટસ ધરાવે છે અને આને લીધે પાકિસ્તાનની ૮૦ ટકા નિકાસ જકાતમુક્ત છે. પાકિસ્તાનની ટેકસ્ટાઈલ નિકાસ હાલના નાણાકીય વર્ષના પ્રથમ છ માસિકમાં ૬.૨ અમેરિકન ડૉલરની હતી. આની તુલનામાં ભારતની ૫.૬ અબજ ડૉલરની નિકાસ હતી. જોકે અહીં એ વાત ધ્યાન રાખવી જોઈએ કે ભારતની નિકાસ પર ૧૨ ટકા ટૅરિફ હતી. જીએસપી પ્લસ સ્ટેટસ ઈયુએ ૨૦૧૪માં પાકિસ્તાનને આપ્યું હતું. ટૅરિફમાં છૂટને લીધે પાકિસ્તાનની ટેક્સ્ટાઈલની નિકાસ ૧૦૮ ટકા વધી હતી. જોકે પાકિસ્તાનનું સ્ટેટસ આગામી વર્ષના ડિસેમ્બરમાં પૂરું થશે. પાકિસ્તાન વિદેશ મંત્રાલયના પ્રવકતા તાહિર અંદ્રાબીએ કહ્યું હતું કે પાકિસ્તાન ઈયુ સત્તાવાળાઓ સાથે સંપર્કમાં છે જેથી ભારત અને ઈયુના વેપાર કરારની પાકિસ્તાનની નિકાસ પર થનારી અસરનો સામનો કરી રહી છે. (એજન્સી) ■

# પચાસ ટકા ટૅરિફની ટ્રમ્પની કૅનેડાને ધમકી

વૉશિંગ્ટનઃ કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની સાથેના વધેલા વિવાદને પગલે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકાને વેચાનારાં પ્રત્યેક ઍરક્રાફ્ટ પર પચાસ ટકા ટૅરિફ લાદવાની ગુરુવારે કેનેડાને ધમકી આપી હતી. ચીન સાથેના આયોજિત વેપારી કરારને મામલે જો કેનેડા આગળ વધશે તો કેનેડાથી આયાત કરવામાં આવતી વસ્તુઓ પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની અગાઉ વીકઍન્ડમાં આપેલી ધમકી બાદ ટ્રમ્પે પચાસ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપતી પૉસ્ટ સોશ્યલ મીડિયા પર પૉસ્ટ કરી હતી. જોકે ટ્રમ્પની ધમકીમાં કેનેડા પર ક્યારથી પચાસ ટકા ટૅરિફ લાદવામાં આવશે તેની વિગતો આપવામાં નહોતી આવી. જ્યારે કેનેડાએ ચીન સાથે વેપારી કરાર કરી લીધા છે. જ્યોર્જિયા આધારિત ગલ્ફસ્ટ્રીમ ઍરોસ્પેસ સાવાનાહ પાસેથી મેળવેલા જૅટને સર્ટિફાય કરવાનું નકારવા બદલ ટ્રમ્પે કેનેડાને વધુ ટૅરિફ લાદવાની ધમકી આપી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે કેનેડાના આ પગલાંનાં જવાબમાં અમેરિકા વિમાનના સૌથી મોટા ઉત્પાદક બૉમ્બાર્ડિયર સહિત કેનેડાના તમામ ઍરક્રાફ્ટને ડિસર્ટિફાય કરશે. (એજન્સી) ■

# કૅનેડાની સરહદેથી અમેરિકામાં માનવ તસ્કરીનો ભારતીય સામે આરોપ

ન્યૂ યોર્કઃ કેનેડાથી ભારતીય નાગરિકોને ઉત્તરી સરહદ પાર કરીને અમેરિકામાં દાણચોરીથી ઘૂસાડવાની યોજનામાં ભૂમિકા ભજવવા બદલ બાવીસ વર્ષીય ભારતીય નાગરિક પર આરોપ મૂકવામાં આવ્યો છે.

શિવમ નામના યુવાન પર ગેરકાયદે રીતે વિદેશીઓને અમેરિકામાં લાવવાના કાવતરાનો એક આરોપ અને ખાનગી નાણાકીય લાભ માટે ગેરકાયદે રીતે વિદેશીઓને અમેરિકામાં લાવવાના ચાર આરોપ છે. ન્યૂ યોર્કના ઉત્તરી જિલ્લાના એક ફેડરલ ગ્રાન્ડ જ્યુરીએ બુધવારે આ યોજનામાં તેની ભૂમિકા બદલ તેના પર આરોપ મૂક્યો હતો. કોર્ટના દસ્તાવેજો અનુસાર, શિવમે જાન્યુઆરીથી જૂન ૨૦૨૫ દરમિયાન દાણચોરીની કામગીરીનું નિર્દેશન કર્યું હતું, જેમાં અમેરિકા-કેનેડા સરહદ પારથી વ્યક્તિઓના ગેરકાયદે પરિવહનનું સંકલન કરવામાં આવ્યું હતું.

જાન્યુઆરી ૨૦૨૫માં, યુએસ બોર્ડર પેટ્રોલ એજન્ટોએ અમેરિકા-કેનેડા સરહદ નજીક એકસાથે મુસાફરી કરતા બે વાહનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. એજન્ટોથી બચવા માટે બંને વાહનોએ ગાડી દોડાવી હતી, જેના કારણે પીછો શરૂ થયો હતો. એક વાહન રસ્તા પરથી ઊતરી ગયું હતું અને ઊભું રહી ગયું, જ્યારે બીજું પાછળથી ન્યૂ યોર્કના મૂઅર્સ ખાતે રોકવામાં આવ્યું હતું. એક ડ્રાઇવર અને શિવમ સાથે જોડાયેલા નંબર વચ્ચેના વોટ્સએપ સંદેશાઓમાં જાન્યુઆરી ૨૦૨૫માં અને તે પહેલાં અનેક વખત કેનેડાથી ગેરકાયદે વ્યક્તિઓને અમેરિકામાં દાણચોરી કરવાના સંકલનનો ખુલાસો થયો હતો. ■

# યુકેમાં ભારતીય મૂળના ડ્રગ્સ ડીલરને ૨૦ વર્ષની કેદ

લંડનઃ ઉત્તર-પશ્ચિમ ઇંગ્લેન્ડની એક કોર્ટે ભારતીય મૂળના ડ્રગ ડીલરને વિવિધ પ્રકારના હથિયારો રાખવા અને ડ્રગ્સના ગુનાઓનું કાવતરું ઘડવા બદલ ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. ભારતીય મૂળના ડ્રગ ડીલર, નાગીન્દર ગિલ (૪૭)ને યુકેની એક કોર્ટે હથિયારો અને ડ્રગ્સ હેરફેરમાં સામેલ એક વ્યાપક ગુનાહિત નેટવર્કના ભાગરૂપે ડ્રગ્સ સપ્લાય કરવાનું કાવતરું ઘડવા બદલ ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. ગિલે સહ-કાવતરાખોરો કાર્લ ઇયાન જોન્સ (૫૯) અને હાર્લી વાઈસ (૨૯) સાથે વાતચીત કરવા માટે એન્ક્રિપ્ટેડ એન્ક્રોચેટ હેન્ડલ 'ઇન્ડિયનોસીન' નો ઉપયોગ કર્યો હતો. ઓપરેશન વેનેટિક હેઠળ યુકેની નેશનલ ક્રાઈમ એજન્સી (એનસીએ)ની આગેવાની હેઠળની તપાસમાં લશ્કરીમાં ઉપયોગ લેવાય એવા શસ્ત્રો અને મોટી માત્રામાં ક્લાસ એ અને બી ડ્રગ્સનો વેપાર કરવાની ચર્ચાઓનો પર્દાફાશ થયો હતો.જોન્સને ૩૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે વાઈસને ૨૫ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### સરકારે વિંગો

(આઇફૉરસી)ને આ એનરોઇડ ઍપ્લિકેશન સામે અનેક ફરિયાદ મળી હતી. એનરોઇડના પ્લૅ સ્ટૉર પરથી ડાઉનલૉડ કરાતી આ ઍપ્લિકેશન 'અનેક જણ સાથે રમી શકે એવી મનોરંજન આપતી રમત' (મલ્ટિપ્લૅયર ઍન્ટરટેન્મેન્ટ ગૅમ) તરીકે નોંધાઇ છે અને તેમાં લાઇવ (સીધો જોઇ શકાય એવા) ડ્રૉ દ્વારા ઘણાં ખેલાડી એકસાથે રમી શકે છે.

નોએડા પોલીસને આ ઍપ્લિકેશનનો દુરુપયોગ ઇ-ચાલાનને લગતા સાયબર કૌભાંડમાં કરાયો હોવાની ફરિયાદ પણ મળી હતી.

ઍડિશનલ ડીસીપી (સાયબર) શાવ્યા ગોયલે જણાવ્યું હતું કે આ ઍપ દ્વારા વપરાશકારોને એસએમએસ કરવાનું કહીને ઝડપથી નાણાં કમાવાની લાલચ અપાતી હતી અને તેનો દુરુપયોગ સાયબર કૌભાંડને લગતી પ્રવૃત્તિમાં થતો હતો. સરકારે જે ચાર ટૅલિગ્રામ ચૅનલ બ્લૉક કરી છે, તેના અંદાજે ૧.૫૩ લાખ વપરાશકાર છે. (એજન્સી) ■

### ફૅડની કમાન

થાય છે. ટ્રમ્પે ૨૦૧૭માં ફૅડનું નેતૃત્વ કરવા માટે પોવેલની પસંદગી કરી હતી, પરંતુ તેમણે ચાલુ વર્ષે વ્યાજદરમાં કાપ નહિ મૂકતા તેમની સાથે મતભેદ ઊભા થયા હોવાનું કહેવાય છે.

'ફૅડ ચૅર'ની નિમણૂક માટે સેનેટની મંજૂરી જરૂરી છે.

કેવિન વૉર્શ ૨૦૦૬થી ૨૦૧૧ ફૅડ બૉર્ડના સભ્ય હતા. તેઓ ૩૫ વર્ષના હતા ત્યારે તેઓ ઇતિહાસમાંના સૌથી નાની વયના ગવર્નર બન્યા હતા. તેઓ હાલમાં રાઇટ-લર્નિંગ હુવર ઇન્સ્ટિટ્યૂશનના ફૅલો અને સ્ટેનફૉર્ડ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ બિઝનેસના લૅક્ચરર છે.

કેવિન વૉર્શ સામાન્ય રીતે ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે ઊંચો વ્યાજદર રાખવાના હિમાયતી હોવાથી રિપબ્લિકન પ્રમુખ તેમને આ હોદ્દા માટે પસંદ કરે એવી શક્યતા ઓછી જણાતી હતી.

ટ્રમ્પ કી રૅટ એક ટકાથી ઓછો રાખવા માગે છે, પરંતુ હાલમાં તે અંદાજે ૩.૬ ટકા જેટલો છે. (એજન્સી) ■

### વિદ્યાર્થિનીઓ માટે

જણાવ્યું હતું કે છોકરીઓ માટે અલગ ટૉઇલેટ્સ અને માસિકસ્રાવ વખતની સુવિધા નહિ રાખવાની બાબતને શિક્ષણમાં છોકરીઓને 'પ્રાઇવસી (અંગત સુવિધા) અને સમાનતા'થી વંચિત રાખવા સમાન ગણાય.

બૅન્ચે જણાવ્યું હતું કે માસિકસ્રાવ વખતે આરોગ્યપ્રદ સુવિધા આપવાની બાબત ચેરિટી (ધર્માદા) કે મુનસફી ગણવી ન જોઇએ. છોકરીઓ માટેની આ સુવિધા બંધારણમાં અપાયેલો મૂળભૂત અધિકાર છે.

તેણે સરકારની આર્થિક સહાય મેળવતી શાળાઓમાં ધોરણ છથી બાર સુધીની વિદ્યાર્થિનીઓ માટે મફત સૅનિટરી પૅડ્સ અને અલગ ટૉઇલેટ્સ રાખવાનો સરકારને આદેશ આપ્યો હતો.

બૅન્ચે ખાનગી અને સરકારી બધી શાળામાં પૂરતી સંખ્યામાં સાફ ટૉઇલેટ્સ, સૅનિટરી નેપકિન્સ, પાણી, હાથ ધોવાના સાબુ અને બધી વિદ્યાર્થિનીઓ માટે બદલી શકાય એવા ગણવેશ રાખવાનો આદેશ આપ્યો હતો.

બૅન્ચે શાળાઓની વિદ્યાર્થિનીઓની સમાનતા, સન્માન, પ્રાઇવસી અને શિક્ષણને લગતી પ્રશ્નાવલિ તૈયાર કરી હતી અને જણાવ્યું હતું કે વિદ્યાર્થિનીઓ માટે અલગ ટૉઇલેટ્સ નહિ રાખવાથી અને મેન્સ્ટ્રુઅલ હાઇજીન પ્રૉડક્ટ્સ નહિ આપવાથી તેઓને બંધારણની કલમ ૧૪ હેઠળ મળેલા સમાનતાના અધિકાર, બંધારણની કલમ ૨૧ હેઠળ મળેલા સન્માનભેર જીવવાના હક, ફરજિયાત શિક્ષણ માટેના કાયદાની કલમ ૨૧એ અને મુક્ત તેમ જ ફરજિયાત શિક્ષણનો અધિકાર આપતા ૨૦૦૯ના કાયદાની જોગવાઇનો ભંગ કરે છે.

બૅન્ચે જણાવ્યું હતું કે મેન્સ્ટ્રુઅલ હાઇજીન મેનેજમેન્ટનો જ્યાં અભાવ હોય છે, ત્યાં છોકરીઓનું સન્માન નથી જળવાતું અને સ્પર્ધા માટેની સમાન તક પૂરી નથી પાડવામાં આવતી.

તેણે વિદ્યાર્થિનીઓને શાળાઓમાં, ખાસ કરીને ટૉઇલેટ્સમાં જ સૅનિટરી નેપકિન વેન્ડિંગ મશીન દ્વારા કે અન્ય રીતે અને 'અન્ય કોઇ' જલદી જોઇ ન શકે એવા સ્થળે પૂરા પાડવા દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે શાળાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પણ ટૉઇલેટ્સની ખાસ સુવિધા ઊભી કરવાનો હુકમ કર્યો હતો. (એજન્સી) ■

### સોનાચાંદીમાં તેજીનો

રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહ્યું હતું, જ્યારે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકોની વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ માગ શાંત હતી. વધુમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૯૫૦૭ રૂપિયા ઘટાડા સાથે ૧,૬૫,૧૩૧ રૂપિયા અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૯૫૪૫ રૂપિયા ઘટીને ૧,૬૫,૭૯૫ રૂપિયાના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વધુ ભાવઘટાડાના આશાવાદે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પાંખી રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

દરમિયાન ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરની સપાટીની અંદર ઉતરીને ૪૯૫૭.૫૪ ડૉલર સુધી ઘટીને પાછા ફર્યા હતા. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે પાંચ ટકા ઘટીને ઔંસદીઠ ૫૧૨૪.૩૭ ડૉલર આસપાસ અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૩.૯ ટકા ઘટીને ૫૧૧૮.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલે ન્યૂયોર્ક ખાતે ઘટીને ઔંસદીઠ ૧૦૦ ડૉલરની અંદર ઉતરીને ૯૫.૭૯ ડૉલર સુધી ઘટીને પાછા ફર્યા હતા તે આજે ગઈકાલના બંધ સામે ૧૧.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૧૦૨.૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ફેડરલ રિઝર્વના નવા અધ્યક્ષ તરીકે કેવિન વૉર્શની નિયુક્તિ કરશે અને તેઓ અન્ય ઉમેદવાર કરતાં વધુ તંગ નાણાનીતિ અપનાવે તેવા હોવાની શક્યતાએ કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું કેપિટલ ઈકોનોમિક્સનાં વિશ્લેષક હમાદ હુસેને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે તંગ નાણાનીતિના આશાવાદને ધ્યાનમાં લેતા આજે ડૉલર ઈન્ડેક્સમાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

એકંદરે આજે સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હોવા છતાં વર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૬માં સોનાના વૈશ્વિક સરેરાશ ભાવ ઔંસદીઠ ૫૩૭૫ ડૉલર આસપાસ રહેશે અને ચોથા ત્રિમાસિકગાળામાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૬૪૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા અગ્રણી વિશ્લેષક રોસ નોર્મને વ્યક્ત કરતાં ચાંદીની તેજીને સટ્ટાકીય તેજી લેખાવી હતી. ■

### ટ્રમ્પની અરજ

વિનંતી કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે યુક્રેનમાં ભારે ઠંડીને કારણે અપીલ કરી હતી. જેનો ખુલાસો તેમણે ગુરુવારે વાઇટ હાઉસ ખાતે કેબિનેટની બેઠક દરમિયાન કર્યો હતો. તેનાથી વિપરીત ક્રેમલિને કહ્યું હતું કે આ પગલું વાટાઘાટોને સરળ બનાવવા માટે હતું.ટ્રમ્પે કહ્યું હતું કે, મેં વ્યક્તિગત રીતે પુતિનને કીવ અને વિવિધ શહેરોમાં એક અઠવાડિયા માટે હુમલાઓ ન કરવા કહ્યું છે. ત્યાં ખૂબ ઠંડી પડી રહી છે. રશિયાએ આ અપીલી વાત કરતી વખતે ઠંડીનો ઉલ્લેખ કર્યો નહોતો પરંતુ તેના બદલે તેને વાટાઘાટોને ટેકો આપવાના પગલા તરીકે રજૂ કર્યું હતું કારણ કે અમેરિકા બે પડોશીઓ વચ્ચે લગભગ ચાર વર્ષના યુદ્ધનો અંત લાવવા માટે દબાણ કરી રહ્યું છે.

યુક્રેનના ઊર્જા માળખા પર રશિયાના સતત હુમલાઓને કારણે કીવમાં હજારો રહેવાસીઓ અસામાન્ય રીતે કાતિલ શિયાળા દરમિયાન હીટિંગ વિના રહેવા મજબૂર બન્યા છે. યુક્રેનની હવામાન એજન્સીએ ચેતવણી આપી છે કે પહેલી ફેબ્રુઆરી પછી ઠંડી વધવાની સંભાવના છે. આગામી દિવસોમાં કીવમાં તાપમાન માઇનસ ૩૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું જવાની આગાહી કરવામાં આવી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ટ્રમ્પની જાહેરાતનું સ્વાગત કરતા કહ્યું કે યુક્રેન કોઈપણ સંયમનો બદલો લેશે. જો રશિયા અમારી ઊર્જા માળખાગત સુવિધાઓ અથવા અન્ય કોઈપણ ઉર્જા સંપત્તિ પર હુમલો નહીં કરે તો અમે તેમના પર હુમલો કરીશું નહીં, યુક્રેનિયન વાયુસેનાના અધિકારીઓએ જણાવ્યું હતું કે રશિયન દળોએ રાતોરાત યુક્રેન પર ડઝનેક ડ્રોન અને એક મિસાઇલ છોડ્યા હતા. યુક્રેનિયન પોલીસે એમ પણ કહ્યું કે તેમને શુક્રવારે થોડા કલાકોમાં ૨,૦૦૦થી વધુ બોમ્બની ધમકીઓ મળી હતી. ■

# બરોડા ડેરી ચૂંટણી વિલંબ મુદ્દે હાઈ કોર્ટ આકરાં પાણીએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બરોડા ડેરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં થઈ રહેલા વિલંબને લઈને ગુજરાત હાઇ કોર્ટે રાજ્ય સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓ સામે લાલ આંખ કરી હતી. હાઈ કોર્ટે એક કન્ટેમ્પ્ટ પિટિશનની સુનાવણી દરમિયાન, સહકારી મંડળીઓની મુદત પૂરી થવાના ૯૦ દિવસ પહેલાં ચૂંટણી યોજવાના કોર્ટના અગાઉના આદેશનું પાલન ન કરવા બદલ અધિકારીઓને સખત ઠપકો આપ્યો હતો. હાઇ કોર્ટે કડક ચેતવણી ઉચ્ચારી હતી કે કસૂરવાર અધિકારીઓ સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ હેઠળ આરોપો ઘડવામાં આવશે. કોર્ટની કાર્યવાહીથી બચવાના પ્રયાસરૂપે રાજ્ય સરકારે બુધવારે તાત્કાલિક એક જાહેરનામું બહાર પાડીને તમામ સહકારી મંડળીઓની મુદત છ મહિના સુધી લંબાવી દીધી હતી. જોકે, હાઇકોર્ટે સરકારના આ પગલાંને કાયદાકીય પરિણામોથી બચવાની એક યુક્તિ ગણાવી સ્પષ્ટ કર્યું હતું કે આવા વહીવટી આદેશોથી ભૂતકાળની બેદરકારી માફ થઈ જતી નથી. ખંડપીઠે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર સામાન્ય પરિપત્ર દ્વારા કોર્ટના ચોક્કસ આદેશ પર પાણી ફેરવી શકે નહીં; સમયમર્યાદામાં ફેરફાર કરવા માટે માત્ર એક્ઝિક્યુટિવ નોટિફિકેશન પૂરતું નથી, તેના માટે કાયદાકીય સુધારા અનિવાર્ય છે.

# ગોંડલ-આટકોટ હાઈવે પર ગમખ્વાર અકસ્માત, બે મહિલા સહિત ત્રણ શિક્ષક જીવતા ભુંજાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના ગોંડલ-આટકોટ હાઈવે પર ૩૦ જાન્યુઆરી વહેલી સવારે એક અત્યંત ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. મોટા માંડવા અને મોટા દડવા ગામની વચ્ચે એક કાર પુલ નીચે ખાબક્યા બાદ એમાં લાગેલી ભીષણ આગમાં બે મહિલા સહિત ત્રણ શિક્ષક જીવતા ભુંજાયાં હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાં સવાર લોકોને બચવાની એક તક પણ મળી ન હતી. છોટાઉદેપુરથી ગોંડલ તરફ પૂરઝડપે જઈ રહેલી કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રોડ પરથી નીચે ઊતરી આઠ ફૂટની ઊંચાઈએથી પુલ નીચે ઊંધી ખાબકી હતી. કાર ખાઈમાં ખાબકતાં જ ઈંધણ લીકેજ કે શોર્ટસર્કિટના કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. કાર પટકાવાને કારણે તેના દરવાજા જામ થઈ ગયા હતા, પરિણામે અંદર સવાર બે મહિલા સહિત ત્રણ શિક્ષક બહાર નીકળી શક્યા નહોતાં અને જોતજોતાંમાં કાર આગના ગોળામાં ફેરવાઈ ગઈ હતી.

મૃતકોની ઓળખ પ્રયાગકુમાર ગણપતસિંહ બારિયા, (ગૃપાચાર્ય, મોટી સઢલી પ્રાથમિક શાળા, છોટાઉદેપુર), આશાબેન સત્યપાલ ચૌધરી, (શિક્ષિકા, ગાંઠિયા પ્રાથમિક શાળા, છોટાઉદેપુર), નીતાબેન એન્થની પટેલ, (શિક્ષિકા, ગાંઠિયા પ્રાથમિક શાળા, છોટાઉદેપુર) તરીકે થઈ છે. ત્રણેય મૃતદેહને પોસ્ટમોર્ટમ અને ડીએનએ ટેસ્ટ માટે રાજકોટ ફોરેન્સિક લેબ (એફએસએલ) ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ગોંડલ નગરપાલિકાના ફાયર જવાનોની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી, પરંતુ ત્યાં સુધીમાં કારસવાર લોકો સંપૂર્ણ બળીને ભડથું થઈ ગયા હતા. કાર પડીકું વળી ગઈ હોવાથી સ્પેશિયલ રેસ્ક્યૂ ફાયર ફાઈટરની મદદથી હાઇડ્રોલિક અને સાદા કટર વડે ગાડીના દરવાજા કાપવામાં આવ્યા હતા. ભારે જહેમત બાદ અંદરથી હાડપિંજર બની ગયેલા ત્રણ મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. સળગેલી ગાડીની તપાસ દરમિયાન પોલીસને એક પર્સ મળ્યું હતું. આ પર્સમાં રહેલા દસ્તાવેજો અને ગાડીના ચેસિસ નંબરના આધારે મૃતકોની ઓળખ થઇ હતી.

# વડોદરાના કરજણ નજીક નેશનલ હાઈવે-૪૮ પર બસ અને ટ્રક વચ્ચે અકસ્માત, બેનાં મોત, ૧૦ લોકો ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લાના કરજણ નજીક નેશનલ હાઈવે-૪૮ પર ૩૦ જાન્યુઆરીના રોજ વહેલી સવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઔરંગાબાદથી અમદાવાદ તરફ આવતી જય ખોડિયાર ટ્રાવેલ્સની બસ કરજણ ધાવટ ચોકડી પાસેના બ્રિજ પર સાઇડમાં ઊભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. બાદમાં ફાયરને જાણ કરતાં તાત્કાલિક કરજણ ફાયર સ્ટેશનની ટીમે ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધર્યું હતું. આ અકસ્માતમાં બે લોકોનાં મોત અને ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પાંચથી વધુ લોકોને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ગમખ્વાર અકસ્માતના પગલે મોતને ભેટેલા લોકોની ઓળખ હિંમતભાઈ સુખાભાઈ દેવીપૂજક (ઉંમર વર્ષ ૫૦, રહે. લીલાપુર ગામ, જસદણ, રાજકોટ), મોહમ્મદ રફીક શેખ (ઉંમર વર્ષ ૩૯, રહે. રોનકપાર્ક ડુપ્લેક્સ, શાહઆલમ, અમદાવાદ) તરીકે થઈ છે.

કરજણ ફાયર વિભાગની ટીમે દોઢ કલાકની ભારે જહેમત બાદ બસમાંથી લોકોને બહાર કાઢ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં ૧૦ લોકો ઘાયલ થયા હતા, જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને તેમને સારવાર અપાઈ રહી છે. આ ભયાનક અકસ્માતને લઈ ફાયર, પોલીસ અને ૧૦૮ની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. કરજણ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં મૃતક અને ઇજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કંડલામાં દરરોજ ૧૫૦ ટન ઈ-મિથેનોલનું ઉત્પાદન થશે, કંડલા બંદર અને આસામ પેટ્રો કેમિકલ વચ્ચે કરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દરિયાઈ વ્યાપારને કારણે ઉત્પન થનારા, પર્યાવરણ માટે અત્યંત હાનિકારક એવા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કંડલાને ગ્રીન હાઈડ્રોજન હબ બનાવાઈ રહ્યું છે. ઈ-મિથેનોલના ઉત્પાદન માટે આસામ રાજ્યના ડિબ્રુગઢ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં આસામ પેટ્રો કેમિકલ અને દીનદયાલ પોર્ટ (કંડલા પોર્ટ) વચ્ચે કરાર થયા હતા.

શિપિંગ પ્રધાન સર્બાનંદ સોનોવાલ, આસામના મુખ્ય પ્રધાન હેમંત બિસ્વા શર્માની ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં આ સમજૂતી ઉપર ડીપીએ ચેરમેન સુશીલકુમાર સિંઘ દ્વારા કરાર ઉપર હસ્તાક્ષર કરાયા હતા.

આ પ્રસંગે સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, આ ભાગીદારી સ્વચ્છ ઊર્જા, ગ્રીન શાપિંગ અને ટકાઉ આર્થિક વિકાસ માટેના ભારતના લાંબા ગાળાનાં વિઝન સાથે જોડાયેલી વ્યૂહાત્મક રાષ્ટ્રીય પહેલનું પ્રતિનિધિત્વ કરે છે. આ એમઓયુ માત્ર વ્યાપારી ભાગીદારી નથી, પરંતુ સ્વચ્છ ઊર્જા, ગ્રીન શાપિંગ અને ટકાઉ આર્થિક વિકાસ માટેના ભારતના દૃષ્ટિકોણ સાથેની પહેલ છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ ભારતના સમુદ્રી વ્યાપારમાં શૂન્ય કાર્બન ઉત્સર્જનની દિશામાં એક મુખ્ય પગલું હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, પંડિત દીનદયાલ પોર્ટ કંડલાએ બંદર પર અગાઉથી જ પાઇપલાઇન્સ, સ્ટોરેજ સિસ્ટમ્સ અને ઇંધણ-હેન્ડલિંગ માટેની માળખાકીય સુવિધા વિકસાવી લીધી છે, ત્યારે એ.પી.સી.એલ. બંદર પર ગ્રીન મિથેનોલ ઉત્પાદન સ્થાપિત કરવા માટે તેની તકનીકનો ઉપયોગ કરવામાં આવશે અને કંડલા બંદરે હરિત ઈંધણનું ઉત્પાદન થશે. આ પ્લાન્ટ અંતર્ગત પ્રતિદિન ૧૫૦ ટન ઈ-મિથેનોલ ઉત્પાદન કરાશે. હાલમાં પ્રતિદિન ૫૦ ટન ઉત્પાદન કરાશે, જ્યારે ભવિષ્યમાં ૧૫૦ ટન સુધી ઉત્પાદન પહોંચાડાશે. આ પ્રકલ્પ અંતર્ગત રૂ. ૧૨૦૦ કરોડથી વધુનું મૂડીરોકાણ કરાશે, અંદાજે ૩૫૦૦ જેટલા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

આ પ્રકલ્પ કાર્યરત થયા બાદ ભારતનાં બંદરો ઉપર આવતાં જહાજોને શૂન્ય કાર્બન, પર્યાવરણ અનુકુળ ઈંધણ વિતરણ કરવામાં સક્ષમ બનશે. ઈ-મિથેનોલ ઉત્પાદનથી વધુ ઊંડા સમુદ્રમાં જતાં જહાજો કંડલા બંદર ઉપર આવશે. ઈંધણ પુરાવવા આવતાં જહાજો કાર્ગો પણ લાવશે, જેથી પોર્ટની કાર્ગો હેન્ડલિંગની ક્ષમતામાં પણ વધારો થશે તેવો આશાવાદ આ સમારોહ દરમ્યાન વ્યક્ત કરાયો હતો. ડીપીએ અને એપીસીએલ વચ્ચેની ભાગીદારી ભારતના શૂન્ય કાર્બન ઉત્સર્જનનાં લક્ષ્ય તરફનું એક પરિવર્તનશીલ પગલું છે.

# બૉમ્બની ધમકીથી કુવૈત-દિલ્હી ફ્લાઈટનું અમદાવાદમાં ઇમર્જન્સી લેન્ડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કુવૈતથી દિલ્હી જઈ રહેલી ઇન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર તેનું ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. વિમાનમાં એક ટિશ્યુ પેપર મળી આવ્યું હતું, જેમાં વિમાનને હાઈજેક કરવાની અને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી લખેલી હતી.

આ મેસેજ મળતા જ એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓ કાર્યરત થઈ ગઈ હતી અને વિમાનને તાત્કાલિક સુરક્ષિત જગ્યાએ ખસેડી તમામ ૧૮૦ મુસાફરો અને તેમના સામાનનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. એરપોર્ટ પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.ડી. નકુમે જણાવ્યું હતું કે, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા વિમાનનું સંપૂર્ણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સદનસીબે, તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી.

# તમામ રામસર સાઈટ-ઈકો સેન્સિટીવ ઝોનમાં પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકોઃ હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે રાજ્યમાં આવેલી તમામ રામસર સાઈટ અને ઈકો સેન્સિટીવ ઝોનમાં પર્યટકો દ્વારા પ્લાસ્ટિકનો કચરો ફેંકવામાં આવતા આકરૂ વલણ અખત્યાર કર્યું છે. હાઈ કોર્ટે પ્લાસ્ટિક કચરાથી થતા નુકસાનને રોકવા માટે રાજ્ય સરકારને પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાના નિર્દેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટના નિર્દેશોને આધારે ગુજરાત હાઈ કોર્ટમાં સુઓ મોટો અરજી લેવામાં આવી હતી. આ અરજી રામસર સાઈટ અને વેટલેન્ડની જાળવણીને લગતી હતી. કોર્ટ મિત્રે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮માં હાઇ કોર્ટમાં આ મુદ્દે સુઓ મોટો અરજી લેવામાં આવી હતી. તે નળ સરોવર રામસર સાઈડને લગતી હતી. સુપ્રીમ કોર્ટે દેશના વિભિન્ન સ્થળોએ આવેલ રામસર સાઈટની જાળવણીને લઈને એક વિસ્તૃત હુકમ આપ્યો છે. જે મુજબ ભારતની દરેક રામસર સાઈટની યોગ્ય જાળવણી થઈ રહી છે કે કેમ ? તે અંગે જે તે વિસ્તારની હાઈ કોર્ટ સુઓ મોટો અરજી લેશે.

સુપ્રીમ કોર્ટના આ વિસ્તૃત હુકમમાં દેશની રામસર સાઇડનું લિસ્ટ આપવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના નળ સરોવર, વઢવાણ, થોળ અને ખીજડીયા રામસર સાઇડનો સમાવેશ થાય છે. નડા બેટ ભારતનું સૌથી મોટું વેટ લેન્ડ છે, જે ભારત અને પાકિસ્તાન બંનેમાં વિસ્તૃત છે. કોર્ટે કહ્યું હતું કે, બોટિંગને લઈને જે નવા નિયમો રાજ્ય સરકારે બનાવ્યા છે, તેમાં નળ સરોવરનો અહેવાલ પણ આવ્યો છે, ત્યાં બધું બરોબર છે. ખીજડીયા રામસર સાઇટની ચીફ જજે મુલાકાત લીધી હતી તે પણ બરોબર છે.

કોર્ટ મિત્રે અગાઉ નળ સરોવરની મુલાકાત લીધી હતી. કોર્ટે કોર્ટ મિત્રને આ તમામ રામસર સાઈટ અને નડાબેટ વેટલેન્ડ ઉપર જઈને ચેક કરીને રિપોર્ટ આપવા હુકમ કર્યો હતો. વર્ષ ૨૦૧૦માં ઈસરોએ ભારતની રામસર સાઈટનો મેપ તૈયાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈ કોર્ટને રામસર સાઈટ અંગે સુનવણી હાથ ધરીને અહેવાલ આપવા ત્રણ મહિનાનો સમય આપ્યો છે. કોર્ટ મિત્રએ વેટ લેન્ડને સિંચાઇના પાણીથી ભરાતો હોવાના મીડિયા અહેવાલ અંગે જણાવ્યું હતું. જેથી, વેટ લેન્ડની બાયો ડાઈવર્સિટીને નુકસાન થતું હોવાનું જણાવ્યું હતું. જોકે, કોર્ટે મીડિયા રિપોર્ટ અવગણીને લોકલ અધિકારીઓ અને લોકો સાથે વાત કરી અહેવાલ માગ્યો હતો.

# સાબરમતી-જોધપુર વંદે ભારત સહિત ત્રણ ટ્રેનના સમયમાં ફેરફાર

અમદાવાદઃ પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળની ત્રણ મહત્ત્વની ટ્રેનના સમયપત્રકમાં આંશિક ફેરફાર કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ પરિવર્તન આગામી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬થી અમલમાં આવશે. આ ફેરફાર અંતર્ગત સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ (૧૨૪૬૨) હવે સાબરમતીથી ૧૬:૪૫ને બદલે ૧૬:૫૫ વાગ્યે ઉપડશે અને મહેસાણા ૧૭:૩૮ વાગ્યે પહોંચશે. તેવી જ રીતે, સાબરમતીથી આગ્રા કેન્ટ અને ગ્વાલિયર જતી એક્સપ્રેસ ટ્રેનો પણ હવે નિર્ધારિત સમય કરતાં પાંચ મિનિટ મોડી એટલે કે ૧૭:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે. આ ઉપરાંત, સાબરમતી-મહેસાણા ડેમુ (૭૯૪૩૧) ટ્રેનના સમયમાં પણ ફેરફાર કરાયો છે, જે હવે સાબરમતીથી ૧૭:૧૦ વાગ્યે રવાના થશે. આ ડેમુ ટ્રેન માર્ગમાં આવતા ચાંદખેડા, ખોડિયાર, કલોલ, ડાંગરવા અને આંબલિયાસણ સહિતના તમામ સ્ટેશનો પર સુધારેલા સમય મુજબ રોકાણ કરીને સાંજે ૧૮:૨૮ વાગ્યે મહેસાણા પહોંચશે.

# વડોદરાના ગોરવામાં પાણીની સમસ્યાથી લોકોમાં રોષ, ધારાસભ્ય-ડે. મેયરના ફોટો પર માટલાં ફોડ્યાં

અમદાવાદઃ વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં પાણીની સમસ્યાને પગલે રહીશો આક્રમક બન્યા છે. ગોરવા વિસ્તારમાં આવેલા વોર્ડ નં ૧૧માં આવેલી શિવશક્તિ સોસાયટીમાં પીવાના પાણીની સમસ્યાથી ત્રાસેલા સ્થાનિકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સ્થાનિકોએ ધારાસભ્ય કેયુર રોકડિયા અને ડેપ્યુટી મેયર ચિરાગ બારોટના ફોટો પર ગંદું પાણી રેડી માટલા ફોડ્યા હતા. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગંદુ પીવાનું પાણી આવી રહ્યું છે. જેથી સ્થાનિકોમાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે.

# બોગસ બિલિંગ કૌભાંડમાં અમદાવાદ ગુજરાતમાં મોખરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જીએસટી ચોરીના કિસ્સા વધ્યા છે. રાજ્યમાં નકલી જીએસટી બિલિંગ અને બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટના મામલા સતત બહાર આવતા રહે છે. તેમાં પણ અમદાવાદ આ બાબતે મોખરે રહ્યું છે. તપાસ એજન્સીઓ વારંવાર શેલ કંપનીઓ, ડમી ડાયરેક્ટર્સ અને માત્ર કાગળ પર થતાં વ્યવહારો દ્વારા આચરવામાં આવતા કૌભાંડનો પર્દાફાશ કરતી રહે છે. સ્ટેટ જીએસટી (એસજીએસટી) વિભાગ અને ડાયરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) દ્વારા ૨૦૧૯ થી ૨૦૨૬ ની શરૂઆત વચ્ચે કરવામાં આવેલી તપાસના આંકડા દર્શાવે છે કે, સમગ્ર ગુજરાતમાં હજારો કરોડના નકલી ઇન્વોઇસ જનરેટ કરવામાં આવ્યા હતા, જેમાં અમદાવાદ સતત મોટા કેસોનું કેન્દ્ર રહ્યું છે.

દર વર્ષે બહાર આવેલા કૌભાંડો પર એક નજર કરીએ તો વર્ષ ૨૦૧૯માં વડોદરા સ્થિત ૬૬ ડમી કંપનીઓનું નેટવર્ક ઝડપાયું હતું. જેમણે આશરે ₹૧,૨૧૦ કરોડના નકલી બિલ બનાવી ₹૧૭૭ કરોડની બોગસ આઈટીસી મેળવી હતી. આ જ વર્ષે ભાવનગરમાં ₹૧,૩૨૪ કરોડનું બિલિંગ કૌભાંડ અને સુરતમાં ₹૪૨ કરોડનું કૌભાંડ પણ સામે આવ્યું હતું. ૨૦૨૦-૨૧: સીજીએસટી અધિકારીઓએ હિંમતનગર, પાટણ અને ગાંધીનગરમાં કાર્યરત શેલ કંપનીઓ સાથે જોડાયેલા ₹૧૭૩ કરોડના નકલી આઈટીસી દાવાઓ શોધી કાઢ્યા હતા, જે દર્શાવે છે કે આ છેતરપિંડી મોટા શહેરોની બહાર પણ ફેલાઈ રહી હતી.

૨૦૨૧-૨૨: ડીજીજીઆઈએ અમદાવાદ અને જામનગરમાં ફેલાયેલા એક વિશાળ નેટવર્કનો પર્દાફાશ કર્યો, જેમાં ₹૧,૪૦૩ કરોડના નકલી બિલ અને ₹૨૫૨ કરોડની છેતરપિંડી સામેલ હતી. તે જ સમયે, અમદાવાદમાં પોલીસે ₹૨,૪૩૫ કરોડના નકલી ઇન્વોઇસનું બીજું કૌભાંડ પકડ્યું હતું.

૨૦૨૨-૨૩: આધાર-લિંક્ડ જીએસટી ફ્રોડની દેશવ્યાપી તપાસમાં જાણવા મળ્યું કે આવા કેસોમાં લગભગ ૨૫ ટકા કનેક્શન ગુજરાત સાથે હતા. રાજ્યમાં ૨,૭૦૦ થી વધુ શંકાસ્પદ જીએસટી રજિસ્ટ્રેશન મળી આવ્યા હતા. ૨૦૨૩-૨૪: એસજીએસટી અધિકારીઓએ ₹૬,૦૩૦ કરોડના બોગસ ઇન્વોઇસ શોધી કાઢ્યા હતા, જેના કારણે અંદાજે ₹૯૧૦ કરોડની ટેક્સ ચોરી થઈ હતી. તપાસ હેઠળની ૨૮૨ કંપનીઓમાંથી ૮૪ કંપનીઓ અમદાવાદમાં નોંધાયેલી હતી. જે ગુજરાતના કોઈપણ શહેર કરતા સૌથી વધુ છે.

વર્ષ ૨૦૨૪ ના અંતમાં અમદાવાદમાં ₹૨૦૦ કરોડના બોગસ આઈટીસી ફ્રોડ બદલ ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૨૬ ની શરૂઆતમાં, શહેરના એક ફાર્માસ્યુટિકલ જૂથ દ્વારા ₹૨૦.૬૮ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ઓક્ટોબર ૨૦૨૫માં, જામનગર સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ચલાવવામાં આવતા ₹૫૬૦ કરોડના નકલી બિલિંગ રેકેટનો પણ પર્દાફાશ થયો હતો.

આ અંગે એસજીએસટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, નકલી જીએસટી બિલિંગ નેટવર્ક સામાન્ય રીતે ડમી ઓળખ, નકલી સરનામાં અને આધાર વિગતોનો દુરુપયોગ કરીને કંપનીઓની નોંધણી કરે છે. તેઓ માલના વાસ્તવિક સપ્લાય વિના ઇન્વોઇસ ઇશ્યૂ કરે છે, અને બોગસ ઈઝઈ કાં તો કમિશન માટે વેચવામાં આવે છે અથવા ટેક્સ જવાબદારી ઘટાડવા માટે વપરાય છે.

# અંબાજીમાં ‘૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬’નો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પવિત્ર યાત્રાધામ તથા આદ્ય શક્તિપીઠ અંબાજી ખાતે ગુજરાત સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રણ દિવસીય ‘૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬’નો વન અને પર્યાવરણ રાજ્યપ્રધાન પ્રવીણ માળીની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. આ પ્રસંગે પ્રવીણ માળીએ જગતજનની મા અંબાના દર્શન અને પૂજન કરી રાજ્યની જનતાની સુખાકારી, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ પરંપરાગત પાલખી યાત્રા અને પવિત્ર જ્યોત યાત્રાને લીલી ઝંડી આપી વિધિવત રીતે પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્યપ્રધાન પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી તાકાત તેની આધ્યાત્મિક શક્તિમાં રહેલી છે. શ્રદ્ધા અને પ્રાર્થના માનવીના જીવનને નવી દિશા અને નવી ઊર્જા આપે છે. જીવનમાં મુશ્કેલીઓ અને પડકારો આવે ત્યારે ભક્તિ, સ્તુતિ અને આરાધનાનો માર્ગ માનસિક શાંતિ અને આત્મબળ પૂરું પાડે છે.

મંત્રીએ પોતાના વિદેશ પ્રવાસના અનુભવો અંગે જણાવ્યું હતું કે, અનેક વિકસિત દેશોમાં સુખ-સુવિધાઓ હોવા છતાં આધ્યાત્મિકતાના અભાવે માનસિક તણાવ અને આત્મહત્યાના કિસ્સાઓ વધતા જાય છે, જ્યારે ભારત જેવી તપોભૂમિમાં જન્મ લેવો આપણું સૌભાગ્ય છે, જ્યાં માઁ અંબાના ચરણોમાં શરણાગતિ લેતા જ જીવનની અનેક મૂંઝવણોનો ઉકેલ પ્રાપ્ત થાય છે.

પ્રવીણ માળીએ આ શક્તિપીઠ પ્રોજેક્ટના ઈતિહાસ અંગે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૮માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરના ૫૧ શક્તિપીઠોના દર્શન એક જ સ્થળે ભક્તોને પ્રાપ્ત થાય તેવું પવિત્ર સ્વપ્ન સેવ્યું હતું, જે આજે સાકાર થતું જોવા મળે છે. ત્રિશુલિયા ઘાટ ખાતે સ્થાપિત થનાર ત્રિશૂલને તેમણે અત્યંત પુણ્યશાળી અને ધાર્મિક મહત્ત્વ ધરાવતું કાર્ય ગણાવ્યું હતું.

# પાલિતાણા ફોટોગ્રાફી વિવાદ બાદ પેઢીએ ૪૫ લાખનો કોન્ટ્રાક્ટ રદ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

પાલિતાણાઃ શત્રુંજય તીર્થ પર આદિનાથ દાદાના ગર્ભગૃહમાં ફોટોગ્રાફીને લઈને સર્જાયેલા વિવાદ મામલે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ મહત્ત્વની સ્પષ્ટતા કરી હતી. ગત ૨૭ જાન્યુઆરીના રોજ લખનઊની એક કંપની દ્વારા કરવામાં આવેલી ફોટોગ્રાફીને લઈ સોશ્યલ મીડિયામાં આક્ષેપો થયા હતા કે કોઈ વિધર્મી યુવકે મર્યાદાનો ભંગ કરીને કથિત રીતે શૂટિંગ કર્યું હતું. જોકે, પેઢીએ ખુલાસો કર્યો હતી કે ગભારામાં પ્રવેશનાર ફોટોગ્રાફર પુષ્યેન્દ્ર શર્મા નામનો બ્રાહ્મણ યુવક હતો, જેમણે વિધિવત સ્નાન કરી, પૂજાના વસ્ત્રો અને મુખકોષ ધારણ કરીને પેઢીની મંજૂરી સાથે જ કામગીરી કરી હતી. આ અંગેના તમામ સીસીટીવી ફૂટેજ પુરાવા તરીકે પેઢી પાસે સુરક્ષિત હોવાનું જણાવ્યું હતું.

પેઢીએ વધુમાં જણાવ્યું હતું કે, સોશ્યલ મીડિયામાં ફરતા ફોટાઓ એ.આઈ. જનરેટેડ છે અને તેની સાથે ફેલાવવામાં આવતા લખાણો સત્યથી તદ્દન વેગળા છે. મળતી વિગતો અનુસાર, ‘કુલમેન ક્રિએટીવ કોન્સેપ્ટ’ નામની કંપનીને ફોટોગ્રાફીનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો, પરંતુ આ ઘટનાને ખોટી રીતે રજૂ કરીને ભ્રામક પ્રચાર કરવામાં આવી રહ્યો હોવાનો દાવો પેઢીએ કર્યો હતો. કોઈએ પણ આવા મેસેજથી ગેરમાર્ગે દોરાવવું નહીં તેવી અપીલ કરવામાં આવી હતી. વિવાદને શાંત કરવા માટે પેઢીએ તમામ ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીનો ડેટા સંપૂર્ણપણે ડિલિટ કરી દીધો હતો અને આ પ્રોજેક્ટને કાયમી ધોરણે રદ કરવાની જાહેરાત કરી હતી.

# ગુજરાતનાં ૨૬૬૬ ગામને મળશે નવા પંચાયત ભવન

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૨૬૬૬ ગ્રામ પંચાયતો માટે પોતીકા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસના એક સાથે એક જ સ્થળેથી ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે,૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધીનો આપેલો સેચ્યુરેશન એપ્રોચ ગુજરાતમાં સાકાર કરવા આગામી દિવસોમાં રાજ્યની બધી જ ગ્રામ પંચાયતોને પોતીકા પંચાયત ઘર કમ તલાટી આવાસ આપવાનો મહત્ત્વકાંક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યના આ ૨૬૬૬ ગામોમાં કુલ રૂ. ૬૬૩ કરોડના ખર્ચે નિર્માણ થનારા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસને પરિણામે ગ્રામીણ નાગરિકોને સ્થાનિક સ્તરેથી જ સરકારી સેવાઓ સરળતાએ ઉપલબ્ધ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ‘મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના’નું રાજ્યવ્યાપી લોન્ચિંગ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, રાજ્યના ૧૧૪ તાલુકા મથકનાં એવાં ગામો જે તાલુકા મથક છે, પરંતુ નગરપાલિકા નથી તેને ‘મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના’ના પ્રથમ તબક્કામાં આવરી લઈને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાણી, સ્વચ્છતા, સોલાર સ્ટ્રીટ લાઈટ, ઈ-ગ્રામ, કોમ્યુનિટી હોલ સહિતની શહેરી સમકક્ષ આધુનિક સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, શહેરો પરનું ભારણ ઓછું થાય અને શહેરો જેવી જ સુવિધાઓ ગામોમાં મળે તેવા આશયથી આગામી સમયમાં રાજ્યમાં ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને ‘મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના’ અંતર્ગત આવરી લેવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે.

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં આરટીઈ હેઠળ પ્રવેશ માટે ફેબ્રુઆરીથી ફોર્મ ભરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ‘રાઈટ ટુ એજ્યુકેશન’ (આરટીઈ) હેઠળ પ્રવેશ માટે ફેબ્રુઆરી મહિનાથી ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. ભારત સરકારના આરટીઈઅધિનિયમ ૨૦૦૯ મુજબ, ૬ થી ૧૪ વર્ષની વયના દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો કાયદેસરનો અધિકાર છે. આ કાયદા હેઠળ, રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ માં ૨૫% બેઠકો આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના બાળકો માટે અનામત રાખવામાં આવે છે. આ બેઠકો પર પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ આઠ સુધી મફત શિક્ષણ આપવામાં આવે છે. આ યોજના હેઠળ પસંદગી પામેલા બાળકોને ધોરણ ૧ થી ધોરણ ૮ સુધીનું શિક્ષણ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવે છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા અભ્યાસના અન્ય ખર્ચ જેવા કે પગરખાં, પુસ્તકો, ગણવેશ અને પરિવહન માટે વાર્ષિક ૩,૦૦૦ રૂપિયાની સહાય સીધી વાલીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

# સુરતમાં વેસ્ટેજ કાપડના ગોડાઉનોમાં ભીષણ આગ, સાત કલાકે આગ કાબૂમાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના એકલેરા ચોકડી પાસે ૨૯ જાન્યુઆરી મોડી રાત્રે ભીષણ આગની ઘટના બનતા ખળભળાટ મચી ગયો હતો. અંદાજે ૩ વીઘા જેટલા વિશાળ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઊભા કરાયેલા વેસ્ટેજ કાપડ (ચીંદી)ના ગોડાઉનોમાં આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. જો કે ૭ કલાકે આગ કાબૂમાં આવી હતી. સબ ફાયર ઓફિસરે આ અંગે જણાવ્યું હતું કે, સુરતના ડીંડોલી અને ભેસ્તાન વચ્ચે એકલેરા ચોકડી નજીક આવેલા વેસ્ટેજ કાપડના ગોડાઉનમાં આગની ઘટના મોડી રાત્રે અંદાજે ત્રણ વાગ્યાની આસપાસ બની હતી. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા પાંચ કિલોમીટર દૂરથી પણ સ્પષ્ટ જોઈ શકાતા હતા. ઘટનાની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમો એક્શનમાં આવી હતી. ભેસ્તાન, ડિંડોલી અને સચિન જીઆઈડીસી સહિતના સ્ટેશનો પરથી ૫થી વધુ ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

છેલ્લા ૬ કલાકથી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરાતા અંદાજે ૫૦ ટકા જેટલા કાપડના જથ્થાને બચાવી લેવામાં સફળતા મળી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ફાયર વિભાગ દ્વારા આગ સંપૂર્ણપણે ઠાર્યા બાદ તપાસ હાથ ધરવામાં આવશે.

# ભાંડુપ કૉમ્પ્લેક્સમાં નવો ૨,૦૦૦ એમએલડીનો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ બનશે

### આગામી ત્રણ વર્ષમાં પશ્ચિમ ઉપનગર અને શહેરી વિસ્તારમાં પાણીપુરવઠો વધુ સક્ષમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાંડુપ કૉમ્પ્લેક્સમાં મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૨,૦૦૦ મિલ્યન લિટર પ્રતિ દિવસ (એમએલડી)નો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યો છે અને તે એપ્રિલ, ૨૦૨૯ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. આ પ્રોજેક્ટ ૪૬ વર્ષ જૂની હાલના જૂના વોટર ફિલ્ટરેશન પ્લાન્ટનું સ્થાન લેશે, જે પાણીના શુદ્ધિકરણની ક્ષમતામાં વધારો કરશે. એ સાથે જ મુંબઈના પશ્ચિમ ઉપનગર અને શહેરી વિસ્તારમાં વધી રહેલી પાણીને માગને પહોંચી વળવા વધુ ઉપયોગી સાબિત થશે. ભાંડુપ કૉમ્પ્લેક્સ ખાતે આવેલા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ એશિયાનો સૌથી મોટી પાણી શુદ્ધિકરણ સુવિધા તરીકે ઓળખાય છે,જેની કુલ ક્ષમતા ૨,૮૧૦ એમએલડી છે, જે બે યુનિટનો સમાવેશ થાય છે. હાલમાં અહીં લગભગ ૧,૯૧૦ એમએલડી અને ૯૦૦ એમએલડી પાણી પર પ્રતિદિન પ્રક્રિયા કરીને તેને શુદ્ધ કરવામાં આવે છે. વધતી માગને પહોંચી વળવા માટે ભાંડુપ કૉમ્પ્લેક્સની અંદર ૭.૪ હેકટરના સ્થળે ૨,૦૦૦ એમએલડીનો નવો પ્લાન્ટ નિર્માણધીન છે. શુક્રવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી અહીં સાઈટ પર કામનું નિરીક્ષણ કર્યું હતું અને કામની સમીક્ષા કરી હતી. પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે હાલમાં પ્રોજેક્ટ સાઈટ પર માટીનું પરીક્ષણ, ખોદકામ, સાઈટ બેરિકેડિંગ, પાવર લાઈનનું સ્થળાંતરણ અને વૃક્ષારોપણનું કામ ઝડપી બન્યું છે. સિવિલ બાંધકામની સાથે સાથે જ મેકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને ઈક્વિપમેન્ટ સંબધિત કામ એક સાથે કરવામાં આવી રહ્યા છે.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે શહેરના સતત વિકાસ, વધતી વસતી અને ઝડપી શહેરીકરણને ધ્યાનમાં રાખીને લાંબા ગાળે પાણી પુરવઠા સિસ્ટમનું આયોજન કરવું જરૂરી છે. નવી ટેક્નોલોજી અપનાવીને અને મજબૂત માળખાગત સુવિધાઓ સાથે પાલિકા મુંબઈના નાગરિકો માટે પાણીની માગણી અને પુરવઠા વચ્ચેના અંતરને દૂર કરવાના પ્રયાસ કરી રહી છે.

આ પ્રોજેક્ટમાં લગભગ ૧,૨૩૨ વૃક્ષો કાપવામાં આવવાના છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ભાંડુપ કૉમ્પ્લેક્સની અંદર ૪૩૮ વૃક્ષને ફરી વાવેતર કરવામાં આવવાનું છે. જયારે બાકીના ૮૩૫ વૃક્ષોની બદલામાં તાનસા તળાવ વિસ્તારમાં ૧૧,૪૪૩ નવા વૃક્ષનું વાવેતર કરવામાં આવશે.

નોંધનીય છે હાલ ભાંડુપ કૉમ્પ્લેક્સમાં રહેલો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ ૪૬ વર્ષ જૂનો છે. અહીં પાણીના શુદ્ધીકરણ માટે સિસ્ટમ છે, તેમાંથી એક સિસ્ટમમાં તાનસા-વૈતરણા સિસ્ટમ દ્વારા તાનસા, મોડક સાગર અને મિડલ વૈતરણા અને અપર વૈતરણા જળાશયમાંથી પાણી પાઈપલાઈનથી ગુરુત્વાકર્ષણને આધારે ભાંડુપ કૉમ્પ્લેક્સમાં લાવવામાં આવે છે. અહીં જૂના અને નવા ફિલ્ટરેશન પ્લાન્ટમાં પાણી પર શુદ્ધીકરણની પ્રક્રિયા કરવામાં આવે છે. દરરોજ અહીં લગભગ ૨,૬૦૦ મિલ્યન લિટર પાણી જુદા જુદા ઠેકાણે રહેલા સર્વિસ રિઝર્વિયર મારફત મુંબઈગરાના ઘર સુધી પહોંચાડવામાં આવે છે.

# પાલિકાના સફાઈ કર્મચારીઓને 300 ચોરસ ફૂટના ઘર મળશે

### ચેમ્બુરમાં બાંધવામાં આવશે ૫૮૦ ઘર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના ઘનકચરા વિભાગમાં કામ કરતા સફાઈ કર્મચારીઓ માટે આશ્રય યોજના હેઠળ ઘર આપવામાં આવવાના છે. ચેમ્બુરમાં પાલિકા દ્વારા ૫૮૦ ઘર બાંધવામાં આવવાના છે, જે ૩૦૦ ચોરસ ફૂટના હશે. પ્રીફૅબ્રિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને લાંબા સમય સુધી ટકી રહે તેવા ઘર બાંધવા માટે પાલિકા દ્વારા કૉન્ટ્રેક્ટર નીમવામાં આવવાનો છે.

ચેમ્બુર વિલેજમાં પી.એલ. લોખંડે રોડ પર આવેલા પ્લોટમાં આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવવાનો છે. ૩૦૦ ચોરસ ફૂટના ક્ષેત્રફળના ૫૮૦ ઘર બાંધવામાં આવવાના છે. આ પ્રોજેક્ટ માટે પાલિકા દ્વારા ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. મુંબઈ મહાનગરપાલિકામાં હાલ લગભગ ૨૮,૦૦૦ સફાઈ કર્મચારીઓ કામ કરે છે. આ કામગારો માટે પાલિકાના ક્વોટર્સમાં માત્ર છ હજાર ઘર છે. સફાઈનું કામ કરનારા મોટાભાગના લેબર ઝુંપડપટ્ટીમાં રહેતા હોવાથી તેમને માલિકીના ઘર આપવાની માગણી લાંબા સમયથી થઈ રહી હતી. તે માટે નીમવામાં આવેલા કમિશનર તરફથી ઘરની ભલામણ કરવામાં આવી હતી, જે રાજ્ય સરકાર અને પાલિકા તરફથી માન્ય કરવામાં આવી છે. પાલિકાની આશ્રય યોજના અંતર્ગત ચેમ્બુરમાં સફાઈ કર્મચારીઓ માટે ગૃહનિર્માણ પ્રોજેક્ટના બીજા તબક્કા માટે ઈ-ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રીફૅબ્રિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઝડપથી ગુણવત્તાસભર બાંધકામ કરવા માટે ટર્નકી પદ્ધતિએ કૉન્ટ્રેક્ટર નીમવામાં આવ્યો છે.

# ૪00 મીટરને અંતરે આવેલી હૉટેલ સુધી લઈ જવાના ૧૮,000 રૂપિયા!

### વિદેશી પર્યટકને છેતરીને નાણાં પડાવનારા ટૅક્સી ડ્રાઈવરની ધરપકડ

મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટથી માત્ર ૪૦૦ મીટરના અંતરે આવેલી હૉટેલમાં પહોંચાડવા માટે અમેરિકન પર્યટક પાસેથી અધધધ ૧૮,૦૦૦ રૂપિયા વસૂલનારા ટૅક્સી ડ્રાઈવરની પોલીસે ધરપકડ કરી હતી. મુંબઈના ટ્રાફિકમાં આવી મોંઘી સવારી અંગે પર્યટકે સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. સહાર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ દેશરાજ યાદવ (૫૦) તરીકે થઈ હતી. યાદવે અમેરિકાથી આવેલી મહિલા પર્યટકને પોતાની ટૅક્સીમાં બેસાડી ઍરપોર્ટ નજીકની ફાઈવ સ્ટાર હૉટેલમાં છોડી હતી.

મહિલાએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકી ટૅક્સી ડ્રાઈવરે કરાવેલી મોંઘી સવારીના અનુભવને શૅર કરતાં આ ઘટના પ્રકાશમાં આવી હતી.

હાલમાં જ મુંબઈ પહોંચ્યા પછી હિલ્ટન હૉટેલ્સ માટે ટૅક્સીમાં બેઠી હતી. ડ્રાઈવર અને તેનો સાથી અમને પહેલાં અજાણ્યા સ્થળે લઈ ગયા હતા. અમારી પાસેથી ભાડા પેટે ૨૦૦ ડૉલર (૧૮,૦૦૦ રૂપિયા) વસૂલીને પછી હૉટેલ છોડ્યા હતા. આ અંતર માત્ર ૪૦૦ મીટર જેટલું હતું. ટૅક્સી નંબર: એમએચ ૦૧ બીડી ૫૪૦૫, આવી પોસ્ટ આર્જેન્ટિના અરિયાનોએ એક્સ પર મૂકી હતી.

પોસ્ટ પર ધ્યાન જતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. જાતે જ ફરિયાદ નોંધીને પોલીસે ગણતરીના કલાકોમાં યાદવને પકડી પાડ્યો હતો. જોકે વિદેશી પર્યટકનો સંપર્ક થયો નહોતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીએ પર્યટકને અંધેરી પૂર્વમાં ૨૦ મિનિટ સુધી ટૅક્સીમાં ફેરવી હતી. પછી એ જ માર્ગે પાછા ફરી હૉટેલમાં છોડી હતી, જ્યાં તેણે આટલી મોટી રકમ વસૂલી હતી.

પોલીસ યાદવના સાથીની શોધ ચલાવી રહી છે. આ પ્રકરણે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. પોલીસે યાદવનું લાઈસન્સ કૅન્સલ કરાવવાની પ્રક્રિયા હાથ ધરી હતી. (પીટીઆઈ)

# નાગપાડામાં બે જૂથ વચ્ચે અથડામણઃ પાંચ જણ ઘાયલ

મુંબઈ: દક્ષિણ મુંબઈના નાગપાડા વિસ્તારમાં ગુરુવારે રાતના વિવાદ બાદ બે જૂથ વચ્ચે અથડામણ થઇ હતી, જેમાં પાંચ લોકો ઘાયલ થયા હતા. આ અથડામણને કારણે વિસ્તારમાં વાતાવરણ તંગ બનતાં ત્યાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને ૧૩ જણને તાબામાં લીધા હતા. નાગપાડામાં ગુરુવારે રાતે નાણાકીય વિવાદને લઇ બે જૂથ સામસામે આવી ગયા હતા અને બાદમાં તેમની વચ્ચે અથડામણ થઇ હતી. બંને જૂથના લોકોએ એકબીજા પર શસ્ત્રો અને લાઠીથી હુમલો કર્યો હતો, જેમાં પાંચ લોકો ઘાયલ થયા હતા. દરમિયાન બનાવની જાણ થતાં નાગપાડા પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. અથડામણમાં ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોઇ એક જણની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

# ડોંબિવલીમાં વર્ષભરમાં 300 વાહનમાલિકો પાસેથી નવ લાખનો દંડ વસૂલાયો

થાણે: છેલ્લા એક વર્ષમાં કલ્યાણ, ડોંબિવલી, અંબરનાથ, ઉલ્હાસનગર વિસ્તારમાં ૩૦૦ જેટલા વાહનમાલિકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી, જેઓ આરટીઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવ્યા વિના અને વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં લીધા વિના તેમને વાહનોમાં લઇ જઇ રહ્યા હતા. આ વાહનમલિકો પાસેથી ૯.૨૩ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો, એવી માહિતી આરટીઓના અધિકારીએ આપી હતી.

આરટીઓ પાસેથી જરૂરી પરવાનગી લઇને અને વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને તેમને બસ, રિક્ષા કે અન્ય વાહનોમાં લઇ જવામાં આવી રહ્યા છે કે નહીં તે જાણવા માટે નિયમિત તપાસ કરવામાં આવે છે. તપાસ દરમિયાન કોઇ જોખમ કે ભૂલ જોવા મળે તો વાહનમાલિકો અને શાળાના સંચાલકો સામે કાર્યવાહી કે દંડનો પ્રસ્તાવ છે.

ગયા વર્ષે ઉલ્હાસનગર, ડોંબિવલી, કલ્યાણ તેમ જ અંબરનાથ વિસ્તારમાં શાળાના વિદ્યાર્થીઓની ઓચિંતી તપાસ કરવામાં આવી હતી.

### મહાયુતિનો મેયરપદ માટે ફોર્મ્યુલા નક્કી થઈ ગયો

# બીએમસી ભાજપ પાસે જશે, થાણે, કેડીએમસી, ઉલ્હાસનગરમાં શિવસેના મોટો ભાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણે, કલ્યાણ-ડોમ્બિવલી અને ઉલ્હાસનગરમાં મેયર પદ માટે વાટાઘાટો ચાલી રહી હતી. તે વાટાઘાટોનો આખરે અંત આવ્યો છે. મહાયુતિમાં આખરે આ બાબતે સમાધાન સધાયું છે. મુંબઈ માટે ત્રણેય મેયર પદ શિવસેના એટલે કે શિંદે જૂથને આપવામાં આવશે. થાણે, કલ્યાણ-ડોમ્બિવલી (કેડીએમસી) અને ઉલ્હાસનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મેયર પદ અંગે છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો છે.

મહાયુતિમાં શિવસેનાએ ‘સોદાબાજી’ જીતી લીધી છે અને આ ત્રણે પાલિકાના મેયર પાંચ વર્ષ માટે શિવસેના પાસે રહેશે. બદલામાં, ભાજપે ડેપ્યુટી મેયર પદ અને કેટલીક મહત્વપૂર્ણ સમિતિઓ પોતાના માટે રાખી છે. તેથી, એવું લાગે છે કે મહત્વપૂર્ણ વિભાગો હવે ભાજપ પાસે રહેશે.

તાજેતરની મહાનગરપાલિકા ચૂંટણીના પરિણામો પછી, ભાજપ અને શિવસેના બંનેએ મેયર પદ માટે દાવો કર્યો હતો. જોકે, થાણે શિવસેનાનો ગઢ હોવાથી અને શિવસેનાએ કલ્યાણ-ડોંબિવલીમાં પણ સારું પ્રદર્શન કર્યું હોવાથી, આ સન્માન શિવસેનાને આપવામાં આવ્યું છે.

થાણે, કેડીએમસી, ઉલ્હાસનગર ત્રણેય શહેરોમાં મેયર શિવસેનાના હશે. ત્રણેય જગ્યાએ ભાજપનો પણ નોંધપાત્ર હિસ્સો હોવાથી ડેપ્યુટી મેયર પદ ભાજપને આપવામાં આવ્યું છે.

થાણેમાં મેયર અને ડેપ્યુટી મેયર પદ માટે અનુક્રમે શિવસેનાની શર્મિલા રોહિત પિંપલોલકર અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના કૃષ્ણા દાદુ પાટીલે શુક્રવારે ઉમેદવારીપત્રો રજૂ કર્યા હતા, એમ મ્યુનિસિપલ સેક્રેટરી મનીષ જોશીએ જણાવ્યું હતું.

પાડોશી કલ્યાણ ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, શિવસેનાની હર્ષાલી થાવિલ-ચૌધરીએ મેયર માટે ઉમેદવારીપત્રો દાખલ કર્યા હતા, જ્યારે ભાજપના રાહુલ દામલેએ ડેપ્યુટી મેયર માટે ઉમેદવારીપત્ર દાખલ કર્યા હતા.

થાણે અને કલ્યાણમાં અન્ય કોઈ ઉમેદવારીપત્રો દાખલ ન થયા હોવાથી, ઉમેદવારો ત્રીજી ફેબ્રુઆરીએ બિનહરીફ ચૂંટાઈ આવવાની તૈયારીમાં છે, એમ પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું.

મેયર અને ડેપ્યુટી મેયરની પસંદગીની પ્રક્રિયા તે દિવસે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન બિલ્ડિંગના બીજા માળે ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલમાં કલેક્ટર શ્રીકૃષ્ણનાથ પંચાલની અધ્યક્ષતામાં યોજાશે.

૧૩૧ સભ્યોની થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, શિવસેના ૭૫ બેઠકો સાથે આગળ છે, ત્યારબાદ ભાજપ ૨૮ બેઠકો સાથે, એનસીપી (એસપી) ૧૨ બેઠકો સાથે, એનસીપી નવ બેઠકો સાથે, એઆઈએમઆઈએમ પાંચ બેઠકો સાથે, શિવસેના (યુબીટી) એક બેઠકો સાથે. ૧૫ જાન્યુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં એક અપક્ષ ઉમેદવારે પણ જીત મેળવી હતી.

શિવસેના કલ્યાણ પ્રભારી ગોપાલ લાંડગે, કલ્યાણ સાંસદ ડૉ. શ્રીકાંત શિંદે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતા રાજુ પાટિલ અને અન્યોની હાજરીમાં થાવિલ-ચૌધરી અને દામલેએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા.

૧૨૨ સભ્યોની કેડીએમસીમાં, શિવસેના પાસે ૫૦ બેઠકો છે, ત્યારબાદ ભાજપ પાસે ૫૦ બેઠકો છે. મનસે પાસે પાંચ બેઠકો છે, કોંગ્રેસ પાસે બે બેઠકો છે, એનસીપી (એસપી) એક અને શિવસેના (યુબીટી) ૧૧ બેઠકો છે.

## પારસી મરણ

શહેરનાઝ રુસ્તમ ગાંધી (ઉ.વ. ૮૩) ૩૦-૧-૨૬ના ગુજરી ગયાં છે. તે મરહૂમ રુસ્તમ ફરદૂન ગાંધીનાં પત્ની. તે મરહૂમ જમશેદ મહેતા અને જઈજી મહેતાનાં દીકરી. તે યઝદ ગાંધીનાં માતુશ્રી. તે ફરાહ ગાંધીનાં સાસુ. તે રાયન ગાંધીનાં ગ્રાન્ડમધર. ઉઠમણું તા. ૧-૨-૨૬ના. ઠે. ૧૨-ઈ, મલાબાર અપાર્ટમેન્ટ્સ, સિમલા હાઉસની બાજુમાં, મુંબઈ-૨૬.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના ભાગ્યવંતી (બચી) મણીલાલ ભાણજી છેડા (ઓ.ફ.) (ઉ.વ.૭૭) ૨૮-૧-૨૬નાં અવસાન પામેલ છે. રાણબાઇ ભાણજીના પુત્રવધુ. ડેપાના પાનબાઇ મેઘજી ઉકેડાના દિકરી. પ્રગ્નેશ, કીર્તીના માતા. કુંવરજી, રાઘવજી, વલભજી, ગોવિંદજી, રમેશ, હસમુખ, ખુશાલ, સાકરબાઇ, શાંતાબાઇ, પ્રભા, સં.પ.પૂ. ભવ્યગુણાશ્રી મ.સા.ના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કીર્તી છેડા, એ-૪૦૩, શ્રીનાથ ધામ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ).

માપરના કલ્યાણજી ઉમરશી છાડવા (ઉ.વ.૭૯) તા. ૨૯-૧-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ઉમરશી વેલજીના પુત્ર. પ્રભાબેનના પતિ. ભારતી, ભરત, નૂતનના પિતા. બાડા સોનબાઈ ઉમરશી, ગોધરા રતનબેન હરખચંદ, નાનજીના ભાઇ. ગોધરા નેણબાઈ વેરશી છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન અને ચક્ષુદાન કરેલ છે. નિ. ભરત છાડવા, ૧૦૩. નીલધારા, શ્રદ્ધાનંદ રોડ, વિલે પાર્લે (ઇસ્ટ) મુંબઈ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂં જૈન**

બોટાદ નિવાસી, હાલ સાયન, સ્વ. જયંતિલાલ જગજીવનદાસ રાયચંદ ચીકાણીના ધર્મપત્ની વસુબેન (ઉ.વ.૯૫) ૩૦/૧/૨૬, શુક્રવારે અરિહંતશરણ પામ્યા છે. સિદ્ધાર્થ, દીપ્તેશના માતુશ્રી, સંધ્યા, નીતાના સાસુ. હિમય - અમરિન, માનસી - રોહન, શ્રુતિ - કેનીલના દાદી. ધ્રાંગધ્રા નિવાસી, શાંતિલાલ લાલચંદ શાહના દિકરી. પ્રાર્થના અને લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી જૈન**

પાટણ ખેજડાનો પાડો હાલ મુંબઈ, સ્વ. નરેન્દ્રકુમાર મંગળદાસ શાહના ધર્મપત્ની માયાબેન (ઉ.વ.૭૪) ૨૯/૧/૨૬ના ગુરુવારના અરિહંતશરણ પામ્યા છે. તે અલ્પેશ, સચિન, રેશમાના માતા. હેતલ, સોનલ, નીરવકુમારના સાસુ, જય, વત્સલ, જૈનમ, શિલ્પીના દાદી. અશોક, સુધીર, રાજુ, સુરેખા, પલ્લવીના બહેન.

**ઝાલાવાડી શ્વેતાંબર મુ. પૂ. વિશાશ્રીમાળી જૈન**

દેવચરાડી નિવાસી હાલ બોરીવલી, સ્વ. કંચનબેન ચીમનલાલ શાહના સુપુત્ર નરેશભાઈ (ઉ.વ. ૬૭) તે જયશ્રીબેનના પતિ. તે મેહુલના પિતા. તે માનસીના સસરા. તે દીનાબેન- સ્વ. લલિતભાઈ, દક્ષાબેન-હિતેષભાઈ, સ્વ. રસિલાબેન-અનિલકુમાર, કિરણબેન-દીપકકુમારના ભાઈ. તે સ્વ. ભીખાલાલ મોહનલાલ શાહના જમાઈ. તે અવનીબેન-વિજયભાઈના વેવાઈ તા. ૨૯-૦૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**અગિયાર ગામ વિશા પોરવાડ જૈન**

અ. સૌ. હંસાબેન પ્રવિણચંદ શાહ (ઉ.વ. ૯૧) તે પ્રવિણચંદ છગનલાલ શાહ બૌધાનવાળા હાલ મલાડના ધર્મપત્ની. તે સ્વ. ઉલપી, સુજાતા, તૃપ્તીના માતા. ભરત, નિલેશના સાસુ. ભૌમિક, સ્મિતના નાની. સ્વ. હરિચંદ દિપચંદ ઝવેરીના પુત્રી તા. ૨૯-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. ૭૦૪, માઉલી ડ્રિઝાયર-૨, પુષ્પા પાર્ક, મલાડ-વે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તણસા નિવાસી હાલ મુલુંડ સ્વ. પ્રભાવતીબેન પરમાણંદદાસ જાદવજીભાઈ વોરાના પુત્ર કિશોરભાઈ (ઉ.વ. ૭૯) તા. ૨૯-૧-૨૬, ગુરુવારના સ્વર્ગવાસ થયેલ છે. તે કળાબેનના પતિ. કલ્પેશ, ભાવિક, પરિતા, નમિતાના પિતા. શ્રદ્ધા, નિશા, મેહુલકુમાર, હિમાંશુકુમારના સસરા. સ્વ. કિર્તીભાઈ, પ્રદિપભાઈ, સ્વ. હંસાબેન કિર્તીકુમાર, ઈન્દુબેન મહેશકુમાર, પ્રતિભાબેન જગદીશકુમારના મોટા ભાઈ. સસરા પક્ષે કંથારિયા વાળા હરજીવનદાસ રવજીભાઈ સલોતના જમાઈ. સાદડી અને લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. બી-૧૩૦૧, ઝેનીથ ટાવર, પી. કે. રોડ, મુલુંડ. તા. ૩-૨-૨૬ના પિતૃવંદના મુંબઈમાં રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. ચંદનબેન ભોગીલાલ શાહના પુત્રવધૂ અ. સૌ. વિણાબેન (ઉ.વ. ૬૩) તે રાજેશભાઈના ધર્મપત્ની. ભૂમિકા, પ્રિયાંક, સ્વ. લિયો (પેટ)ના માતુશ્રી. દ્વિજાના સાસુ. દિપીકા જસ્મીનભાઈ શાહના દેરાણી. નયનાબેન બિપિનભાઈ પારેખ, ચેતનાબેન રાજેશભાઈ શાહના ભાભી. પિયર પક્ષે સ્વ. સુમિત્રાબેન લક્ષ્મીકાન્તભાઈના દીકરી તા. ૨૯-૧-૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૨-૨૬, રવિવારના ૧૦ થી ૧૧.૩૦. સ્થળ: ઋતંભરા હોલ, જેવીપીડી, જુહુ, વિલેપાર્લે (વેસ્ટ).

### ‘એનસીપીનો

પવારના અસ્થિ વિસર્જિત કરી, શરદ પવાર દુઃખ ભૂલીને કામે લાગી ગયા હતા. બારામતીના નિરાવાગજ ખાતે નીરા નદીના પ્રદૂષણ અંગે મળેલી ફરિયાદોના સંદર્ભમાં તેમણે પોતે તે સ્થળની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું અને પ્રદૂષિત પાણી હાથમાં લઈને આ સમસ્યાનો ઉકેલ લાવવાનું આશ્વાસન આપ્યું હતું.

જાહેર મંચ પર બહુ ઓછા જોવા મળ્યા હતા. આવી પરિસ્થિતિમાં અજિત પવારના અવસાનથી તેમને માનસિક આઘાત લાગ્યો હોવા છતાં શુક્રવારે નિરાવાગજ ખાતે નીરા નદીના પ્રદૂષણનું નિરીક્ષણ કર્યા બાદ તેમના આ કાર્ય બદલ આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. શરદ પવારથી અલગ થઈ અજિત પવારે ભાજપ સાથે હાથ મિલાવ્યા ત્યારે પક્ષમાં શરદ પવાર એકલા પડી ગયા હતા.

## હિન્દુ મરણ

ગાંધીનગર રુપાલ, હાલ ભીંવડી સ્વ.વસુમતિબેન ચીનુપ્રસાદ શુકલ (ઉ.વ.૮૨) જે સ્વ. ચીનુપ્રસાદ જગન્નાથ શુકલના પત્ની સ્વર્ગવાસ તા. ૨૯.૧.૨૬ ગુરુવારના થયેલ છે. જેમની દિકરી ભારતીબેન સુરેશીકુમાર જાની તથા પુત્ર. નીતિન શુકલ, વિપુલ શુકલ, પ્રદિપ શુકલ. બેસણું તા. ૧.૨.૨૬ રવિવારના રોજ ૯ થી ૧૨. સરનામે . ૧૦૨પહેલો માળ, સરોવર દર્શન અંદર માન સરોવર કોમ્પલેક્ષ કોલેજ રોડ ઇસકોન મંદિરની પાસે ભીંવડી વેસ્ટ.

**લાડ વણિક**

હાલ પૂનાવાસી કૃષ્ણકાંત કહાનદાસ થાનાવાલા (ઉં.વ. ૮૯) મંગળવાર તા. ૨૭-૦૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે લતા થાનાવાલાના પતિ. તે તેજસ અને સાગરના પિતા. તે વર્ષા અને પ્રણાલીના સસરા. તે આદેશ અને રૂષિલના દાદા શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

મૂળ જામખંભાળિયા નિવાસી હાલ માહિમ મુંબઈ, સ્વ. પ્રભાવતીબેન (બચુબેન) પુરૂષોત્તમભાઈ બોદા (જોશી)ના સુપુત્ર કિરણભાઈ (ઉં.વ. ૬૬) તા. ૨૯-૧-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે દક્ષાબેનના પતિ. ઉર્વિ તથા હરિનના પિતાશ્રી. તે જ્યોત્સનાબેન, બીનાબેન પંકજભાઈ વાસુ, રેખાબેન કૈલાશભાઈ આચાર્ય તથા સુનીલભાઈના ભાઈ. ડુંગરશી મુરલીધરના પૌત્ર. શંભુલાલ જમનાદાસ જોશીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા. ૩૧.૧.૨૬ના ૪ થી ૬ રાખેલ છે. ઠે. ગુરુનાનક હોલ, સીટીલાઈટ સિનેમાની પાછળ, માટુંગા (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

સ્વ. બાબુલાલ મણિલાલ કડકીયા (વલ્લભ ઘેલા) તે અ.સૌ. સુશીલાબેનના પતિ. તે છાયા, પંકજ, પરેશ અને મીનાના પિતાશ્રી. તે પ્રબોધકુમાર, સોનલબેન, ભૈરવીબેન તથા અમરીશકુમારના સસરાજી. તે સેજલ-વિપુલ, શીતલ, પાયલ-અતુલ, સલોની, કુણાલ-દર્શિની, અદિતી-રીકેન, સીમોની-અજયના દાદાજી. તા. ૨૮-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧-૨-૨૬ના વનિતા-વિશ્રામ હોલ, પ્રાર્થના સમાજ ખાતે ૫થી ૭. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશનામ ગોસ્વામી**

ગામ જોડીયા, હાલ નાહુર, સ્વ. હરેશ મગનગીરી (ઉં.વ. ૬૩) તા. ૨૯-૧-૨૬ના કૈલાશવાસ પામેલ છે. તે સ્વ. માયાબેન મગનગીરીના સુપુત્ર. તે ગં. સ્વ. ત્રિવેણીબેનના પતિ. તે અમિત, બીપીનના પિતા. તે સ્વ. જયંતિગીરી, સ્વ. પ્રફુલગીરીના ભત્રીજા. તે સ્વ. હિંમતગીરી, જીતેન્દ્રગીરી, હસમુખગીરી, પુરુષોત્તમગીરીના ભાઈ. તે ગં. સ્વ. શાંતાબેન પ્રવીણગીરી, પ્રહલાદગીરી, લલિતગીરી તેરાવાલાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૩૧-૧-૨૬ શનિવાર, ૫ થી ૭. ઠે. ગોપુરમ હોલ, ડોક્ટર આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ વેસ્ટ.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ રાજુલાવાળા, હાલ અંધેરી, વીરજીભાઈ ઓધવજીભાઈ પરમાર (ઉં.વ.૮૩) બુધવાર તા. ૨૮/૧/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હીરાબેનના પતિ. સ્વ. હરેશભાઈ, હિતેનભાઈ, જયેશભાઈ, ભાવેશભાઈના પિતાશ્રી. ગં.સ્વ. હર્ષાબેન, પ્રફુલ્લાબેન, દિપાલીબેન, જીગનાબેનના સસરા. સ્વ. વાલજીભાઈ નારણભાઈ મકવાણાના જમાઈ. સ્વ. ગોરધનભાઈ, સ્વ પ્રાણભાઈ, સ્વ મગનભાઈ, સ્વ. તારવેણીબેન, નીમુબેનના ભાઈ. પ્રાર્થનાસભા ૩૧/૧/૨૬ શનિવારના સાંજે ૫ થી ૭. સ્થળ : લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિર પાસે, બોરીવલી ઇસ્ટ.

**હાલાઇ લોહાણા**

બોરીવલી નિવાસી, જય સંજય (સુરેશ) તન્ના (ઉં.વ.૨૮) તે પૂર્ણિમા સંજય (સુરેશ) તન્નાના પુત્ર. સ્વ. જયાલક્ષ્મીબેન હરિલાલ તન્નાના પૌત્ર. સ્વ. હંસાબેન પરષોત્તમદાસ ઘેલાણીના દોહિત્ર. રૂપા અશ્વિનભાઇ તન્ના તથા શોભનાબેન, હંસાબેન, સોનલબેન, હર્ષાબેનના ભત્રીજા. વીર, ચાર્મી તથા ધ્રુવીના ભાઈ. ૨૮/૧/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

પોરબંદર નિવાસી હાલ બોરીવલી, સ્વ. સુંદરબેન રામદાસ કાપડિયાના પુત્ર શાંતિકુમાર (ઉં.વ.૮૩) ૨૯/૧/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભારતીબેન તથા સ્વ. નીરુબેનના પતિ. કલ્પેશ, રિટા તથા ટીનાના પિતા. હેમીના, સ્વ. મહેશકુમાર નથવાણી, જયેશકુમાર તન્નાના સસરા. સ્વ. હરકિશનભાઈ, નરેન્દ્રભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. ઉષાબેન, રમાબેન તથા સ્વ. અરુણાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. સી ૧૪૦૨, કલોવર ગ્રોવ, ચીકુવાડી, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ ભાટીયા વીરજીયાણી**

ગં.સ્વ. ઉષા હંસરાજ કાપડીયા (ઉં.વ.૮૫) તે સ્વ. હંસરાજ નરોતમના ધર્મપત્ની સ્વ. જમનાબાઈ નરોતમ કાપડિયાના પુત્રવધુ. સ્વ. રજનીબેન રામદાસ પલીયાના પુત્રી, રાજુ, માલીની, જ્યોતીના માતા. સંગીતા, નિર્મલ, હિમાંશુના સાસુ. સ્વ. કૃણાલ, રોહન, પાર્થ, દ્વીપાના દાદી. તા. ૨૯/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે. રહેઠાણ : ૬૦૪ પાર્કવ્યુ બિલ્ડિંગ, નાટકવાલા લેન, તહસલીદાર ઓફિસની સામે, એસ.વી. રોડ, બોરીવલી વેસ્ટ.

**અનાવિલ બ્રાહ્મણ**

મૂળ ગામ ઉંટડી હાલ મલાડ, સ્વ.જયંતીલાલ છગનલાલ દેસાઈ (ઉં.વ.૮૮) તા. ૨૭-૧-૨૬ના રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ. પન્નાબેનના પતિ. ચિ. ભાવેશ, અ. સૌ. આશ્લેષાના પિતા. મનીષભાઈ ઠક્કરના સસરા. પ્રાર્થનાસભા તા. ૩૧- ૧ - ૨૬ને શનિવારે સાંજે ૪ થી ૬. અનાવિલ કુટીર, સી ૭/ ૮, સરસ્વતી એપાર્ટમેન્ટ લક્ષ્મીનગર કાર્ટર રોડ નંબર ૩, બોરીવલી પૂર્વ.

**નથુ તુલસી ઔદિચ્ય બ્રાહ્મણ**

સુનિલ પ્રતાપ ઉપાધ્યાય તા. ૨૬.૧.૨૬ના રોજ વૈકુઠવાસી થયેલ છે. તે દર્શનાબેનના પતિ. સ્મિત, હર્ષિતના પિતા. સ્વ. પ્રતાપ મણિશંકર ઉપાધ્યાય અને સ્વ. સવિતાબેનના સુપુત્ર. શૈલેષભાઈ, સ્વ. નિશીથ ભાઈના ભાઈ. જાગૃતિ ભાભીના દિયર. અમિષીના જેઠ. સ્વ. પ્રભુદાસ નારણદાસ ઠક્કર સ્વ.સુશીલાબેનના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૧.૧.૨૬ના શનિવાર ૪ થી ૬. સ્થળ : બ્રાહ્મણ સમાજવાડી, પહેલે માળે, જોશીલેન ઘાટકોપર ઇસ્ટ.

**બ્રહ્મક્ષત્રિય દિવેચા**

મુંબઈ નિવાસી, વિરેન્દ્ર ત્રિભોવનદાસ દિવેચા (ઉં.વ.૭૭) ૨૯/૧/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે જયશ્રીબેનના પતિ. નાગપુરના સ્વ. સવિતાબેન અને સ્વ. ત્રિભોવનદાસ ગુલાબચંદ દિવેચાના પુત્ર. સ્વ. ભદ્રસેનભાઈ, ગીતાબેન મામતોરા, મીરાબેન મામતોરા અને સ્વ. ચંદ્રશેખરભાઈના ભાઈ. જામનગરના સ્વ. કેશવલાલ નાનસીના જમાઈ. ઉઠમણું તેમજ પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩૧/૧/૨૬ના સાંજે ૪ થી ૫. સ્થાનઃ ૬૦૨, સિલ્વર સી વ્યૂ, સેક્ટર ૮, ચારકોપ, કાંદિવલી.

**કપોળ**

સિહોર નિવાસી, સ્વ. વિજયાબેન પોપટલાલ મહેતા, રજનીકાંતભાઈ અને સ્વ. સુધાબેન મહેતાના સુપુત્ર વિદુર (ઉં.વ.૪૯) હાલ કાંદિવલી તા. ૨૮.૧.૨૬ના રોજ શ્રીજીશરણ પામ્યા છે. કિંજલબેનના પતિ. અંશના પિતાજી, ભાવેશભાઈના મોટાભાઇ. અ.સૌ. બ્રિંદ્રાના જેઠ. શ્વસુરપક્ષે વિજયભાઇ કનૈયાલાલ પારેખના જમાઇ. મોસાળપક્ષે કિરીટભાઇ રતીલાલ મહેતાના ભાણેજ. સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૧/૨/૨૬ રવિવારના રોજ ૫ થી ૭ કલાકે. બાળાશ્રમ, મથુરાદાસ એક્સસ્ટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**દશા નીમા વણિક**

બાલાસિનોર નિવાસી સ્વ. ભીખાલાલ કેશરલાલ દેસાઈ, સ્વ. નર્મદાબેન ભીખાલાલ દેસાઈના પુત્ર સુરેશભાઈ ભીખાલાલ દેસાઈ (ઉં.વ. ૮૫) હાલ પેડર રોડ તા. ૩૦-૦૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઈન્દુબેનના પતિ. જીગ્નેશભાઈના પિતા. દિયાબેનના સસરા. પ્રાર્થનાસભા, સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટિયા**

કુસુમબેન કાનજી લીલાણી (ઉં.વ. ૯૦) તે સ્વ. પરમાણંદ તુલસીદાસ લીલાણીના પુત્રવધૂ. તે અ.સૌ. રીટા સતીશ દુતિયા તથા ચિ. તુષાર (રાજુ)ના માતુશ્રી. તે સ્વ. ત્રિકમદાસ લાલજી દાવલિયાના સુપુત્રી. તે સ્વ. માધવસિંહ, સ્વ. ચંપુબેન લક્ષ્મીદાસ, સ્વ. અભયસિંહ, સ્વ. માલતીબેન મથુરાદાસ, સ્વ. વિજયસિંહ, સ્વ. રણજીતસિંહ તથા સ્વ. દિલિપસિંહના બેન. અ.સૌ. માનસી-હર્ષ, પૂજા તથા ટ્રિક્ષીના નાનીમા તા. ૨૭-૧-૨૬ મંગળવારે ન્યૂ જર્સી (અમેરિકા) મુકામે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૨-૨૬ સોમવારના દિવસે શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ, તેલંગ રોડ, (ફૂલ ગલી), માટુંગા (સે.રે.) સાંજે ૪.૩૦થી ૬.૦૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિસાનાગર**

ગામ માણસા હાલ કાંદિવલી, સુરેશચંદ્ર મણીલાલ, નિર્મળાબેનના સુપુત્ર અજય સુરેશચંદ્ર શાહ તા. ૨૮-૧-૨૬ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. સોનલબેનના પતિ. તે આયુષ, હર્ષીતના પપ્પા. તે હીરલના સસરા. તે સ્વ. અમીતા, ચેતન, સંગીતા, ગીતાબેનના ભાઈ. સ્વ. મુકુંદભાઈ તુલસીદાસ, સ્વ. પ્રેમલતાબેનના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩૧-૧-૨૬ ૫.૦૦ થી ૭.૦૦માં લુહાણા બાલાક્ષમ, મથુરાદાસ એક્સ્ટેન્શન.

**અનાવિલ બ્રાહ્મણ**

મૂળ ગામ ઉંટડી હાલ મલાડના સ્વ. જયંતિલાલ છગનલાલ દેસાઈ (ઉં.વ. ૮૮) તા. ૨૭-૦૧-૨૬ના દેવલોક પામ્યા છે. તે સ્વ. પન્નાબેનના પતિ. તે ભાવેશ, અ.સૌ. આશ્લેષાના પિતા. તે મનીષભાઈ ઠક્કરના સસરા. તે અનાવિલ સેવામંડળ સ્વ.ની પ્રાર્થનાસભા તા. ૩૧-૧-૨૬ને શનિવારે ૪ થી ૬ દરમ્યાન અનાવિલ કુટીર, સી ૭/ ૮, સરસ્વતી એપાર્ટમેન્ટ, લક્ષ્મીનગર, કાર્ટર રોડ નં. ૩, બોરીવલી (પૂર્વ) ખાતે રાખેલ છે.

**બાવીસી ભાવસાર**

મૂળ ચરાડા ગામના હાલ ઘાટકોપર સ્વ. નટવરલાલ મોહનલાલ મણિયાર (ઉં.વ. ૯૧) તા. ૨૮-૧-૨૬, બુધવારના અક્ષરવાસી થયેલ છે. તે સ્વ. સમરથબેન અને સ્વ. મોહનલાલ પ્રભુદાસ મણિયારના પુત્ર. સ્વ. રશ્મિકાબેનના પતિ. મિહિર, નિલીમા, રૂપા, ફાલ્ગુનીના પિતાશ્રી. ભાવના, ચેતન, શ્રેણીક, રાજના સસરા. સ્વ. ઘનશ્યામભાઈ, સ્વ. પોપટભાઈ, સ્વ. નારાયણભાઈ, સ્વ. ગુણવંતભાઈ, સ્વ. સરસ્વતીબેન, સ્વ. શારદાબેનના ભાઈ. સ્વ. સમરથબેન અને સ્વ. શામળદાસના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧-૨-૨૬, રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, ૯૦ ફૂટ રોડ, લવન્ડર બાગ બેન્કવેટ પાસે, ગોરડિયા નગર, ઘાટકોપર ઈસ્ટ.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

ડુંગર નિવાસી હાલ મીરા રોડ લક્ષ્મીશંકર શિવશંકર ભટ્ટ (ઉં.વ. ૮૮) (લખુદાદા) તા. ૨૮-૧-૨૬ના કૈલાસવાસી થયેલ છે. તે જયાલક્ષ્મીબેનના પતિ. મિલન, અ. સૌ. ભારતીબેન ધર્મેશકુમાર, અ. સૌ. ગીતાબેન હરેશકુમારના પિતાશ્રી. પ્રથમ, તુલસી, નિયતિ, સ્તુતી, જીન, વીધી, નમનના દાદા. અ. સૌ. અલ્પા મિલન ભટ્ટ, અ. સૌ. હિના હિતેશ, અ. સૌ. હેતલ કિશોરના સસરા. સ્વ. લાભશંકરભાઈ, ગં. સ્વ. ભાગીરથીબેન કુંવરજી, ગં. સ્વ. મણીબેન બાબુલાલ, ગં. સ્વ. ભાવનાબેન પ્રવિણચંદ્ર, સ્વ. શાંતાબેન જીવરાજના ભાઈ. સ્વ. ત્રિવેણીબેન જેઠાલાલ ઠાકરના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૧-૧-૨૬, શનિવારના સાંજે ૪ થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટા ઉપાશ્રય), ૪થે માળે, એસ. વી. રોડ, પારેખ લેન કોર્નર, કાંદિવલી વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વીકએન્ડ

## સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ટી-૨૦ વર્લ્ડ કપ નજીક આવી ગયો, ભારતનો પહેલો મુકાબલો અમેરિકા સામે!

### સાતમી ફેબ્રુઆરીએ વાનખેડેમાં ટીમ ઈન્ડિયાની પ્રથમ મૅચ બે વર્ષ પહેલાં પાકિસ્તાનને આંચકો આપી ચૂકેલા યુએસએ સામે રમાશે



ભારત ટી-૨૦માં ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન છે

૨૦૨૪ની પહેલી જૂને મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની સૌપ્રથમ મૅચમાં મોનાંક પટેલના નેતૃત્વમાં અમેરિકાએ કૅનેડાને હરાવીને વિજય સાથે ખાતું ખોલાવ્યું હતું. પાંચ દિવસ પછી અમેરિકાએ પાકિસ્તાનને ટાઇ પછીની સુપર ઓવરમાં પરાસ્ત કરીને સનસનાટી મચાવી દીધી હતી. અમેરિકાની ટીમ ત્યારે સુપર-એઇટ રાઉન્ડમાં પણ પહોંચી હતી, પરંતુ ત્યાર બાદ એના વળતા પાણી હતા. આ વખતે (સાતમી ફેબ્રુઆરીએ શરૂ થનારા ટી-૨૦ વિશ્વ કપમાં) અમેરિકાનો પ્રથમ મુકાબલો ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારત સામે થવાનો છે એટલે અમેરિકા માટે સિનારિયો સાવ અલગ છે.

શનિવાર, સાતમી ફેબ્રુઆરીએ સાંજે સાત વાગ્યે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં અમેરિકાની ટીમ ભારત સામેના જંગ માટે મેદાન પર ઊતરશે ત્યાર બાદ એને જે અનુભવ થશે એને એના ખેલાડીઓ જિંદગીભર યાદ રાખશે, કારણકે તેમણે એવા ખેલાડીઓ સામે રમવું પડશે જેમાંના બે પ્લેયર વર્લ્ડ નંબર-વન છે. ખુદ ભારતીય ટીમ તો ટી-૨૦માં નંબર-વન છે જ, અભિષેક શર્મા બૅટિંગમાં અને વરુણ ચક્રવર્તી બોલિંગમાં અવ્વલ ક્રમે છે.

સૌથી પહેલાં આપણે અમેરિકાના ક્રિકેટ-ઇતિહાસ વિશે ટૂંકમાં જાણી લઈએ. તમને યાદ હશે કે બ્રિટિશરોએ ઉત્તર અમેરિકામાં પણ રાજ કર્યું હતું. ૧૮મી સદીમાં (૧૭૦૯ની સાલમાં) અમેરિકામાં ક્રિકેટ રમાતી હતી. ૧૮૩૮માં સ્થપાયેલી સેન્ટ જ્યૉર્જિસ ક્રિકેટ ક્લબના મેદાન પર અગિયાર-અગિયાર ખેલાડીઓના ફૉર્મેટ પર ક્રિકેટ મૅચો રમાતી થઈ ત્યારથી યુએસએ (યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા)માં ક્રિકેટની લોકપ્રિયતા વધતી ગઈ હતી. અનેક ક્રિકેટ ક્લબોમાં હજારો ખેલાડીઓ રજિસ્ટર થવા લાગ્યા અને વધુને વધુ ક્રિકેટ મૅચો રમાતી ગઈ હતી, પરંતુ બેઝબૉલની પૉપ્યુલારિટીને પગલે ક્રિકેટ થોડી બૅકફૂટ પર ગઈ હતી. જોકે ૨૦૨૪માં વેસ્ટ ઇન્ડિઝ સાથેના સહયોગમાં અમેરિકામાં મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ રમાયો ત્યારથી અમેરિકામાં ક્રિકેટની રમતનો ફેલાવો ઘણો વધી ગયો છે. હવે તો મેન્સ ઉપરાંત વિમેન્સ ટીમની મૅચો પણ રમાય છે. માઇનર ક્રિકેટ લીગ અને મેજર ક્રિકેટ લીગ આ દેશની બે મોટી નૅશનલ ક્રિકેટ ટૂર્નામેન્ટ છે. ૨૦૧૯માં અમેરિકાને આઇસીસી તરફથી અસોસિયેટ મેમ્બર-રાષ્ટ્રનો દરજ્જો મળ્યો હતો.

અમેરિકાના પુરુષ ક્રિકેટરો નાના-મોટા દેશો સામે ૨૦૦૪થી અત્યાર સુધીમાં કુલ ૭૫ વન-ડે રમી ચૂક્યા છે જેમાંથી ૪૦ જીત્યા છે, ૩૨ હાર્યા છે અને ત્રણ મૅચ ટાઇ થઈ છે. ટી-૨૦માં પણ અમેરિકાની મોટી હાજરી છે. સાત વર્ષમાં અમેરિકાના ખેલાડીઓ ૫૪ ટી-૨૦ રમી ચૂક્યા છે જેમાંથી ૨૯ જીત્યા છે અને ૨૦ હાર્યા છે, જ્યારે બે મૅચ અનિર્ણીત રહેવા ઉપરાંત તેમની ત્રણ મૅચ ટાઇમાં પરિણમી છે.


અમેરિકાની ક્રિકેટમાં ભારતીયોનું બહુ મોટું યોગદાન રહ્યું છે. કૅપ્ટન મોનાંક પટેલના કુલ ૨,૨૮૮ રન વન-ડે રમી ચૂકેલા તમામ અમેરિકી ખેલાડીઓમાં હાઇએસ્ટ છે, જ્યારે બોલિંગમાં ભારતીય મૂળના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર સૌરભ નેત્રાવલકરની ૧૦૮ વિકેટ તમામ અમેરિકી બોલર્સમાં સૌથી વધુ છે. ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચોમાં પણ મોનાંક અને નેત્રાવલકર અમેરિકી ખેલાડીઓમાં અનુક્રમે ૯૨૦ રન તથા ૪૦ વિકેટ સાથે પ્રથમ ક્રમે છે.

અમેરિકાએ બાંગ્લાદેશને બે અને પાકિસ્તાન તથા આયરલૅન્ડને એક-એક ટી-૨૦માં હરાવીને પોતાની તાકાત બતાવી છે. ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર રૉબિન સિંહ તેમ જ ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ બૅટ્સમૅન સ્ટુઅર્ટ લૉ અમેરિકાના ખેલાડીઓને કોચિંગ આપી ચૂક્યા છે.

ભારતના ગ્રૂપ-એમાં પાકિસ્તાન, નામિબિયા અને નેધરલૅન્ડ્સ પણ છે. પાકિસ્તાન સામે ભારતની ટક્કર ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં થશે અને સમગ્ર ક્રિકેટજગતની નજર એ મૅચ પર જ રહેશે. ■

## સ્પિનરમાંથી સ્વિંગ બોલર બનેલા ઉર્મિકાન્ત મોદીના ક્રિકેટ-કૌશલ્યનો લાભ ભારતીય ક્રિકેટ કરતાં અમેરિકાને વધુ મળ્યો


ઉર્મિકાન્ત મોદી


થોડા સમય પહેલાં અમેરિકામાં ઉર્મિકાન્તભાઈ (વચ્ચે)ના ઘરે તેમની સાથે સુનીલ ગાવસકર અને ભૂતપૂર્વ ક્રિકેટર અતુલ મહેતા

વર્તમાન યુવા પેઢીના ક્રિકેટપ્રેમીઓ વૈષ્ણવ સમાજના ઉર્મિકાન્ત પ્રભુદાસ મોદીના નામથી કદાચ બહુ પરિચિત નહીં હોય, પણ ૧૯૬૫થી ૧૯૭૬ દરમ્યાન ભારતમાં ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ રમી ચૂકેલા આ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર તેમના સમયમાં ભારતીય ક્રિકેટમાં ખૂબ પ્રચલિત હતા. ખરું કહીએ તો ભારતીય ક્રિકેટ કરતાં અમેરિકાની ક્રિકેટને ઉર્મિકાન્તભાઈનો વધુ લાભ મળ્યો છે. તેઓ અમેરિકામાં ઘણું ક્રિકેટ રમ્યા જ હતા, ત્યાંની ઊગતી પેઢીના ખેલાડીઓને ઘણું કોચિંગ તથા માર્ગદર્શન પણ આપી ચૂક્યા છે અને ૮૨ વર્ષની ઉંમરે હજી સુધી આપી રહ્યા છે.

આગામી સાતમી ફેબ્રુઆરીએ ભારત અને શ્રીલંકામાં શરૂ થનારા ટી-૨૦ વર્લ્ડ કપના પ્રસંગે જણાવવાનું કે અમેરિકાની વર્તમાન ક્રિકેટમાં કૅપ્ટન મોનાંક પટેલ તેમ જ નિસર્ગ પટેલ સહિત ઘણા ગુજરાતી તેમ જ સૌરભ નેત્રાવલકર સહિતના ભારતીય મૂળના ખેલાડીઓનું બહુ મોટું યોગદાન છે ત્યારે ખાસ ઉલ્લેખ કરવાનો કે ઉર્મિકાન્ત મોદી અમેરિકા વતી રમી ચૂકેલા સૌપ્રથમ ગુજરાતી ખેલાડી છે. અમેરિકા સામેના આગામી ટી-૨૦ મુકાબલા પહેલાં ઉર્મિકાન્તભાઈના અનેરા યોગદાનની વાત ન કરીએ તો આ લેખ અધૂરો કહેવાય.

અમેરિકા ફરી એક વાર ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવાનું છે એ નિમિત્તે બીજું ખાસ એ જણાવવાનું કે ૧૯૮૬માં અમેરિકાની ટીમ ૧૯૮૭ના વન-ડે વર્લ્ડ કપ માટે જે ક્વૉલિફાઇંગ મૅચો રમ્યું હતું એ ટીમમાં ઉર્મિકાન્ત મોદી સામેલ હતા અને ત્યારે એ રાઉન્ડમાં તેમની ૧૯ વિકેટ તમામ બોલર્સમાં સર્વશ્રેષ્ઠ હતી. અમેરિકા વિશ્વ કપ માટે ક્વૉલિફાય નહોતું થઈ શક્યું એ કમનસીબ કહેવાય, પરંતુ ઉર્મિકાન્તભાઈના પર્ફોર્મન્સની સર્વત્ર વાહ-વાહ થઈ હતી.

બોલિંગમાં આક્રમક શૈલીવાળા ઉર્મિકાન્ત મોદી ફીલ્ડિંગમાં પણ ખૂબ ચપળ હતા. તેઓ રણજી ટ્રોફીમાં મુંબઈ, સૌરાષ્ટ્ર તેમ જ તમિળનાડુ વતી રમ્યા હતા. તેમણે ૧૦ મૅચમાં ૨૩.૩૪ની સરેરાશે ૨૯ વિકેટ લીધી હતી અને ૧૨૯ રન પણ બનાવ્યા હતા તથા ૧૦ કૅચ ઝીલ્યા હતા. એ ૧૦ મૅચમાં ૪૦ રનમાં ચાર વિકેટ તેમનો બેસ્ટ બોલિંગ પર્ફોર્મન્સ હતો.

૧૯૬૦ના દાયકામાં એક આંતર-કૉલેજ મૅચમાં પહેલા ત્રણ બૉલમાં ત્રણ વિકેટની હૅટ-ટ્રિક લેનાર ઉર્મિકાન્તભાઈ એ સમયે મુંબઈના બેસ્ટ બોલર્સમાં ગણાતા હતા. સ્વિંગ-સ્પેશ્યાલિસ્ટ ઉર્મિકાન્તભાઈ એ સમયે સુનીલ ગાવસકર, ફરોખ એન્જિનિયર, અજિત વાડેકર વગેરે મુંબઈના ટોચના ખેલાડીઓ સાથે પ્રથમ કક્ષાની મૅચો રમ્યા હતા. ઉર્મિકાન્તભાઈ બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરના સૌથી ફેવરિટ ભારતીય ફાસ્ટ બોલર હતા. એક વાર ગાવસકરે પ્રૅક્ટિસ-સેશનમાં વી. એસ. પાટીલ સાથે ઉર્મિકાન્તભાઈને બોલાવ્યા હતા અને એક જ ઓવરમાં ઉર્મિકાન્તભાઈની ફાસ્ટ બોલિંગે તેમના પર એટલો બધો પ્રભાવ પાડ્યો હતો કે વેસ્ટ ઇન્ડિઝના ખૂંખાર ફાસ્ટ બોલર્સનો સફળતાથી સામનો કરનાર ખુદ ગાવસકરે ત્યારે પ્રૅક્ટિસ ટૂંકાવી નાખી હતી અને ઉર્મિકાન્તભાઈના સ્વિંગ તથા ઝડપી બોલિંગના ભરપેટ વખાણ કર્યા હતા. સ્પિનરમાંથી ફાસ્ટ બોલર બનેલા ઉર્મિકાન્તભાઈની ફાસ્ટ બોલિંગનો અનુભવ દિલીપ વેન્ગસરકરે પણ કર્યો હતો. ‘વૅસેલિન’ કાંડ માટે જાણીતા ઇંગ્લૅન્ડના ફાસ્ટ બોલર જૉન લીવર સામે વેન્ગસરકર ચાર વખત વિકેટ ગુમાવી ચૂક્યા હતા, પરંતુ એક ટેસ્ટ-દાવમાં સેન્ચુરી કર્યા પછી વેન્ગસરકરે લીવરના બૉલમાં જે રીતે વિકેટ ગુમાવી ત્યારે ઉર્મિકાન્તભાઈએ ફોન પરની એક વાતચીતમાં વેન્ગસરકર વિશે મિત્રતાના ભાવે ગુસ્સો વ્યક્ત કર્યો હતો. ઉર્મિકાન્તભાઈનું એમાં એવું કહેવું હતું કે તેમના (ઉર્મિકાન્તભાઈ) જેવા કાબેલ ફાસ્ટ બોલરની બોલિંગમાં ઘણી પ્રૅક્ટિસ કર્યા પછી પણ વેન્ગસરકર કેમ લીવરના બૉલમાં વિકેટ ગુમાવી બેઠા?

મુંબઇના ક્રિકેટ વર્તુળમાં ઉર્મિકાન્ત મોદીએ અવ્વલ નંબરના સ્વિંગ બોલર તરીકે નામના મેળવી હતી. તેમણે મુંબઇ વિદ્યાપીઠને લાગલગાટ બે વખત ચેમ્પિયશિપ અપાવી હતી. મુંબઇ ક્રિકેટમાં છવાઇ ગયા છતાં બળુકી મુંબઇ રણજી ટીમમાં વધુ તક ન મળતા વિનુ માંકડે ઉર્મિકાન્તને સૌરાષ્ટ્ર વતી રમવા કહ્યું હતું ને તેમણે સૌરાષ્ટ્ર માટે ૧૯૬૫-૬૬ અને ૧૯૬૭-૬૮ બે વર્ષ રમ્યા હતા અને ત્યાર બાદ સંજોગ અનુસાર એ વખતના મદ્રાસમાં સ્થાઇ થતા એક વર્ષ ૧૯૬૮-૬૯ રણજી ટ્રોફી પ્રથમ કક્ષાની ક્રિકેટ રમ્યા હતા.

૧૯૬૮-૬૯ ફ્રેન્ક ટાયસન ઇંગ્લેન્ડના ૫૦ના દાયકાના અતિ ઝડપી બોલર હતા. તેઓ ઓસ્ટ્રેલિયામાં કોચિંગ કરાવતા હતા અને એમણે મદ્રાસ (હવે ચેન્નાઇ)ના ક્રિકેટ કેમ્પમાંથી ઉર્મિકાન્તને સર્વશ્રેષ્ઠ ‘ન્યુબૉલ બોલર’ તરીકે જાહેર કર્યા હતા. કેલિફોર્નિયામાં કલબ ક્રિકેટ રમનાર ઉર્મિકાન્ત મોદી ૧૯૮૨માં પણ અમેરિકાની ટીમ માટે પસંદગી પામ્યા, પણ ઇજાગ્રસ્ત હોવાથી રમી નહોતા શક્યા. જોકે અમેરિકાની યુવા પેઢીને ઉર્મિકાન્તભાઈનું માર્ગદર્શન હજી આજે પણ મળી રહ્યું છે.

• યશવંત ચાડ

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ઇચિરાન - જાપાનીઝ રામેનનું દેવળસ્થાન...

પ્રવાસ દરમ્યાન સ્થાનિકોની જેમ રહેવું કે ટૂરિસ્ટની જેમ તે વાતમાં અમે કદી ગૂંચવાતા નથી. જ્યારે મન થાય ત્યારે મોડ સ્વિચ કરવામાં જરા પણ અચકાતા નથી. ઓસાકા કાસલ તો વિગતે જોવો જ હતો, સાથે ત્યાં સ્થાનિક સુપરમાર્કેટમાં ખરીદી કરવા અને ઇચિરાન રામેન માણવા માટે પણ અમે એ જ દિવસ પસંદ કર્યો. આમ તો ત્યાં જ્યાં પણ રામેન ખાતાં ત્યાંની કોઈની કોઈ ખાસિયત મજા કરાવી જ જતી, પણ ઇચિરાનની મજા એ છે કે ત્યાં રામેન માત્ર એક ડિશ નહીં, રિચુઅલ છે. અને તે પણ એકલાં ખાવાનો અનોખો અનુભવ કરાવે છે. પછી ત્યાં મોટા ગ્રુપમાં ગયાં હો તો પણ એક પછી એક જ વારો આવે. આટલી પ્રાઇવસીમાં ખાવા-પીવાની મજા આવશે કે નહીં તે કદી વિચાર પણ નહોતો કર્યો. સારાં રેસ્ટોરાંમાં પ્રાઇવેટ બૂથમાં કપલ્સ કે મિત્રો અને પરિવારની ટોળકીઓ જલસા કરી શકે તે તો ખબર હતી, પણ કોઈ રેસ્ટોરાં એવું હોય જ્યાં માત્ર એકલા બેસીને જમવાનું ફરજિયાત હોય તે પહેલી વાર અનુભવવા મળી રહ્યું હતું.


જાપાનમાં એક જ વ્યક્તિનું ઘર હોવું સાવ કોમન છે. એટલે જ ત્યાં એકલા બેસીને ખાવાનું અને સિંગલ વ્યક્તિને સ્વમાન સાથે બહાર જમવાનો અને મજા કરવાનો હક છે એ સાંસ્કૃતિક વિચારધારા સાથે ત્યાં ઇચિરાન જેવાં બીજાં ઘણાં રેસ્ટોરાં છે જ. એવામાં અહીં એકલા બેસીને બીજી કોઈ વ્યક્તિ સાથે ઇન્ટરએક્શન કર્યા વિના માણસ શાંતિથી અથવા ફટાફટ ખાઇ-પીને ત્યાંથી નીકળી જાય એવાં સિંગલ બૂથ મોટાભાગનાં રેસ્ટોરાંમાં હતાં, પણ ઇચિરાનની મજા એ હતી કે ત્યાં માત્ર એકલા જ ખાવું પડતું. તેમાં કોઈ સોશ્યલ ઇન્ટરએક્શનનું પ્રેશર પણ ન રહે. મને તો આ દેશ ઇન્ટ્રોવર્ટ લોકો માટે ખાસ બનેલો હોય તેવું લાગતું હતું.

એકલતાને માનથી જોવા માટે જાપાનીઝમાં ખાસ શબ્દ પણ છે, ‘ઓહિતોરીમા’. એકલા રહેતાં લોકોને પણ જિંદગીની મજા લેવાનો અને મિત્રો અને પરિવાર હોવો જ જોઈએ એ દબાણ ન હોવું જોઈએ તે વાત માટે લડતાં સોલો એક્ટિવિસ્ટનું પણ જાપાનમાં ખાસ મહત્ત્વ છે.









ઇચિરાનમાં ઓર્ડર કરતી વખતે તીખાશ કેટલી હોય, અંદર કયા કોમ્બિનેશનમાં શાક અને મીટ હોય, નૂડલ્સ કેટલાં પકાવેલાં હોવાં જોઈએ, બધું લખીને આપવાનું હતું. ત્યાં ખાવા માટે જે બૂથમાં બેસવાનું હતું તેને લેવર કોન્સન્ટ્રેશન બૂથ કહે છે. એક વિચાર એ પણ ખરો કે એકલાં બેસીને માત્ર વાનગી પર ધ્યાન આપવામાં સ્વાદ પણ યાદ રહી જાય તેવો આવે તે સ્વાભાવિક છે.

આજકાલ ટીવી કે યૂ-ટ્યુબ જોતાં જોતાં જમવાનું અવારનવાર બન્યા કરે છે. ઘણાં બાળકો તો વીડિયો જોયા વિના જમતાં જ નથી એવું પણ સાંભળવામાં આવ્યા કરે છે. અને અહીં બરાબર વિપરીત વાત બની રહી હતી. શોર્ટ રીલ્સ અને ટિકટોકની આદતમાં કોન્સન્ટ્રેશન કરવાનું અઘરું લાગતું હોવાની વાતમાં અહીં એકલા બેસીને સ્વાદ પર ફોકસ કરવાની મજા પણ અલગ જ લાગી. કોને ખબર હતી કે ફરજિયાત એકલાં બેસીને ખાવાનું આ સ્તરે મજા કરાવી જશે.

વળી આ રામેનને એક ખાસ ટેમ્પ્રેચરમાં પણ વાતોમાં સમય વેડફ્યા વિના નિશ્ચિત સમયમાં ખાઈ જવાનું પણ જરૂરી છે. આટલા બધા રૂલ્સ સાથે જમવાનું ખાસ આનંદ આપે તે રિસર્ચ કરીને લોકોને અનુભવ કરાવવાનું કામ કદાચ જાપાનીઝ સિવાય બીજું કોઈ કરી ન શકે.

આ કલ્ચર જ જરા અલગ સ્તરની ક્રિયેટિવિટીથી ભરેલું લાગતું હતું. જાપાનને સારી રીતે સમજવામાં કદાચ વર્ષો વિતાવી શકાય. કઈ રીતે જાપાન આગવી ટેકનોલોજી અને અનોખી ચીજો ડેવલપ કરીને ધીરજથી બનાવી શકે છે તે પણ આ બધા કલ્ચરલ અનુભવો પછી વધુ ગંભીરતાથી સમજી શકાતું હતું. જાપાનમાં ખરેખર બાકીની દુનિયા કરતાં દરેક બાબત કોઈ અલગ જ દૃષ્ટિકોણથી જોવાનું શક્ય લાગતું હતું. ખુલ્લા મને ફરવામાં અને ત્યાંની નાની-નાની આદતો અને ખાસિયતોને જાણવામાં જે આનંદ આવી રહ્યો હતો તેનાથી લાગ્યું કે જાપાન બાકીની દુનિયાને પોતાની ખાસિયતોને અકબંધ રાખીને આકર્ષી રહ્યું છે.

ટૂરિઝમના પર્સપેક્ટિવથી ભારતમાં પણ બાકીની દુનિયાને રસ પડે તેવી આ પ્રકારની નવીનતાઓની કોઈ કમી નથી. ભારતમાં કોઈ એકલતાને પ્રમોટ નથી કરતું પણ આપણે ત્યાં પણ ચારેય દિશાઓમાં ખાણી-પીણી, હસ્તકલા, નૃત્ય, સંગીત, અને બીજું કેટલુંય માણવા માટે છે જ. જોકે આપણે ત્યાં કિઓસમાં પણ ક્રિયેટિવિટી છે અને તેના પ્રત્યે હવે બાકીની દુનિયા





ધીરે ધીરે જાગી રહી છે એ પણ નક્કી છે. જાપાનના અનુભવોથી તો એ વધુ સ્પષ્ટ રીતે દેખાતું હતું કે વેસ્ટર્ન કલ્ચરને તો આપણે બધાં ઘોળીને પી ચૂક્યાં છીએ, પણ આપણી હજારો વર્ષોની અતૂટ સંસ્કૃતિ જેવું દુનિયામાં બીજે ક્યાંય કશું નથી. ઇચિરાન રામેન પર ઓર્ડર આપીને એકલાં ખાવામાં સ્વાદ અને અનુભવના ફોકસ કરવા ઉપરાંત આ બધાં વિચારોને પણ સમય મળી ગયો હતો.

કાગળ પર ૩૫ ઇન્ગ્રીડિયન્ટ્સમાંથી કોમ્બિનેશન પસંદ કરીને આપ્યા પછી અમને પોતપોતાનું બૂથ બતાવવામાં આવ્યું. સાયબર કાફે જેવા બૂથની અંદરની તરફથી નેતરનો પડદો કોઈ નાટકનો પડદો ઊંચકાય તે રીતે ઊંચકાયો. પહેલી વારમાં કટલેરી આવી. ફરી થોડી મિનિટોમાં રામેન આવી. રામેન સામે મૂકીને માણસે ઝૂકીને ગ્રીટ કર્યું. તે પછી બસ હું અને રામેન. બાકી જાણે દુનિયામાં કશું જ ન હતું. સમજી શકાતું હતું કે દુનિયાને રામેનનો ચસ્કો કઈ રીતે લાગી ગયો છે. હવે આ રામેનનો અનુભવ એટલો ટૂરિસ્ટી બની ગયો છે કે સ્થાનિકો તેને રામેનનું ડિઝનીલેન્ડ કહે છે. તેની લોકપ્રિયતાને કારણે હવે સ્થાનિકો ત્યાં પ્રમાણમાં ઓછાં જાય છે.

ઇચિરાન હવે તો એટલું પોપ્યુલર થઈ ગયું છે કે ન્યૂયોર્કમાં પણ એક ખૂલી જ ગયું છે. હાલમાં ગુજરાતમાં વેજિટેરિયન એશિયન ફૂડના રેસ્ટોરાંની લોકપ્રિયતા જોઈને લાગે છે કે ઓસાકામાં રામેનના દેવળસ્થાન પર માથું ટેકવીને સારું જ કર્યું. ■

# ખૂની



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

### ટીના દોશી

અભિસારિકાનું રૂપ ધરીને પ્રિયતમને મળવા જઈ રહેલી માખણ જેવી મુલાયમ મિસરી પગને પાંખ આવી હોય એમ ઊછળતીકૂદતી બંગલાનાં પગથિયાં ચડવા લાગી. અંગ અંગમાં રોમાંચ ને હૈયામાં થનગનાટ. સફેદ આરસમાંથી ઘડેલી પ્રતિમા જેવું ઝળહળતું સૌંદર્ય. ગોરો વર્ણ. પૂનમના ચાંદ જેવો ગોળ ચહેરો. નીલા ને કાળા રંગના મિશ્રણ સમો ઝીણાં આભલાં ભરેલો કુર્તો ને એવા જ રંગના પ્લાઝોની ઉપર ઓઢણી લહેરાઈ રહેલી. નીલી ઓઢણી પર છાંટેલાં બાદલા ટુકડે ટુકડે ઝળકતા ચંદ્રની યાદ અપાવતો. કેડ સુધી લહેરાતા કાળા ભમ્મર વાળમાં આંગળીઓ ફેરવતી મિસરી આઠ પગથિયાં ચડીને ઓસરીમાં આવી. ઉતાવળે પગલે ઓસરી વટાવીને મિસરી દીવાનખંડમાં આવી. લાંબાપહોળા દીવાનખંડમાં જલતી બત્તીના પ્રકાશમાં ખૂણે ખૂણે નજર ફેરવી લીધી. મલ્હાર ન દેખાયો... કદાચ એ પોતાની અંગત લાઇબ્રેરીમાં હશે એમ માનીને દીવાનખંડને ઓળંગીને કાટખૂણે આવેલા સ્ટડીરૂમને ઉંબરે પહોંચી. સ્ટડીરૂમની ડીમ લાઈટમાં જે દૃશ્ય નજરે પડ્યું એ જોઈને મિસરી ચીસ પાડી ઊઠી. ચક્કર ખાઈને બેહોશ થઈને ઢળી પડી.

મિસરી હોશમાં આવી ત્યારે આંખોને ભાર લાગતો હોય એમ હળવે હળવે પોપચાં ખોલ્યાં. આંખો ખૂલી એટલે ચકળવકળ નજરે ચારેકોર જોવા લાગી. આજુબાજુ જોતાં એને ખબર પડી કે એ મલ્હારના ઘરના કોચ પર સૂતેલી. જાણે પહાડ ચડીને આવી હોય એવો થાક અનુભવી રહેલી મિસરી. અંગ અંગ શિથિલ ને અશક્ત બની ગયેલું. પરિસ્થિતિ સમજવા મથી રહેલી મિસરી. એવામાં એને કાને મલ્હારના કાકા યશવંતસિંહ રાઠોડનો ગમગીન અવાજ પડ્યો : ‘ઈન્સ્પેક્ટર બક્ષી, મલ્હાર મારા સ્વર્ગવાસી મોટા ભાઈ અને ભાભીનો એકનો એક પુત્ર હતો. આ બંગલો, પ્રોપર્ટી અને સઘળી સંપત્તિ એની જ હતી. હું તો મોટા ભાઈની મિલકતનો ટ્રસ્ટી માત્ર હતો. ત્રણ દિવસ પછી એના જન્મદિન નિમિત્તે હું બધું એને સોંપી દેવાનો હતો. મારો એકનો એક ભત્રીજો હતો મલ્હાર. અમે કાકાભત્રીજો એકમેકનો સહારો હતા. પણ ન જાણે કોની બૂરી નજર લાગી ગઈ ને મલ્હાર...મારો મલ્હાર..’

આટલું સાંભળતાં તો મિસરી એકદમ ઊભી થવા ગઈ. પણ અશક્તિને કારણે ફસડાઈ પડી. એણે બળપૂર્વક શરીરની હણાયેલી શક્તિ ભેગી કરી. દીવાલે અઢેલા કોચના હાથાનો ટેકો લઈને પ્રયત્નપૂર્વક ઊભી થઈ. પછી વાવાઝોડાની માફક બહાર ધસી આવી. જાજરમાન દેખાતા યશવંતસિંહની સામે જોઈને પૂછ્યું : ‘મલ્હાર ક્યાં છે...તમે ક્યારનાય એના વિશે મલ્હાર તમારો ભત્રીજો છે એમ કહેવાને બદલે મલ્હાર તમારો ભત્રીજો ‘હતો’ એમ કેમ કહ્યા કરો છો ?’

યશવંતસિંહે આંખે રૂમાલ દાબ્યો. કંઇક કહેવા એમના હોઠ ફફડ્યા, પણ જબાને સાથ ન આપ્યો. એથી ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ મોરચો સંભાળ્યો : ‘અમે તમારા ભાનમાં આવવાની જ રાહ જોઈ રહેલા.’

‘અરે, પણ થયું છે શું? બેચેન ને બેબાકળી બનેલી મિસરીના સ્વરમાં ચિંતા ભળી : ‘મલ્હાર ક્યાં છે.. ક્યાંક.. ક્યાંક...એને ગોળી તો નથી વાગી ને?’

‘ગોળી.. તમને કેવી રીતે ખબર કે મલ્હારને ગોળી વાગી છે ?’ ઈન્સ્પેક્ટર બક્ષીએ તીખાશથી પૂછ્યું.

‘ઇન્સ્પેક્ટર, મારી સામે જ તો મલ્હારને ગોળી મારવામાં આવેલી...’ મિસરીની આંખોમાંથી અશ્રુધારા વહી રહી : ‘હું ને મલ્હાર એકમેકને પ્રેમ કરતાં. ત્રણ દિવસ પછી મલ્હારના ચોવીસમા જન્મદિન નિમિત્તે રાખેલી પાર્ટીમાં અમારી સગાઇ થવાની હતી. એ અંગે ચર્ચા કરવા મલ્હારે મને બોલાવેલી. પણ હું ઉંબરે આવી ત્યારે મેં જોયું કે.. જોયું કે સ્ટડીરૂમની ઇઝી ચેરમાં બેઠેલા મલ્હાર સામે કોઈ ઊભેલું. મારા તરફ એની પીઠ હતી. મને કાંઈ સમજ પડે એ પહેલાં તો એ ઊંધો ફર્યો. મારી સામે જોઈને, અટ્ટહાસ્ય કરીને પેલાએ ગોળી છોડી. ને હું...હું... બેભાન થઈને ઢળી પડી... ઇન્સ્પેક્ટર, મને કહો કે મલ્હારને તો કંઈ થયું નથી ને... એ સલામત તો છે ને ?’

‘સોરી, મિસરી...’ ઈન્સ્પેક્ટર કરણ બક્ષીએ સહાનુભૂતિથી કહ્યું : ‘મલ્હાર હવે આ દુનિયામાં રહ્યો નથી. ગોળી એની છાતીને આરપાર વીંધી જવાને કારણે એનું મૃત્યુ થયું છે. વળી ખૂની ખૂનનું હથિયાર પણ લઈ ગયો છે.’

‘ના, ના.. આ ખોટું છે.. એક વાર કહી દો કે મલ્હાર સહીસલામત છે...’ મિસરીના અંગ અંગમાંથી લોહી નીચોવાઈ ગયું હોય એમ એના ચહેરાનું નૂર ગાયબ થઈ ગયું. શરીરનું ટીપે ટીપું લોહી નીચોવાઈ ગયું હોય એમ એનો રંગ ફિક્કો પડી ગયો. એણે ડૂસકું મૂક્યું : ‘કહી દો કે મલ્હારને કાંઈ નથી થયું.’

‘કાશ ! હું એમ કહી શકત...’ ઈન્સ્પેક્ટર બક્ષીએ મિસરીને આશ્વાસન આપ્યું. યશવંતસિંહ કાળજા પર પથ્થર મૂકીને આંખોના ખૂણા લૂછી રહેલા. વાતાવરણમાં તંગદિલી પ્રસરી ગયેલી. ખામોશી છવાઈ ગયેલી. એ ઉદાસ ખામોશીને તોડતાં ઈન્સ્પેક્ટર બક્ષીએ મિસરીને પૂછ્યું : ‘જુઓ, જે થવાનું હતું તે થઈ ગયું. જે થયું છે એ ન થયું થવાનું નથી. પણ તમે નથી ઈચ્છતા કે મલ્હારનો ખૂની પકડાઈ જાય?’

‘સાહેબ...’ મિસરીની શકલ એકદમ ફરી ગઈ. એણે આંસુ લૂછી નાખ્યાં. ચંડીનું રૂપ ધારણ કરીને દૃઢ નિશ્ચય સાથે બોલીઃ ‘તમે કાંઈ પણ કરીને મલ્હારના ખૂનીને પકડો. એને જેલના સળિયા પાછળ ધકેલો ને ફાંસીને માંચડે ચડાવો. ત્યારે જ મારું મન શાંત થશે.’

‘ખૂની સુધી પહોંચવા માટે તમારે મને મદદ કરવી પડશે...’ કરણ બક્ષીએ કહ્યું : ‘હવે હું જે પૂછું એના વિચારીને જવાબ આપજો. તમારી નજર સામે જ ખૂનીએ મલ્હારને ગોળી વીંધી છે. એટલે તમે ખૂનીને જોયો તો છે. કોણ હતું એ?’

‘ઓળખવામાં તો એવું છે કે...’ મિસરી વિચારી રહી. થોડી વાર રહીને બોલી : ‘હું મોડી સાંજે મલ્હારને ઘેર એટલે કે અહીં આવેલી. એના સ્ટડીરૂમમાં ડીમ લાઈટ હોવાથી પ્રકાશ ઝાંખો હતો. એટલે ખૂનીનો ચહેરો તો હું સ્પષ્ટ જોઈ શકી નથી, પણ એટલું કહી શકું કે ખૂનીએ અટ્ટહાસ્ય કર્યું ત્યારે મેં જોયેલું કે એનો ઉપલો દાંત ચળકી રહેલો. જાણે સોનાનો દાંત હોય.’

‘સોનાનો દાંત...?’ યશવંતસિંહ ચમકીને બોલ્યા : ‘મિસરી, સોનાનો દાંત તો તારા મિત્ર સમીર સોનવાલાનો પણ છે ને ?’

‘હા, સમીરનો દાંત સોનાનો છે.’ મિસરી બોલી. પછી ઉમેર્યું : ‘પણ સમીર ખૂની હોઈ શકે એવું માનવા મારું મન તૈયાર નથી. પણ હા, એક વાત કહી શકું કે ખૂનીના હાથમાં રેડિયમની ઘડિયાળ ઝગારા મારી રહેલી.’

‘તારો મિત્ર અનંત જાગીરદાર પણ એવી ઝગારા મારતી ઘડિયાળ પહેરે છે છે...’ યશવંતસિંહ બોલ્યા. સહેજ વિચારીને ઉમેર્યું : ‘એ ખૂની ન હોઈ શકે?’

‘કાકા, કોઈ પુરાવા વિના હું અનંત પર આળ કેવી રીતે મૂકી શકું?’ મિસરી મૂંઝવણમાં મુકાઈ. બોલી : ‘એમ તો ખૂની મારી તરફ ફર્યો, ત્યારે મેં જોયેલું કે એણે કાળાં રંગનાં ચશ્માં પહેરેલાં. એવાં ચશ્માં તો મારો મિત્ર તારક તેજપાલ પણ પહેરે છે. એનો અર્થ એ થોડી છે કે ખૂની તારક હોય.’

‘મને લાગે છે કે મિસરીની વાત સાચી છે...’ ઇન્સ્પેક્ટર કરણ બક્ષી કહી રહ્યો : ‘સોનાના દાંત, રેડિયમની ઘડિયાળ અને ચશ્માંને આધારે આપણે મિસરીના મિત્રો પર ખૂનનો આરોપ ન મૂકી શકાય. વળી મહત્ત્વનો મુદ્દો એ છે કે મિસરીના જ મિત્રો એના પ્રેમીનું ખૂન શા માટે કરે?’

‘એટલા માટે કરે કે એ ત્રણેય મિસરીને પ્રેમ કરતા ને એની સાથે લગ્ન કરવા ઉત્સુક હતા...’ યશવંતસિંહે રહસ્ય પરથી પરદો ઉઠાવ્યો : ‘પણ મિસરીએ કળશ ઢોળ્યો મલ્હાર પર. એથી બનવાજોગ છે કે પેલા ત્રણ ભુંરાટા થયા હોય ને ગુસ્સાના આવેશમાં આવીને એમણે ત્રણેયે થઈને કે પછી કોઈ એકે બીજાનો વેશ ધરીને મલ્હારનું ખૂન કર્યું હોય. વળી અનંત પાસે તો રિવોલ્વર પણ છે. એ રિવોલ્વરથી જ એણે ખૂન કર્યું હોય ને પછી રિવોલ્વર સાથે લઈ ગયો હોય એ શક્ય નથી ?’

‘કાકા, આ બધું તમે કઈ રીતે જાણો છો ?’ કરણના સ્વરમાં શંકા ભળી.

‘ઈન્સ્પેક્ટર સાહેબ...’ યશવંતસિંહે ખુલાસો કર્યો : ‘હું ને મલ્હાર ભલે કાકાભત્રીજો હોઈએ, પણ અમારા સંબંધો મિત્રો જેવા હતા. એ મને બધી જ વાતો કહેતો. સમીર, અનંત અને તારક મિસરીને પરણવા ઉત્સુક હતા એ પણ મલ્હારે જ મને કહેલું. વળી મિસરીની પાર્ટીમાં મેં એના મિત્રોને જોયેલા. એમને મળેલો ને વાતચીત પણ કરેલી. એથી જ સમીરના સોનાના દાંત, અનંતની રેડિયમની ઘડિયાળ અને તારકના કાળાં ચશ્માં પહેરવાના શોખ અંગે હું બધું જાણું છું.’

‘હં,...’ કરણ બક્ષીને ગળે વાત ઊતરી. પછી મિસરીને પૂછ્યું : ‘શું કાકાની વાત સાચી છે? સમીર, અનંત અને તારક તમને ચાહતા હતા? એમણે ત્રણેયે તમારી સામે લગ્નનો પ્રસ્તાવ મૂકેલો?’

‘અ..અ...હા ઇન્સ્પેક્ટર...’ મિસરી સહેજ અચકાઈને બોલી : ‘એમાં એવું છે કે અમે ચારેય કોલેજમાં એક જ ક્લાસમાં ભણતાં. સાથે ભણવાને કારણે અમે સારા મિત્રો બની ગયેલા. હું તો સમીર, અનંત અને તારકને મિત્રો જ માનતી. આજે પણ મિત્ર માનું છું. મને એમ કે સમીર, અનંત અને તારક પણ મને મિત્ર જ માને છે. પણ થોડા દિવસ પહેલાં એક પછી એક ત્રણેયે મારી સમક્ષ પ્રેમનો એકરાર કર્યો અને લગ્નનો પ્રસ્તાવ પણ મૂક્યો.’

‘હં, પછી...પછી તમે શું કર્યું?’ કરણ બક્ષી જાણવા આતુર જણાયો.

‘મેં ત્રણેયના પ્રેમનો સવિનય ઇનકાર કર્યો.’ મિસરી મ્લાન હસી : ‘કારણ કે હું તો મલ્હારને પ્રેમ કરતી હતી. મેં સમીર, અનંત અને તારકને જણાવ્યું કે હું મલ્હારને ચાહું છો. ને એની સાથે જ લગ્ન કરીશ. એટલું જ નહીં, મેં તો મલ્હાર સાથે ત્રણેયની મુલાકાત પણ કરાવી.’

‘મુલાકાત કરાવી?’ યશવંતસિંહ અને કરણ બક્ષી એકસાથે પૂછી રહ્યા : ‘પછી શું થયું ?’

‘ખાસ કાંઈ નહીં...’ મિસરી બોલી : ‘અમે કોફી હાઉસમાં મળ્યાં. મેં મલ્હારની ઓળખાણ સમીર, અનંત અને તારક સાથે મારા મિત્રો તરીકે કરાવી. મલ્હાર એમને મળીને ખુશ થયો. સામે પક્ષે સમીર, અનંત અને તારકે પણ ખુશી જાહેર કરી. અમને અભિનંદન આપ્યાં. બસ, એ વખતે તો એથી વિશેષ કાંઈ થયું નહોતું. પણ બીજે દિવસે...’

‘અટકી કેમ ગયાં.. કહો, બીજે દિવસે શું થયું ?’ કરણ પૂછી રહ્યો.

‘સાહેબ, બીજે દિવસે અનંત મારે ઘેર આવ્યો...’ મિસરીની આંખો સામે એ દિવસનું દૃશ્ય ઊપસ્યું : ‘મેં એને હસતે મુખે આવકાર્યો. પણ એના ચહેરા પર કરડાકી હતી. આંખોમાંથી પણ જાણે અંગારા વરસી રહેલા. હું એને કશું પૂછું એ પહેલાં તો એ ઉશ્કેરાઈને બોલ્યો, તું મારી નહીં થાય તો કોઈનીયે નહીં થઈ શકે. હું તને પણ જોઈ લઈશ અને મલ્હારને પણ... જોઉં છું કે તું મલ્હારને કેવી રીતે પરણે છે...એમ કહીને સમીર મુઠ્ઠીઓ વાળીને ચાલ્યો ગયેલો.’

‘જોયું સાહેબ...’ યશવંતસિંહ ઉગ્ર થઈને બોલ્યા : ‘મેં કહેલું ને કે અનંત પાસે રિવોલ્વર છે. મલ્હારને રસ્તામાંથી હટાવવા માટે ખૂન એણે જ કર્યું હશે !’ કરણ બક્ષીએ અનંત ઉપરાંત સમીર અને તારકને પણ ફોન કરીને યશવંતસિંહને ઘેર આવવાની સૂચના આપી. એટલામાં તો મિસરી વ્યાકુળ થઈને બોલી :

‘પણ કાકા...મલ્હારને જોઈ લેવાની ધમકી તો સમીર અને તારકે પણ આપેલી. અનંતના ગયા પછી એ બેય પણ વારાફરતી મારે ઘેર આવેલા. સમીરે હવામાં હાથ વીંઝતા ગર્ભિત રીતે કહેલું કે એ મલ્હારનો ટોટો પીસી નાખશે. અને કોઈ પણ સંજોગોમાં મને મલ્હાર સાથે પરણવા નહીં દે. મેં એને વારવાનો પ્રયત્ન કરેલો, પણ એ કશું જ સાંભળવા તૈયાર નહોતો. એ તો ચાલતો થયેલો. એ જ રીતે તારકે પણ ચેતવણી આપતાં કહેલું કે એ મને અંતરના ઊંડાણથી ચાહે છે. એ ચાહતને ખાતર પણ મારે એની સાથે લગ્ન કરવાં જ પડશે. વળી દાંત પીસીને એ બોલેલો કે મલ્હારને કારણે હું લગ્નનો ઇનકાર કરીશ તો મલ્હારને રસ્તામાંથી હટાવીને જ એ જંપશે... જતાં જતાં એણે ધમકીની ભાષામાં કહેલું કે, મલ્હાર જીવતો હશે તો મારી સાથે લગ્ન કરશે ને?’

‘પછી તમે મલ્હારને એ વિશે જણાવેલું ખરું?’ કરણે પૂછ્યું.

‘હા સાહેબ, હું તો ડરી ગયેલી...’ મિસરી બોલી : ‘મેં મલ્હારને ત્રણેયની ધમકી વિશે જણાવેલું. પણ એણે ધમકીને હસવામાં ઉડાવી દીધેલી. પછી એણે કહેલું કે ત્રણેયને એ સમજાવશે. પણ એ પહેલાં તો...’

મિસરીનું વાક્ય પૂરું થાય એ પહેલાં કરણ બક્ષીએ યશવંતસિંહને અણધાર્યો સવાલ પૂછી લીધો : ‘કાકા, મલ્હાર મૃત્યુ પામે એ સંજોગોમાં પ્રોપર્ટી કોને મળે?’

‘અં..એ..એ.. તો મ..મને જ મળે...’ યશવંતસિંહ અચકાઈને બોલ્યા.

‘હમ..ખૂન થવાનું વધુ એક કારણ...’ કરણ મનોમન બોલ્યો, ત્યાં તો સમીર, અનંત અને તારક આવી પહોંચ્યા. મિસરીની આંખમાંથી તણખા ઝરવા માંડ્યા. ત્રણેયે તીખી નજરથી બચવા આંખો ઢાળી દીધી. એટલામાં ઈન્સ્પેક્ટર કરણ બક્ષીએ મરચાં જેવો તીખો પ્રશ્ન કર્યો : ‘તમે લોકોએ મલ્હારને જોઈ લેવાની ધમકી મિસરીને આપેલી?’

ખોટું બોલવાનો અર્થ નહોતો. પહેલો જવાબ આવ્યો સમીર તરફથી. એ બોલી રહેલો ત્યારે એનો સોનાનો દાંત ચળકી ઊઠ્યો : ‘ઈન્સ્પેક્ટર સાહેબ, મેં મિસરીને પહેલી વાર જોઈ ત્યારે જ એના પ્રેમમાં પડી ગયેલો. મને હતું કે મિસરી પણ મને ચાહે છે. એટલે મારા લગ્નનો પ્રસ્તાવ સ્વીકારી લેશે. પણ એણે તો મને મલ્હારની વાત કરીને આંચકો આપ્યો. હું ભાંગી પડ્યો. આવેશમાં આવીને મેં એને ધમકી આપી. પણ પછી મારો આક્રોશ ઓગળતાં મને મારી ભૂલનું ભાન થયું ને મિસરીની માફી માગવાનું વિચાર્યું...સોરી મિસરી...!’

સમીરે બોલવાનું પૂરું કર્યું એટલે ઝગમગતી રેડિયમની ઘડિયાળ પહેરેલો અનંત પોતાના બચાવમાં કહી રહ્યો.: ‘હું પણ મિસરીને ચાહવા લાગેલો. પણ મારા લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવીને એણે મલ્હારની વાત કરી. એથી ક્રોધે ભરાઈને મેં એને ધમકી આપેલી. પણ પછી મને એ બાબતનો પસ્તાવો થયેલો. મારે એવી ધમકી આપવી જોઈતી નહોતી.’

અનંત પછી કાળા ચશ્માં પહેરવાનો શોખીન તારક સફાઈ પેશ કરવા લાગ્યો : ‘હું પહેલી નજરે મિસરીને પ્રેમ કરવા માંડેલો. પ્રેમ કરવો એ કાંઈ ગુનો તો નથી જ. મેં પણ એને પરણવાનો પ્રસ્તાવ મૂક્યો. પણ એણે મારો પ્રસ્તાવ ઠુકરાવી દીધો. ઉપરથી જખમ પર મીઠું ભભરાવતી હોય એમ મલ્હારની ઓળખાણ કરાવી. મને તો થયું કે મલ્હાર નામનો કાંટો કાઢી નાખું. એટલે જ મેં મિસરીને ધમકી આપેલી કે મલ્હાર જીવતો હશે તો લગ્ન કરશે ને? પણ મલ્હારનું ખૂન થયું ત્યારે હું તો એક પાર્ટીમાં ગયેલો. ને મારી પાસે પિસ્તોલ હોય એનો અર્થ એ નથી કે મેં મલ્હારનું ખૂન કર્યું છે. સાચું કહું છું, મેં એનું ખૂન કર્યું નથી!’

ઈન્સ્પેક્ટર કરણ બક્ષી તમામ નિવેદનો અંગે મંથન કરતો રહ્યો. પછી સહુની સામે જોઈને બોલ્યો : ‘ખૂની કોણ છે એ હું જાણી ગયો છું. એ આ જ ખંડમાં ઉપસ્થિત છે... આમ તો યશવંતસિંહ પર શંકા મેં કરેલી. કારણ મલ્હારનું મૃત્યુ થાય એ સંજોગોમાં સઘળી સંપત્તિના એ માલિક બની જાય. મલ્હારના મોતથી એમને ફાયદો જ થવાનો હતો. ઉપરાંત એમનું એક વાક્ય. મેં માત્ર ગોળી છોડાયાની વાત કરેલી. ગોળી કયા હથિયારમાંથી ચલાવાઈ છે એ તો મેં કહ્યું જ નહોતું. છતાં એમણે કહેલું કે અનંત પાસે રિવોલ્વર છે. એથી એણે ખૂન કર્યું હશે. બસ, એ મુદ્દે મને એમના પર શંકા ગયેલી. પરંતુ ખૂન રિવોલ્વરથી થયું નથી. અનંત પાસે રિવોલ્વર હોવાથી ખૂન એના વડે જ થયું હોવાની ધારણા યશવંતસિંહ બાંધી બેઠેલા એ હું સમજી ગયો. વળી ખૂનનું હથિયાર પણ જુદું જ હતું. એથી એક બાબત સ્પષ્ટ થઈ ગઈ કે સંપત્તિની લાલચે ખૂન યશવંતસિંહે કર્યું નથી. પણ અહીં ઉપસ્થિતોમાંથી કોઈએ એવું નિવેદન કર્યું છે જેનાથી દીવા જેવું સ્પષ્ટ થઈ ગયું છે કે ખૂની કોણ છે. એ ખૂની તમે છો તારક તેજપાલ!’

‘સાબિત કરો, ઇન્સ્પેક્ટર..’ તારકે પડકાર ફેંક્યો.

‘તો સાંભળો મિસ્ટર તારક...’ કરણ બક્ષીના અવાજમાં કરવતની ધાર ભળી : ‘બહુ ડાહ્યા બહુ ખરડાય. મેં માત્ર એટલું પૂછેલું કે તમે મલ્હારને જોઈ લેવાની મિસરીને ધમકી આપેલી...મલ્હારના ખૂન અંગે તો મેં કહ્યું જ નથી. છતાં તમારા મનમાં બેઠેલા ચોરે બફાટ કર્યો કે મલ્હારનું ખૂન થયું ત્યારે હું તો એક પાર્ટીમાં ગયેલો. મારી પાસે પિસ્તોલ છે એનો અર્થ એ નથી કે મેં એનું ખૂન કર્યું છે. મલ્હારની છાતીનો ઘા જોઈને હું પારખી ગયેલો કે એ જખમ પિસ્તોલનો છે. ખૂનનું હથિયાર પિસ્તોલ છે. પણ તારક પર શક ન જાય અને સમીર તથા અનંત ભણી શંકાની સોય તકાય એ માટે એણે સોનાનો દાંત ચડાવ્યો હશે ને રેડિયમની ઘડિયાળ પહેરી હશે.

મિસ્ટર તારક, હવે તમારા નિવેદનને આધારે ત્રણ પ્રશ્ન : એક, મલ્હારનું ખૂન થયું છે એ તમને કેવી રીતે ખબર પડી... બે, ખૂનનો સમય કયો હતો એ તમને કેવી રીતે ખબર પડી અને ત્રણ, તમને કેવી રીતે ખબર પડી કે ખૂન પિસ્તોલથી થયું છે?’

તારક નીચું જોઈ ગયો. બોલવા જેવું કાંઈ હતું જ નહીં. હાથનાં કર્યાં હૈયે વાગેલાં એને. એણે ચૂપચાપ ગુનો સ્વીકારી લીધો. એ જોઈને કરણ બક્ષી મિસરીને સાંત્વનાના સૂરે કહી રહ્યા : ‘આવો મિત્ર જેનો હોય એને શત્રુની શું જરૂર?’ ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

### ટાઇડ્સ ઈકો હોલ-રોંગચેંગ-શેન્ડોંગ પ્રાંત-ચીન

# સમુદ્ર પ્રત્યેનો શાંત ને સરળ પ્રતિભાવ



ટ્રેસ આર્કિટેક્ચર ઓફિસ દ્વારા નિર્ધારિત કરાયેલ આ એક ચર્ચાસ્પદ રચના છે. ચીનના શેન્ડોંગ પ્રાંતના રોંગચેંગમાં વર્ષ ૨૦૨૪માં તૈયાર થયેલ આ એક સ્થાનિક સમુદ્રના તટ પાસે ભરતીની પરિસ્થિતિને માણવા માટે બનાવાયેલ સામાજિક તેમજ વ્યાપારિક સ્થાન છે. એક અવલોકન પ્રમાણે આ મકાનને દરિયા કાંઠાના થ્રેશહોલ્ડ તરીકે ઓળખવામાં આવે છે, અર્થાત આ મકાન એક ઉંમરો છે. તેને ઓળંગતા જ દરિયાના વિસ્તારમાં પ્રવેશ થઈ જાય છે. સંવેદનશીલતાથી જોતાં આમ થતું લાગે પણ છે. કુદરતના એક વિસ્તાર અને બીજા વિસ્તાર વચ્ચેનું અથવા તો જમીન અને સમુદ્ર વચ્ચેનું આ સીમા-સ્થાન છે.

આ રચનાનું સ્થાન, કુદરતી માહોલના સંદર્ભમાં ઘણું મહત્ત્વનું છે. અહીં ત્રણ તરફ ગાઢ લીલોતરી છવાયેલી છે તો ચોથી તરફ સમુદ્ર પથરાયેલો છે. આવાં સ્થાન પરની રચનાના નિર્ધારણમાં વધુ સંવેદનશીલતા રાખવી પડે. ચારે બાજુની લીલોતરીની પોતાની માગ હોય અને સમુદ્ર પણ પોતાનું મહત્ત્વ સ્થાપવા પ્રયત્ન કરે. તેમાં પણ જ્યારે આ પ્રકારની પરિસ્થિતિ ચારે તરફ હોય ત્યારે સ્વાભાવિક રીતે મકાનને ચો-મુખી બનાવવું પડે. મજાની વાત એ છે કે અહીં આ પ્રમાણે પ્રયત્ન પણ થયો છે અને તે સફળ છે તેમ પણ કહી શકાય. દ્વીપકલ્પ જેવાં માહોલમાં આ ઉલ્લેખનીય પ્રયત્ન છે. આ રચનાથી જાણે માનવ પ્રવૃત્તિ અને કુદરતી પરિસ્થિતિ



વચ્ચે સંપર્ક સાધવાનો પ્રયત્ન કરાયો છે. આને કારણે કેટલાક લોકો આ રચનાને ‘અવકાશી પુલ’ તરીકે પણ વર્ણવે છે. જોકે આ પ્રકારની રજૂઆતમાં કંઈક અતિશયોક્તિ જણાય છે.

ઉપયોગિતાની દ્રષ્ટિએ અહીં ચર્ચા-સભા અને પરિષદ માટેનું સ્થાન છે, સાથે સંલગ્ન જાહેર તેમજ અંગત ભોજન-સમારંભ માટેની વ્યવસ્થા છે, સાંસ્કૃતિક તેમજ કલાત્મક પ્રદર્શન માટેની વ્યવસ્થા પણ છે અને તે ઉપરાંત જાહેર સંસ્થામાં જે જે સગવડતાની આવશ્યકતા હોય



તે બધું જ અહીં છે. આ સમગ્ર રચના જાણે ત્રણ વિભાગમાં ગોઠવાઈ છે. મુખ્ય પ્રદર્શન અને ચર્ચા-સભા માટેનું સ્થાન સમુદ્રની નજીક પૂર્વ તરફ રખાયું છે, જ્યારે પશ્ચિમની લીલોતરી તરફ રેસ્ટોરાં ગોઠવાઈ છે. અહીં એક અનૌપચારિક કહી શકાય તેવો ફૂડ-કોર્ટ પણ છે જેનો દરિયા સાથેનો સંબંધ વધુ દૃઢ રહેવાની સંભાવના જણાય છે. આ બધાં સ્થાન વચ્ચે વ્યવસ્થિત અને યોગ્ય પ્રમાણમાપ વાળા અંતરાલ પ્રયોજાયાં છે. આ વચ્ચેની જગ્યાઓ સમગ્ર રચનાને એક પ્રકારની જીવંતતા બક્ષે છે. અહીં ભલે ઉપયોગિતાનો સમાવેશ થયો હોય, પરંતુ સમગ્રતામાં મકાનના નિર્ધારણમાં ઉપયોગિતા ઉપરાંતની અનુભૂતિને વધુ મહત્ત્વ અપાયું હોય તેમ જણાય છે. અહીં દરેક જગ્યા જે રીતે એકબીજા સાથે ગૂંથાઈને બહારની



તરફ પ્રસરે છે તે રસપ્રદ છે.

પરસ્પર ભળી જતી જગ્યાઓ, આંતરિક અને બાહ્ય સ્થાન વચ્ચે સ્થાપિત થતો દ્રઢ સંબંધ, કુદરતી ભૌગોલિક પરિસ્થિતિને અપાયેલ સકારાત્મક પ્રતિભાવ, ઊંચકાયેલી અને હવામાં તરતી હોય તે પ્રમાણે જણાતી છત, ભૌમિતિક આકારોનો કરાયેલ રચનાત્મક ઉપયોગ, પારદર્શિતાને અપાયેલું મહત્ત્વ, જુદાં જુદાં ‘માસ’નું રસપ્રદ ‘કમ્પોઝિશન’, આવનજાવનના માર્ગમાં સ્થાપિત થતી રસિકતા, છતનાં વિવિધ ભાગ સાથે સંકળાયેલ વિશેષ પ્રકારની અનુભૂતિ, દરેક સ્થાનેથી સ્થપાતો કુદરત સાથેનો દૃશ્ય સંપર્ક, વળાંકાકાર દીવાલોથી ઊભી થતી નાટકીયતા, પ્રકાશ અને છાયાનો રસપ્રદ સમન્વય તથા સ્પષ્ટ વિભાગીકરણ હોવા છતાં એક મકાન તરીકે સ્થાપિત થતી અનુભૂતિ - આ મકાનની આ કેટલીક ખાસિયતો છે. વળી, કુદરતી પરિસ્થિતિ સાથે વિરોધાભાસી કહી શકાય તેવું રંગરોગાન હોવાં છતાં આજુબાજુની પરિસ્થિતિ સાથે આ મકાન જાણે સરળતાથી જોડાઈ જાય છે. આ માટે તેની રચનામાં પ્રયોજાયેલ આકારો, સાથે પરસ્પર સંકળાય ખુલ્લી જગ્યાઓ અને તેનું માનવીય પ્રમાણમાપને મહત્ત્વનાં ગણી શકાય. આ ઉપરાંત સમગ્ર મકાનમાં કુદરતી હવા ઉજાસની ભરપૂર સંભાવના છે.

ચીનમાં બનતાં અન્ય મકાનોની જેમ અહીં ઘોંઘાટ નથી, બિનજરૂરી ચમકતી તેમ જ રંગીન સપાટી નથી, અસાંદર્ભિક આકાર નથી, બિનજરૂરી વિશાળતા નથી, જબરજસ્તીથી કરાયેલી સ્થાપત્યની નવી સામગ્રી તેમજ નવી તકનીકનો ઉપયોગ નથી, અને સૌથી અગત્યનું, દેશનું જે તે પ્રકારનું સામર્થ્ય દર્શાવવાનો પ્રયત્ન નથી. આ એક શાંત રચના છે જેમાં બહારની કુદરતી પરિસ્થિતિ સાથે સંવેદનશીલ વ્યવહાર છે. આ એક સૌમ્ય રચના છે જ્યાં કોઈપણ બાબત હાવી થવા પ્રયત્ન નથી કરતી. સરળતા સાથે અહીં રચનાત્મક સૌંદર્ય છે જે નજરને પકડી રાખવા સમર્થ છે. આ બધા સાથે અહીં ઉપયોગિતામાં કોઈ બાંધછોડ નથી, અહીંનું દરેક સ્થાન નિર્ધારિત કરેલી ઉપયોગિતા માટે સાર્થક છે. સ્થાપત્યની અન્ય કેટલીક રચનાઓ જે તે પ્રકારનાં નખરાંને કારણે શરૂઆતના તબક્કામાં જોવી ગમી પણ જાય, પણ તેના સ્થાને અહીં લાંબા સમય સુધી મનને પસંદ પડી શકે તેવી રચના માટે પ્રયત્ન કરાયો છે.■

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# ભારતીય શસ્ત્રો વત્તા ‘હાથરૂમાલ’નું વૃક્ષ

## યુકેના ફિટ્ઝવિલિયમ મ્યુઝિયમમાં પાંચ લાખ કલાકૃતિનું નજરાણું છે



‘લટકતા રૂમાલ’નું વૃક્ષ




ચાની કીટલી પર પ્રેસિડેન્ટ

૨૧૦ વર્ષ પહેલા, ચોક્કસ કહીએ તો ચોથી ફેબ્રુઆરી,૧૮૧૬ના દિવસે આઈરીશ ઉમરાવ મિસ્ટર રિચર્ડ ફિટ્ઝવિલિયમનું ૭૧ વર્ષની ઉંમરે અવસાન થયું અને કેમ્બ્રિજ યુનિવર્સિટીને બખ્ખા થયા. ના, એ કોઈનો દુશ્મન નહોતો કે એના અવસાનથી આનંદ થાય. નિધન પશ્ચાત ઉમરાવ સાહેબ બેમિસાલ પેન્ટિંગ્સનો સંગ્રહ, શાનદાર પુસ્તકો, હસ્તપ્રતો, મહાન સંગીતકારોએ હાથે લખેલી સ્વર રચનાઓનો અલભ્ય ખજાનો યુનિવર્સિટીને સોંપતા ગયા. એટલું જ નહીં, એક આલીશાન મ્યુઝિયમ બનાવવા એક લાખ પાઉન્ડ (આજના ૧ કરોડ ૬૦ લાખ પાઉન્ડ) મૂકતા ગયા. એ ધનની મૂડી અને કલાના વૈભવમાંથી તૈયાર થયું ફિટ્ઝવિલિયમ મ્યુઝિયમ. આજની તારીખમાં યુકેનું આ સૌથી પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત મ્યુઝિયમ ગણાય છે. ત્યાંની કલાકૃતિઓ અને પ્રાચીન વસ્તુઓના સંગ્રહની પાંચ લાખથી વધુ કલાકૃતિ સહેલાણીઓને મોહ પમાડે છે.

મ્યુઝિયમમાં પાંચ વિભાગ છે, જેમાં એન્ટિકવીટીઝ (પ્રાચીનકાળની વસ્તુઓ), એપ્લાઈડ આર્ટ્સ (માટીમાંથી તૈયાર કરાયેલી કલાકૃતિઓ), કોઇન્સ એન્ડ મેડલ્સ (સિક્કા અને ચંદ્રકો), રેર મેન્યુસ્ક્રિપ્ટ્સ એન્ડ બુક્સ (અલભ્ય હસ્તપ્રત અને પુસ્તકો) અને પેન્ટિંગ્સ, ડ્રોઈંગ્સ અને પ્રિન્ટ્સ (પીંછીથી કરેલું રંગીન ચિત્રકામ, પેન્સિલથી બનાવેલાં ચિત્રો અને છપાઈકામ)નો સમાવેશ છે.

મ્યુઝિયમ ૧૮૪૮માં જાહેર જનતા માટે વિનામૂલ્યે પ્રવેશ આપી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ચારેક કલાક ટહેલવાનો લાભ લીધો અને તોય ઘણું જોઈ પણ ન શકાયું. અમુક પર અધિક રસ પડતા તો બીજી અનેક પર ઉપરછલ્લી નજર કરી સંતોષ માનવો પડ્યો. આપણે એની કેટલીક વિશેષતા અહીં માણીએ...

### ભારતીય શસ્ત્રો તથા પેન્ટિંગ્સ

દશેક મિનિટ લટાર માર્યા પછી એક જગ્યાએ ભારતીય લાગતા કેટલાક સહેલાણીઓ આંગળી ચીંધી એકબીજાને કશુંક દેખાડી રહ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું. જઈને જોયું તો કેટલાંક ભારતીય શસ્ત્રો હતાં. નામ અંગ્રેજીમાં હતા, પણ સાથે ભારતીય નામ પણ આપવામાં આવ્યા હતા. શસ્ત્રોના નામ હતાં Flail (Indian, possibly 17th century), Khanda (Sword), Gujarat, South Indian, possibly 17th century, Sang (Spear head), South Indian, late 16th century....

કાંગડા પેન્ટિંગ તરીકે ઓળખાતી હિમાચલ પ્રદેશની ચિત્રકલા શૈલીના એક નમૂના સ્વરૂપે રાધા - કૃષ્ણનું એક મનમોહક ચિત્ર પણ આકર્ષણનું કેન્દ્ર હતું. મ્યુઝિયમમાં મળેલી જાણકારી અનુસાર ૨૦૧૭માં ભારતીય સ્વાતંત્ર્યની સિત્તેરમી વરસગાંઠ નિમિત્તે બે પ્રદર્શન રાખવામાં આવ્યા હતા, જેમાં ‘કાબુલથી કલકત્તા’ ચિત્ર પ્રદર્શનમાં ભારતીય પેન્ટિંગ્સ ફિટ્ઝવિલિયમ મ્યુઝિયમનું પ્રમુખ આકર્ષણ બન્યા હતા.

### યુએસ પ્રેસિડેન્ટ કીટલી પર

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના પ્રેસિડેન્ટ વિશ્વનો સૌથી શક્તિશાળી સરકારી હોદ્દો ગણાય છે. તાજેતરના સમયમાં હાલના યુએસ પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પનું નામ વિશ્વભરમાં ગાજી રહ્યું છે. યુએસના વીસમા પ્રેસિડેન્ટ જેમ્સ ગારફિલ્ડનું નામ અલગ કારણસર ઐતિહાસિક બન્યું છે. માત્ર ૨૦૦ દિવસ માટે સર્વોચ્ચ હોદ્દા પર રહેલા પ્રેસિડેન્ટની રેલવે સ્ટેશન પર હત્યા કરવામાં આવી હતી. ૨૦૦ દિવસમાંથી મિસ્ટર પ્રેસિડેન્ટ માત્ર ૧૨૦ દિવસ સક્રિય રહ્યા હતા અને ૮૦ દિવસ હોસ્પિટલમાં ગુજાર્યા જ્યાં તેમનું અવસાન થયું હતું. યુએસના કુલ ૪૭ પ્રેસિડેન્ટમાં મિસ્ટર ગારફિલ્ડ એકમાત્ર પ્રેસિડેન્ટ છે જેમનું પેન્ટિંગ વોટર પિચર (પાણી અથવા અન્ય પીણું સંગ્રહ કરી પીવા માટે આપવાનું કીટલી જેવું સાધન) પર મ્યુઝિયમમાં સચવાઈને પડ્યું છે. સાડા સાત ઈંચની ઊંચાઈ અને સાડા આઠ ઈંચ પહોળાઈ ધરાવતું કીટલી જેવું આ સાધન ૧૮૮૧માં તેમની પ્રેસિડન્ટ તરીકે વરણી થઈ એ ખુશીમાં તૈયાર કરવામાં આવ્યું હતું. ૧૪૪ વર્ષ પછી પણ સિરામિકની બનેલી આ પ્રોડક્ટ હેમખેમ સચવાઈ છે. યુએસ પ્રેસિડેન્ટ લખાણ વંચાયા પછી સહેલાણીઓ આ આઈટમ રસપૂર્વક નિહાળી એના વિશે અધિક જાણકારી મેળવતા અને એની તસવીરો લેતા જોવા મળ્યા હતા.

### હેન્ડકર્ચીફ ટ્રી



ભારતીય શસ્ત્રોની ઝલક

બેટો જ્યારે બાપકમાઈ બેફામ ખર્ચવા લાગે ત્યારે પિતાશ્રી ‘પૈસા ઝાડ પર નથી ઉગતા’ એમ કહી ટપારતા હોય છે. જોકે,ગર્ભશ્રીમંત પેરન્ટ્સના પૈસાની કિંમત નહીં સમજતા યંગસ્ટર્સ હેન્ડકર્ચીફ (હાથરૂમાલ) સહિત અનેક અંગત વપરાશની ચીજવસ્તુ આડેધડ વાપરતા જોવા મળે છે. એ પરિસ્થિતિમાં જો કાન આમળી ‘રૂમાલ કંઈ ઝાડ પર નથી ઊગતા’ એમ જો એમને સંભળાવવામાં આવે તો સંતાન રોકડું પરખાવી શકે છે કે હેન્ડકર્ચીફ ટ્રી (હાથરૂમાલનું ઝાડ) છે ને, ફિકર નોટ...!

મ્યુઝિયમની નજીક આવેલા બોટનિકલ ગાર્ડનમાં આ વૃક્ષ જોવા મળે છે. હાથરૂમાલ વૃક્ષ – હેન્ડકર્ચીફ ટ્રીની શોધનો શ્રેય ફ્રેન્ચ ધર્મ પ્રચારક ફાધર અરમા ડેવિડને ફાળે છે. ૧૯૦૪માં આ વૃક્ષની વાવણી યુકેમાં કરવામાં આવી. વૃક્ષનું બોટનિકલ નામ એને શોધી કાઢનાર ધર્મ પ્રચારકના નામ પરથી આપવામાં આવ્યું છે. ૧૫ મીટર ઊંચાઈના આ વૃક્ષના પાંદડાં ૧૫ ઇંચ લાંબા, લીલાછમ અને અંડાકાર હોય છે. એના પર બે સેન્ટીમીટર વ્યાસના ગોળાકાર ફૂલ આવે છે. દરેક ફૂલ પરથી આશરે વીસેક સેન્ટિમીટર લંબાઈનો પાંદડા જેવો જ હિસ્સો નીચેની તરફ ઝૂલતો હોય છે. પાંદડાનો એ હિસ્સો લીલા રંગની બદલે સફેદ હોય છે. પવન વાય ત્યારે આ પાંદડા સફેદ રૂમાલ હવામાં લહેરાતો હોય એવા લાગતા હોવાથી એને ‘હેન્ડકર્ચીફ ટ્રી’ અથવા હાથરૂમાલ વૃક્ષ નામ મળ્યું છે. પાંખ ફફડાવતા કબૂતર જેવો ભાસ થતો હોવાથી એ ‘ડવ ટ્રી’ અથવા હાલતાચાલતા નાનકડા ભૂતનો ભાસ થતો હોવાથી એ ‘ઘોસ્ટ ટ્રી’ તરીકે પણ ઓળખાય છે.

### જોડિયા બહેનોનો જાદુ

મ્યુઝિયમમાં જોવા મળતા અનેક પેન્ટિંગ્સમાં જોડિયા બહેનોનું ચિત્ર દર વર્ષે હજારોની સંખ્યામાં સહેલાણીઓ જોતા હોય છે. જોન મિલાઇસ નામના બ્રિટિશ આર્ટિસ્ટનાં ઘણાં પેન્ટિંગ્સ મ્યુઝિયમમાં છે, પણ જોડિયા બહેનોના જાદુ સામે એ વામણા લાગે છે. મ્યુઝિયમના આર્ટિસ્ટ વિશે ઘણી માહિતી ઉપલબ્ધ છે, પણ આર્ટિસ્ટ માટે કલાકો સુધી બેસી રહેતા અને ‘સિટર્સ’ તરીકે ઓળખાતા મોડલ્સના નામ સિવાય કોઈ માહિતી નથી મળતી. જોડિયા બહેનો એમાં અપવાદ છે. આ બહેનોના પિતાશ્રી થોમસ રોલ્સ હોર એક ગર્ભશ્રીમંત પેઈન્ટર અને વાર્નિશ મેન્યુફેક્ચરર હતા. પોતાની દીકરી લંડનમાં ખ્યાતિ મેળવશે એની ખાતરી હોવાથી તેમણે મિલાઇસને જોડિયા બહેનોનું પેન્ટિંગ તૈયાર કરવા કહ્યું હતું. આ માટે મિસ્ટર હોર ૧૫૦૦ ગિની (૧૮૭૬માં ૧ ગીની = ૧.૦૫ પાઉન્ડનો દર હતો) આપવા તૈયાર થયા હતા. આટલી રકમમાંથી ૧૦૦ ઘોડા ખરીદી શકાતા હતા. આના પરથી દીકરીના ૨૦મા જન્મદિન નિમિત્તે પિતાશ્રી કેવો ગંજાવર ખર્ચ કરવા તૈયાર થયા હતા એનો ખ્યાલ આવે છે. કામમાં અત્યંત ચીવટ રાખવા માટે જાણીતા મિલાઇસે પેન્ટિંગ પૂરું કરવા આઠ મહિના લીધા હતા. મ્યુઝિયમમાં હાજર એક કલા રસિકે મહત્ત્વની જાણકારી આપી કે કોઈ પણ આર્ટિસ્ટ માટે જોડિયા – ટ્વિન્સનું પેન્ટિંગ કરવું સૌથી કપરું કામ હોય છે, કારણ કે બંનેનું સામ્ય જાળવી રાખવાનું અને તેમનામાં રહેલો ફરક પણ દેખાડવાનો હોય છે. અલબત્ત જોડિયા બહેનોના આ પેન્ટિંગમાં મિલાઇસને એમાં પૂર્ણ સફળતા મળી છે. ■

---

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ડાયાબિટીસનો આ તે કેવો ખરખરો...



ચુનિયાએ દિલાને ફોન કર્યો કે ‘તાત્કાલિક તરુણભાઈના ઘરે આવ ન બનવાનું બની ગયું છે.’

૧૩૫ કિલોનો દિલો હાંફતો હાંફતો તરુણભાઈના ઘરે પહોંચ્યો ઘરની બહાર આઠ દસ મિત્ર ચિંતાતુર ઊભા હતા. દિલાના વિશાળ દિલમાં ફાળ પડી નક્કી કાંઈક અજુગતું ઘટ્યું છે.

ભારેખમ ચહેરા સાથે ચુનીયાએ દિલાના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું કે ‘હિંમત રાખજે’.

ભીના સાદે દિલ એ પૂછ્યું ‘કઈ રીતે બન્યું?’

‘તરુણભાઈની ખાવા-પીવાની આદત...બીજું શું?’

‘ખરેખર તરુણભાઈએ ધ્યાન રાખવાની જરૂર હતી.’

‘મે નહીં કીધું હોય? પણ કોઈના બાપનું માને તો ને?’

‘હશે જે થવાનું હતું તે થઈ ગયું. તમે લાગણીથી ગુસ્સો કરો છો. પરિવારને સાંત્વના આપી?’

આ બધી ચર્ચા થતી હતી ત્યાં તરુણ ફાકી થૂંકવા ઘરની બહાર આવ્યો. નામ જ તરુણ છે -બાકી ઉંમર ૫૦ આંબી ગયા છે.

દિલા એ તરત જ કહ્યું કે ‘આ તો...તમે પણ શું ચુનીલાલ, મને તો ધ્રાસ્કો પડી ગયો હતો. ખરખરાના મૂડમાં કોઈ ફોન કરે?’

ચુનિલાલે દિલાના ૭૦ એમએમના વાસામાં જોરથી ઢીક્કો માર્યો : ‘તારામાં બુદ્ધિ નથી? રાતી રાયણ જેવો છે. હું તો કહેવા માગું છું કે તેને ડાયાબિટીસ આવ્યું...!’

’ઓ... એમ છે. તો એમાં શું થઈ ગયું? ડોક્ટરને દેખાડી દેવાનું તે કહે તે દવા લેવાની. ચાલો, તેની પાસે બેસીએ અને જાણીએ કે કઈ રીતે ડાયાબિટીસ છે તે ખબર પડી.’

ઘરમાં પરિવારના ઘેરા વચ્ચે તરુણ લમણે હાથ દઈ બેઠો હતો. ચુનિયાએ વાતનો ઉપાડ કર્યો.

‘ભલા માણસ, ભડભાદર થઈ અને હિંમત હારી ગયો? બે મહિના લીમડા ઉપર રહો એટલે ડાયાબિટીસ ગાયબ.’

તરુણે તરત જ કહ્યું કે ‘મારી હાઈટ ટૂંકી પડે. લીમડાના ઝાડ પર કઈ રીતે ચડવું અને ખડબચડા થડ પર બે મહિના બેસવું, સૂવું, ખાવું પીવું એ બધું અઘરું પડે.’

‘અરે, એમ નહીં ભલા માણસ... બે મહિના લીમડાના પાન ખાવ એમ કહું છું.’

તરુણના મગજમાં આવેલા પેંડા કડવા થઈ ગયા.

સલાહ શરૂ થાય પછી રોકાય થોડી?

‘લીમડાના પાન કરતાં રોજ રાત્રે મેથીના તેર દાણા પલાળી દેવાના અને સવારે મેથી ચાવી જવાની અને પાણી પી જવાનું.’

‘કડુ કરિયાતું બેસ્ટ હોં, સવારે નયણા કોઠે ફાકડો મારી જવાનો.‘‘

‘બધા કરતા કારેલાનો જ્યુસ અક્સીર ગણાય. રોજ સવાર સાંજ પીવાનું રાખો મહિના પછી તો મીઠાઈ ખાવી પડે એ હદ સુધી સુગર ઓછી થઈ જાય.’

તરુણ વચ્ચે બેઠો હતો અને ચારે બાજુથી યુક્રેન પર રશિયા એ જે રીતે મિસાઈલનો મારો કરેલો તે રીતે સલાહ સૂચન લમણામાં વાગતી હતી.

તરુણને મગજમાં એમ થઈ ગયું કે જો છૂટ મળે તો મીઠાઈ નથી ખાવી, પરંતુ આ બધાને એક એક ઢીક્કો તો મારી જ લઉં.

આ બધાથી છટકવા માટે તરુણ ઊભો થવા ગયો કે તરત જ પરિવારના દીકરા દીકરી અને વહુએ ટેકો દેવાનું ચાલુ કર્યું. તરુણે રાડ પાડી ‘ડાયાબિટીસ થયું છે કંઈ હું લંગડો નથી થઈ ગયો. મને અશક્તિ નથી આવી ગઈ.’

તરુણના ઘરવાળાએ સાડીનો છેડો મોઢા ઉપર દાબી રોવાનું શરૂ કર્યું. ‘જોયું. ડાયાબિટીસને કારણે સ્વભાવમાં પણ કેવો ફેરફાર થઈ ગયો છે? પહેલા કોઈ દિવસ આટલું ઊંચા અવાજે બોલ્યા નથી (એ હિંમતના અભાવને કારણે). કંટાળો તો જરાય ન કરતા. સ્વભાવ ચીડચીડિયો થઈ ગયો છે.’

ખરેખર તરુણને ગુસ્સો આવતો હતો, પરંતુ આટલા બધા વાક પ્રહારથી તેને પણ થયું કે ખરેખર ડાયાબિટીસના કારણે હું ગુસ્સે થયો છું કે આ લોકોની ડાયાબિટીસ અંગેની ગેરસમજણ ને કારણે?

પરિસ્થિતિને સમજી અને તરુણે ઘરવાળીને ખભે હાથ મૂકી અને કીધું ‘ગાંડી, તારા પર ગુસ્સે નથી થતો... મારી જાત પર ગુસ્સે થાઉં છું.’

તરુણના ઘરવાળા તરત જ બોલ્યાં : ‘થાય ડાયાબિટીસમાં આવું થાય પણ તમે ચિંતા ન કરતા આપણે બંને સાથે મળી અને આ દર્દ સાથે લડશું. તમને કાલથી તેલ- ઘી -ખાંડ -ગોળ -ઘઉં -ચોખા બધું જ બંધ.’

તરુણે તરત જ કીધું કે ‘તો શું રસોડે તાળું મારી દેશો? મારે જમવું શું?’

ભાભી એ લિસ્ટ કાઢ્યું ને બોલ્યા, ‘મારી બા એ જમાઈ માટે મોકલ્યું છે. કાલથી બાફેલા શાક, કોદરી, દહીં છાશ, જવની રોટલી, સવારના નાસ્તામાં ભાખરી નહીં આપું બાફેલા મગ મળશે, તેલ તો વાર તહેવારે એકાદ ચમચી વઘાર માટે જોઈએ તેટલું જ વાપરવું, મીઠાઈ ખાવાની તો નહીં પરંતુ મીઠાઈની દુકાન બાજુ જોવાનું પણ નહીં. આઈસક્રીમ સપનામાં પણ ન આવવો જોઈએ.’

તરુણ ને થોડીક વાર તો એમ થયું કે આના કરતાં તો કાળાપાણીની સજા સારી. જેલમાં પણ સપરમા દિવસે કેદીઓને મીઠાઈ પીરસવામાં આવે છે.

આ બધું તો ઠીક છે કંટાળીને મોબાઈલમાં રીલ જોવાનું ચાલુ કર્યું તો તેમાં પણ ડાયાબિટીસની રીલો જ તેની સામે આવી.

હું ખૂણામાં બેઠો બેઠો આ બધું જોતો હતો મને આંખેથી ઈશારો કર્યો અને તરુણ ‘હમણાં આવું’ કહી અને મારી સાથે બહાર નીકળ્યો.

મને કહે : ‘મિલનભાઈ, યાર આ લોકોને સમજાવો મારે જીવવું છે. મારે ડાયાબિટીસમાં શું કરવું તે મને ખબર છે. કોઈ સારો ડોક્ટર દેખાડો એટલે તેની સલાહ પ્રમાણે ચાલીએ.’ ■

**વિચારવાયુ**


*ડાયાબિટીસના દર્દીઓને એક ગમતું વાક્ય એટલે ...*
*‘એકાદમાં વાંધો નહીં’*


---


## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# ઈરાની ફિલ્મો ને દિગ્દર્શકો પાસેથી આપણે શું શું શીખવા જેવું છે...?





‘ચિલ્ડ્રન ઓફ હેવન’ના ફિલ્મ સર્જક માજીદ મજીદી

આ લખાય છે ત્યારે ઈરાનનું ચલણ રિયાલ ઐતિહાસિક અવમૂલ્યન પામીને તળિયે જઈ બેઠું છે. અમેરિકન ડૉલર સાથે સરખામણીની તો વાત જ જવા દો. ભારતીય ચલણ સાથે રિયાલની સરખામણી કરીએ તો આજની તારીખે એક ભારતીય રૂપિયો બરાબર આશરે ૧૨,૦૦૦ રિયાલ થાય! ઈરાનનું અર્થતંત્ર કંઈ એટલું નબળું નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય તણાવ અને અમેરિકી હુમલાના તોળાઈ રહેલા ભયને કારણે રિયાલનું આટલી હદે અવમૂલ્યન થયું.

હવે જો તમે આજકાલના સમાચારો વાંચીને ઈરાન વિશે કોઈ છાપ બાંધી હશે તો તમે આ પ્રાચીન દેશને સાવ પાકિસ્તાન જેવો ધારી લો એમ બને. જોકે હકીકત સાવ જુદી છે. ઈરાન પાસે સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો છે. છેલ્લા થોડા દાયકાઓના કટ્ટર ઇસ્લામી શાસને ઈરાનને પડદા પાછળ ધકેલી દીધું એ ખરું, પણ ઈરાની પ્રજા સાવ જાહિલ નથી. ખાસ કરીને ઈરાની ફિલ્મો તો વારંવાર વૈશ્વિક સ્તરે કાઠું કાઢતી રહે છે. આ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા જગાવવાની શરૂઆત કરી ‘ચિલ્ડ્રન ઓફ હેવન’ નામની ફિલ્મે.

ફિલ્મોની વાત કરતા પહેલા ઈરાની સરકારની સેન્સરશિપ વિષે વાત કરવી જોઈએ. ઈરાનમાં ફિલ્મો ઉપર જે હદની સેન્સરશિપ છે એ આપણા ભારતીય દર્શકો માટે તો કલ્પના બહારની વાત ગણાય. ઈરાની ફિલ્મોમાં મહિલા કલાકારો ઇસ્લામિક પોષાકમાં સંપૂર્ણપણે ઢંકાયેલી જ જોવા મળશે. સ્ત્રી અને પુરુષ વચ્ચે શારીરિક ઘનિષ્ઠતા દર્શાવતાં દૃશ્યો તો સાવ જ ભૂલી જાવ. સરકારની ટીકા, વ્યભિચાર કે ઇસ્લામ વિરુદ્ધના વિચારો સાંખી લેવાનો તો પ્રશ્ન જ પેદા નથી થતો. ઉલટાનું ફિલ્મનાં દૃશ્યો એવા રાખવા પડે છે જેમાં ઇસ્લામિક મૂલ્યોને પ્રોત્સાહન મળે. સરકારી પ્રોપેગેન્ડા ફિલ્મોને મંજૂરી મળી જાય, બાકી રાજકીય મુદ્દે ફિલ્મ બનાવવાની ભૂલ અહીંના દિગ્દર્શકોને સપનામાં ય પરવડે એમ નથી.

નગ્નતા અને હિંસા જેવું કશું અહીંની ફિલ્મોમાં આવતું જ નથી. ટૂંકમાં ભારતીય સર્જકો ઈરાન જાય તો એમણે ફરજિયાતપણે કારકિર્દી બદલવી પડે, કેમકે એમની જેમાં હથોટી છે, એવું કશું ઈરાની ફિલ્મોમાં દર્શાવી શકાતું નથી. ઈરાન વિશ્વમાં સૌથી વધુ સેન્સરશિપ લાદતો દેશ છે, અને આ કટ્ટર સેન્સરશિપ સામે ઈરાની સર્જકો પાસે એક જ તીક્ષ્ણ હથિયાર છે અને એ છે સર્જનાત્મકતા.

આવા એક ફિલ્મ સર્જક છે માજીદ મજીદી. દુનિયાભરના ફિલ્મ ક્રિટીક્સ આ માણસને ઓળખે છે. આ ઈરાની દિગ્દર્શક પોતાના મિડાસ ટચ માટે જાણીતા છે. ઈરાની સરકાર દ્વારા લદાયેલી સેન્સરશિપની હદમાં રહીને આ માણસે એવી ઉત્તમ ફિલ્મો આપી, જેને વર્ગખંડોમાં ભણાવી શકાય. મજીદીની ફિલ્મોમાં બાળકો અને પરિવારોની વાર્તાઓ મુખ્ય હોય છે. આ ફિલ્મો જોતી વખતે એમાં સરળતા, ભાવનાત્મક ઊંડાણ અને માનવીય મૂલ્યોનું ઉત્કૃષ્ટ ચિત્રણ બહુ સહજપણે થતું અનુભવાશે.

‘ચિલ્ડ્રન ઓફ હેવન’ની જ વાત કરીએ તો એમાં બે નાનકડા બાળક ભાઈ અને બહેનની વાત છે. એમની પાસે જૂતાની એક જ જોડ છે. બસ, આટલા અમથા કથાવસ્તુને આધારે ફિલ્મની અદ્ભુત ગૂંથણી થઇ. લોકોને એ એટલી પસંદ પડી કે ‘ઓસ્કાર’ માં ‘બેસ્ટ ફોરેન લેન્ગ્વેજ ફિલ્મ’ની કેટેગરીમાં નોમિનેશન મેળવી શકી.

એજ રીતે એક અંધ બાળકની વાર્તા ‘ધ કલર ઓફ પેરેડાઈઝ’, ફાર્મમાં કામ કરતા શ્રમજીવીની વાર્તા કહેતી ‘ધ સોંગ ઓફ સ્પેરોઝ’ જેવી કેટલીક ફિલ્મોમાં મજીદીની સર્જનાત્મકતાનો ચમકાર જોવા મળશે. ૨૦૧૭માં તેઓ ભારતીય કલાકારો સાથે ‘બિયોન્ડ ધી કલાઉડ્સ’ નામથી પોતાની પ્રથમ ભારતીય ફિલ્મ પણ ડિરેકટ કરી ચૂક્યા છે.

એક આડવાત, થોડા દિવસો અગાઉ ‘મને કામ નથી મળતું’નો કકળાટ કરીને લોકરોષનો ભોગ બનેલા રેહમાને જ ‘બિયોન્ડ ધી કલાઉડ’ માં સંગીત પીરસ્યું છે. જો કે એ ખાસ નોંધપાત્ર નથી નીવડી શક્યું એ અલગ વાત છે.

અહીં માત્ર માજીદ મજીદી નામના એક જ દિગ્દર્શકની વાત કરી, એવા તો બીજા ય કેટલાક દિગ્દર્શકો છે જે સરકારી સેન્સરશિપની હદમાં રહીને પણ ઉત્તમ સર્જન કરતા રહ્યા છે. અસગર ફરહાદી ‘અ સેપરેશન’ (૨૦૧૧) અને ‘ધ સેલ્સમેન’ (૨૦૧૬) જેવી બે-બે ફિલ્મો માટે ઓસ્કાર એવોર્ડ્સ જીતી ચૂક્યા છે. એ સિવાય જાફર પનાહીથી માંડીને અલીરેઝા ખતામી જેવા સર્જકોની ફિલ્મો દુનિયાભરમાં જોવાય છે.

ઈરાની ફિલ્મ ઇન્ડસ્ટ્રી વિષે આટલી વાત કર્યા પછી બોલિવૂડને ય યાદ કરી લેવું જોઈએ. આપણે બધા બોલિવૂડની અને હવે તો સાઉથની ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાંથી હિન્દીમાં ડબ થઈને આવેલી ફિલ્મોના પણ દીવાના છીએ. તેમ છતાં એટલું તો સ્વીકારવું જ પડે કે ક્રિએટીવિટી બાબતે આપણે વૈશ્વિક ફિલ્મ ઇન્ડસ્ટ્રી સામે ઊણા ઊતરીએ છીએ. કોઈ પણ પક્ષની સરકારમાં હજારો વાંધાવચકા અને સમસ્યાઓ હોવાના જ. પણ સત્તાસ્થાને પોતાને ન ગમતી સરકાર બિરાજે, એટલા માત્રથી ચિડાઈ ગયેલી સુપરસ્ટારની પત્ની સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકી દે છે કે ‘ભારતમાં હવે રહી શકાય એમ નથી’! આ લોકોએ જો ઈરાન જેવી સેન્સરશિપમાં કામ કરવાનું આવે તો શું ઉકાળે? સામાજિક-રાજકીય બાબતોને ઊંડાણપૂર્વક સમજ્યા વિના જ બોલિવૂડની હસ્તીઓ વારેતહેવારે ઓપિનિયન્સ ઠપકારી દે છે. એમને કશી સામજિક નિસ્બત હોતી જ નથી. એ વાત તો હવે જગજાહેર છે કે માત્ર સોશ્યલ મીડિયા પર પોતાનું ફેન ફોલોઈંગ વધારવા જ આવા ગતકડા થતા હોય છે. આ આખી રમત સમજી ગયેલા લોકો બોલિવૂડ સેલિબ્રિટીને સોશ્યલ મીડિયા પર ટ્રોલ કરવાનું શરૂ કરે ત્યારે આ સેલિબ્રિટીઝ વધી રહેલી અસહિષ્ણુતા સામે ચીસાચીસ કરી મૂકે છે.

બીજી તરફ ઈરાની ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા કલાકારો કોઈ વધારાની લમણાઝીંકમાં પડ્યા સિવાય માત્ર સારી ફિલ્મો બનાવે છે. પરિણામે ભારત દર વર્ષે સૌથી વધુ ફિલ્મો પ્રદર્શિત કરતો દેશ હોવા છતાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાની ફિલ્મ ઇન્ડસ્ટ્રી આપણા કરતાં ક્યાંય વધુ માનમરતબો ભોગવે છે.

સાવ એવું ય નથી કે ઈરાની દિગ્દર્શકો સરકારી દબાણ હેઠળ દટાઈ મૂઆ હોય. જેમનો ઉલ્લેખ કર્યો છે એ જાફર પનાહી પોતાની ફિલ્મો બદલ જેલવાસ અને પ્રતિબંધોનો સામનો કરી ચૂક્યા છે.

ઘણા દિગ્દર્શકો અન્ડરગ્રાઉન્ડ રહીને પોતાની ફિલ્મો ય બનાવે છે, જે યેન કેન પ્રકારે વિશ્વના દર્શકો સુધી પહોંચે છે. બોલિવૂડ છાપ ખાલીપીલી રોક્કળને બદલે ઈરાની દિગ્દર્શકોએ સાચી સર્જનાત્મકતાનો રસ્તો અપનાવ્યો છે, એમાંથી આપણા ફિલ્મ સર્જકોએ ઘણું શીખવા જેવું છે. ■

# અકોલાના નિસંતાન દંપતીએ મુંબ્રામાંથી ત્રણ મહિનાની બાળકીનું અપહરણ કર્યું

## મહિલાને રસ્તો ઓળંગવામાં મદદ કરવાને બહાને બાળકીને લઈ આરોપી ફરારઃ ૧૬૦૦ જેટલા સીસીટીવીની મદદથી ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અકોલા જિલ્લામાં રહેતા નિસંતાન દંપતીએ મુંબ્રામાંથી ત્રણ મહિનાની બાળકીનું કથિત અપહરણ કર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. મહિલાને રસ્તો ઓળંગવામાં મદદ કરવાને બહાને તેની દીકરીને લઈ આરોપી છૂ થઈ ગયા હતા. જોકે પોલીસે ૧૬૦૦થી વધુ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે દંપતી સહિત ત્રણની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ મોહમ્મદ મુજીબ ગુલાબ (૩૧), ખૈરુનિસા મુજીબ મોહમ્મદ (૩૦) અને નસરીન ઈકલાખ શેખ તરીકે થઈ હતી. આરોપીઓની ચુંગાલમાંથી બાળકીને સહીસલામત છોડાવવામાં પોલીસ સફળ રહી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ૨૨ જાન્યુઆરીની સાંજે છ વાગ્યાની આસપાસ ત્રણ મહિનાની આફિયાનું અપહરણ કરવામાં આવ્યું હતું. મુંબ્રા કૌસાની અજમેરી હાઈટ્સ ઈમારતમાં રહેતી ફરઝાના મન્સુરી બન્ને દીકરીને ઊંચકીને ખાડીમશીન પરિસરમાંથી પસાર થઈ રહી હતી. ફરઝાના રસ્તો ઓળંગવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ તેની મોટી દીકરી અનાબિયા સતત રડતી હતી. પરિણામે રસ્તો ઓળંગવામાં મદદરૂપ થવાને બહાને એક મહિલા તેની નજીક આવી હતી અને આફિયાને પોતાની પાસે લઈ લીધી હતી. રસ્તો ઓળંગ્યા પછી મહિલા બાળકીને લઈ રિક્ષામાં બેસી ફરાર થઈ ગઈ હતી.

આ પ્રકરણે મુંબ્રા પોલીસે ગુનો નોંધી તપાસ માટે અધિકારીઓની ચાર ટીમ બનાવી હતી. સીસીટીવી ફૂટેજને આધારે તપાસ કરતાં અપહરણ કરનારી મહિલા મુંબ્રા સ્ટેશને એક મહિલા અને પુરુષને મળી હતી. બન્ને મહિલાએ બુરખો પહેરી રાખ્યો હતો. આરોપી સીએસએમટી તરફ જનારી ટ્રેનમાં બેઠા હતા અને થાણે સ્ટેશને ઊતર્યા હતા. જોકે થાણેમાં માત્ર દંપતી ઊતર્યું હતું. એક મહિલા ગુમ હતી.

આખરે પોલીસે ફૂટેજને બારીકાઈથી તપાસતાં એક મહિલા મુંબ્રામાં જ ફરી સ્ટેશન બહાર નીકળી હોવાનું નજરે પડ્યું હતું. ફૂટેજને આધારે પોલીસે એ મહિલાનું પગેરું શોધ્યું હતું. મહિલા શાદી મહલ હૉલ રોડ પરના ઈન્શાનગર ખાતે પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું. આસપાસના પરિસરમાં તપાસ કરી મહિલાને તેના ઘરેથી તાબામાં લેવાઈ હતી.

પૂછપરછમાં મહિલાએ કબૂલ્યું હતું કે અકોલા જિલ્લાના ખેટરી ગામમાં રહેતું દંપતી મોહમ્મદ મુજીબ અને ખૈરુનિસા બાળકીને પોતાની સાથે લઈ ગયું છે. પોલીસની ટીમ તાત્કાલિક અકોલા પહોંચી હતી. ■



**ફૂલો ડી ચાદર...** તસવીરમાં જોવા મળી રહેલો રસ્તો કોઈ વિદેશી રસ્તો નથી, પરંતુ મુંબઈના ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વિક્રોલી-ઘાટકોપર વચ્ચે જોવા મળેલું અનુપમ સૌંદર્ય છે. મુંબઈ જેવા શહેરની ભાગદોડભરી જિંદગીમાં વૃક્ષો પર જાન્યુઆરી મહિનામાં ખીલી ઉઠેલાં ચેરી બ્લોસમના પુષ્પો વસંતના આગમનની છડીની પોકારીને મુંબઈગરાની આંખોને ટાઢક પહોંચાડી રહ્યા છે. (અમય ખરાડે)

# પ્રાઈવેટ જેટ અકસ્માતમાં કેટલું વળતર મળે?

## અજિત પવારના અકસ્માત પછી ઊભા થયેલા પ્રશ્નો

મુંબઈઃ ૨૦૨૬ની શરૂઆત એક ભયાનક વિમાન દુર્ઘટનાથી થઈ છે. આવા પ્રાઈવેટ ચાર્ટર્ડ વિમાન અકસ્માતમાં મૃતકોના વારસદારોને વળતર મળે છે કે નહીં અને કેટલું મળશે એ સવાલ દરેકના મનમાં ઘોળાઈ રહ્યા છે.

એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં મૃતકોના વારસદારોને વળતર અંગે તીવ્ર ચર્ચા થઈ હતી. એર ઇન્ડિયા જેવી કમર્શિયલ ફ્લાઇટ્સના કિસ્સામાં વળતર આંતરરાષ્ટ્રીય નિયમો પર આધારિત હોય છે. મોન્ટ્રીયલ કન્વેન્શન ૧૯૯૯ ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં લાગુ પડે છે. આ એક આંતરરાષ્ટ્રીય કરાર છે, જેમાં મુસાફરોના અધિકારો અને એરલાઇન કંપનીની જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે. ભારતમાં તેનો અમલ કેરેજ બાય એર એક્ટ હેઠળ થાય છે. તેનું પાલન થાય છે કે નહીં તેના પર નજર ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) રાખે છે.

મોન્ટ્રીયલ કન્વેન્શન હેઠળ જો કોઈ મુસાફરનું કમર્શિયલ ફ્લાઇટ દરમિયાન મૃત્યુ થાય છે અથવા ગંભીર રીતે ઘાયલ થાય છે, તો એરલાઇન વળતર ચૂકવવા માટે બંધાયેલી છે. એના માટે એરલાઇનની ભૂલ સાબિત કરવી અથવા બીજા કોઈની બેદરકારી દર્શાવવી જરૂરી નથી. આ નિયમ અકસ્માત પછી તરત જ અમલમાં આવે છે. આ નિયમ અનુસાર દરેક મુસાફર લગભગ ૧.૫ કરોડથી ૧.૮૫ કરોડ સુધીના વળતર માટે હકદાર છે.

મોન્ટ્રીયલ કન્વેન્શન ચાર્ટર પ્લેન અકસ્માતો પર લાગુ પડતું નથી. આનો અર્થ એ છે કે પીડિતોને વળતર મળતું નથી. દરેક ચાર્ટર્ડ પ્લેન ઓપરેટર માટે થર્ડ-પાર્ટી અને પેસેન્જર વીમો લેવો ફરજિયાત છે. આ વીમાના આધારે વળતર ચૂકવવામાં આવે છે. આ કિસ્સામાં વળતર આપોઆપ નથી મળી જતું. પીડિતના પરિવારે સાબિત કરવું પડશે કે અકસ્માત માનવ ભૂલ, ટેકનિકલ ભૂલ અથવા ઓપરેટરની બેદરકારીને કારણે થયો હતો. જો કે, આમાં વીમા કંપની અને ઓપરેટરની ભૂમિકા નિર્ણાયક હોય છે. ■

# મીરા-ભાયંદર ડબલ-ડેકર ફ્લાયઓવર વિવાદમાંઃ ટ્રાફિક પોલીસે કેટલાક પગલાં સૂચવ્યા

મુંબઈઃ દહિસર થી મીરા-ભાયંદર મેટ્રો-૯ લાઇન પર મીરા-ભાયંદરમાં બનાવવામાં આવેલો ત્રીજો ડબલ ડેકર ફ્લાયઓવર તેની રચનાને કારણે વિવાદમાં ફસાયો છે.

આ ફ્લાયઓવરને લઈને એમએમઆરડીએની ટીકા થઈ રહી છે. ગુરુવારે ટ્રાફિક પોલીસ અને એમએમઆરડીએ અધિકારીઓએ સંયુક્ત રીતે આ ફ્લાયઓવરનું નિરીક્ષણ કર્યું હતું. આ સમય દરમિયાન ટ્રાફિક પોલીસે ફ્લાયઓવરની સલામતી માટે કેટલાક પગલાં સૂચવ્યા હતાં. આ પગલાં અમલમાં મૂક્યા પછી ફેબ્રુઆરીના અંત સુધીમાં ફ્લાયઓવરને સેવામાં મૂકવામાં આવે તેવી શક્યતા છે. સેવામાં મૂકાયા પછી ક્યાંય પણ ટ્રાફિક જામ નહીં થાય, એવો દાવો કરવામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા પર આ ફ્લાયઓવરની રચનાને લઈને મજાક ઉડાવવામાં આવી રહી છે. જોકે એમએમઆરડીએ એ દાવો કર્યો છે કે ફ્લાયઓવરની ડિઝાઇનમાં ક્યાંય પણ ખામી નથી અને તે સંપૂર્ણપણે સુરક્ષિત છે. વધુમાં ભવિષ્યમાં આ ફ્લાયઓવરનો ભાયંદર પશ્ચિમ-પૂર્વ દિશામાં વિસ્તાર કરવામાં આવનાર છે. તે બાબતને ધ્યાનમાં રાખીને જ ફ્લાયઓવરની રચના ચાર લેનમાંથી આગળ બે લેન કરવામાં આવી હોવાનું સ્પષ્ટીકરણ એમએમઆરડીએ દ્વારા આપવામાં આવ્યું હતું.

દરમિયાન સોશિયલ મીડિયા પર ટીકા થયા પછી, એમએમઆરડીએ એ હવે ફ્લાયઓવરને ડ્રાઇવરો અને મુસાફરો માટે સલામત બનાવવા માટે તમામ જરૂરી પગલાં લેવાનું શરૂ કર્યું છે. આ સંદર્ભમાં ટ્રાફિક પોલીસે ગુરુવારે ફ્લાયઓવરનું નિરીક્ષણ કર્યું હતું અને કેટલાક પગલાં સૂચવ્યા છે. આમાં ડિવાઇડર સંબંધિત પગલાં, ટ્રાફિક માટે જરૂરી ચિહ્નો લગાવવા અને કેટલાક અન્ય પગલાંનો સમાવેશ થાય છે. ■

# અજિત પવારના અકસ્માત પછી 'ટેબલટોપ રન-વે' ચર્ચામાં

મુંબઈઃ ૨૮ જાન્યુઆરીના રોજ થયેલા વિમાન દુર્ઘટનામાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સહિત પાંચ લોકોના મોત થયા હતા. આ અકસ્માત પછી બારામતી એરપોર્ટ ચર્ચામાં આવ્યું. બારામતી એરપોર્ટ પર ટેબલટોપ રનવે છે. ટેબલટોપ રનવે લેન્ડિંગ માટે ખૂબ જ મુશ્કેલ માનવામાં આવે છે.

ટેબલટોપ રનવે એટલે શું અને તે કેવો હોય છે તે વિશે જાણીએ. પહાડ, સમુદ્ર, ખીણ અથવા જગ્યાના અભાવને કારણે જ્યારે રનવેને ઊંચા ભરાવ પર બનાવવામાં આવે છે, ત્યારે તેને ટેબલટોપ રનવે કહેવાય છે. આ રનવેની બંને બાજુએ ઊંડી ખાઈ અથવા ઢોળાવ હોય છે. આ રનવે જોવામાં ટેબલ જેવો લાગે છે. ઉપરથી સપાટ પણ આસપાસથી ઊંડો.

બારામતીનું એરપોર્ટ નાનું છે અને તેમાં ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ સુવિધાઓ નથી, જ્યાં જગ્યાનો અભાવ હોય તેવા વિસ્તારોમાં (જેમ કે લદ્દાખ, કારગિલ, તવાંગ) નાના અને મધ્યમ કદના વિમાનો માટે, હવામાન સ્વચ્છ હોય, જો અનુભવી પાઇલટ અને યોગ્ય સાધનો હોય ત્યાં આ રનવે યોગ્ય માનવામાં આવે છે.

જો વરસાદ, ધુમ્મસ કે પવન હોય અને રનવે ટૂંકો હોય, તો ટેબલટોપ રનવે ખતરનાક સાબિત થઈ શકે છે અને સહેજ પણ ભૂલ - સીધા ઢાળમાં પડી જવાનું જોખમ રહેલું છે. ■

# નવા ચૂંટાયેલા કૉંગ્રેસના નગરસેવકોનું બસમાંથી અપહરણ કરવાનો પ્રયાસ

## વાહનોમાં આવેલા માસ્કધારીઓએ ફિલ્મી ઢબે બસને આંતરીઃ એકની ધરપકડ

ચંદ્રપુરઃ પાલિકાના નવા ચૂંટાયેલા કૉંગ્રેસના નગરસેવકો ચંદ્રપુરથી બસમાં નાગપુર જઇ રહ્યા હતા ત્યારે તેમના અપહરણનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વાહનોમાં આવેલા માસ્કધારીઓએ સમૃદ્ધિ એક્સપ્રેસ-વે નજીક ફિલ્મી ઢબે બસને આંતરી હતી. જોકે પોલીસ અધિકારીઓએ સમયસર ત્યાં પહોંચીને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધા બાદ આ પ્રકરણે છ શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને એક જણની ધરપકડ કરી હતી.

ચંદ્રપુર પાલિકાના નવા ચૂંટાયેલા નગરસેવકો ગુરુવારે જે બસમાં પ્રવાસ કરી રહ્યા હતા ત્યારે વર્ધા જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસ-વે નજીક ૨૦ લોકોના ટોળાએ બસને આંતરી હતી અને તેમાં હાજર કૉંગ્રેસના નગરસેવકોનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પક્ષના કાર્યકરો સમયસર ત્યાં પહોંચી ગયા બાદ બે જૂથ વચ્ચે ઝપાઝપી થઇ હતી. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ ટીમ ત્યાં દોડી આવી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી, એમ બસમાં પ્રવાસ કરી રહેલા વરિષ્ઠ નગરસેવકે જણાવ્યું હતું.

પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર કૉંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારને વફાદાર ૧૭થી ૧૮ જેટલા નગરસેવકો નાગપુર તરફ જઇ રહ્યા હતા, જ્યાં તેમનું જૂથ પાલિકાની ચૂંટણી બાદ સત્તાવાર રીતે ડિવિઝનલ કમિશનરની ઓફિસમાં નોંધણી કરાવવાનું હતું.

ગુરુવારે ૫.૪૫ વાગ્યાની આસપાસ ચેલાકેલી ટોલ પ્લાઝા પાસે મોઢા પર માસ્ક પહેરેલા ૨૦ જેટલા અજાણ્યા શખસો ચારથી છ વાહનમાં ત્યાં આવ્યા હતા અને તેમણે બસને આંતરી હતી. શખસોએ કૉંગ્રેસના નગરસેવકોને બળજબરીથી બસમાંથી ઉતારવાનો કથિત પ્રયાસ કર્યો હતો, એમ પક્ષના નગરસેવક રાજેશ અડુરે નોંધાવેલી ફરિયાદને ટાંકીને પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન કૉંગ્રેસના કેટલાક કાર્યકરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જેને કારણે બે જૂથ વચ્ચે ઝપાઝપી થતાં વાતાવરણ તંગ બન્યું હતું. બનાવની જાણ થયા બાદ પોલીસ અધિકારીઓ ત્વરિત ત્યાં આવી પહોંચ્યા હતા. પક્ષના કાર્યકરોએ કાનૈન સિદ્દીકી નામના અપહરણકારને પકડી પાડ્યો હતો. (પીટીઆઇ) ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પદ્મ | માર્ગ |
| પનોતી | કમળ |
| પમરાટ | કવિતા |
| પદ્ય | સુવાસ |
| પથ | અવદશા |

### જાણવા જેવું

સૂર્યની આસપાસ પૃથ્વીનાં પરિભ્રમણને પરિણામે ઋતુઓ થાય છે. વર્ષમાં બબ્બે રાશિની એક એવી છ ઋતુ આવે છે : (૧) વસંત, (૨) ગ્રીષ્મ, (૩) વર્ષા, (૪) શરદ, (૫) હેમંત અને (૬) શિશિર. પાસેની બબ્બે ઋતુ એકબીજાની ઘણી મળતી હોવાથી તે મળીને એક એવી ત્રણ ઋતુ ગણાય છેઃ (૧) ઉનાળો ફાગણથી જેઠ સુધી, (૨) ચોમાસું અષાઢથી આસો સુધી (૩) શિયાળો કાર્તિકથી માહ સુધી.

### ગુજરાત મોરી મોરી રે

જૂની રંગભૂમિનાં નાટકો ભજવતી શ્રી દેશી નાટક સમાજ કંપનીનાં નાટકોની ભજવણી થતી હતી એ મુંબઈના સ્થળનું નામ કહી શકશો?

અ) રંગ શારદા
બ) ભાંગવાડી થિયેટર
ક) સુવર્ણ રંગભૂમિ
ડ) રસિક થિયેટર

### નોંધી રાખો

મનુષ્ય જીવનમાં મોટેભાગે બે બાબતથી વધુ દુઃખી થતો હોય છે. એક છે જીદ અને બીજું છે અભિમાન. આ બંનેથી દૂર રહેવામાં સાર છે.

### શબ્દલાલિત્ય — કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | | ■ | ૮ | | | ■ | |
| | ■ | ૯ | | | ■ | | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | | ૧૩ | ■ | |
| ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | ■ |
| ■ | ૧૯ | ૨૦ | ■ | ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | |
| ૨૪ | ■ | ૨૫ | ૨૬ | | ■ | | ■ | | ■ |
| ૨૭ | | ■ | | ■ | ૨૮ | | | ■ | ૨૯ |
| | ■ | ૩૦ | | | ■ | | ■ | ૩૧ | |
| ૩૨ | | | | ■ | ■ | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. ખુશી ખુશી, હસતે મને (૪)
૪. નાખુશી, ખોફ (૪)
૭. ઊજળા રંગનું, સફેદ (૨) (જો.છૂ.)
૮. કાળજી (૩)
૯. પ્રશ્ન (૩)
૧૦. પતિ (૨)
૧૨. સ્વાર્થ, જરૂરત (૩)
૧૪. પાંદડું (૨)
૧૫. માંદું (૩)
૧૭. ક્યારેક (૩)
૧૯. તાબે, શરણે (૨)
૨૧. કજિયો, કંકાસ (૩)
૨૩. દોસ્ત (૨)
૨૫. કોટિ, સો લાખ (૩)
૨૭. લગની (૨)
૨૮. મોટું (૩)
30. પડી --- ભાત, ફાટે પણ ફીટે નહીં (૩)
૩૧. દેવને ધરાવવાનો પ્રસાદ (૨)
૩૨. ઘડિયાળનો અવાજ (૪)
33. દૃષ્ટતા (૪)

**ઊભી ચાવી**

૧. આંગણામાં પૂરતા સાથીયા (3)
૨. એક જાતની લાલ મટોડી (૨)
3. અયોગ્ય, અઘટિત (૫)
૪. નકાર (૪)
૫. અનુકૂળ સમય, લાગ (૨)
૬. જન્મારો, જિંદગી (૪)
૧૧. સમુદ્ર (3)
૧૨. વિષ (3)
૧૩. જિદ્દ, દુરાગ્રહ (૨)
૧૬. રાત્રે સૂવા ન દેતું એક જંતુ (3)
૧૮. વીજળી (3)
૨૦. શંકા, વહેમ (૨)
૨૨. હરરોજ (૫)
૨૪. ખરબચડું (૪)
૨૬. રોકવું કે ટોકવું તે (૪)
૨૯. સોબત, સાથ (3)
30. --- બેસવો=રંગ લાગવો, પાસ બેસવો (૨)
૩૧. સવાર, પરોઢ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઓ | ૨ ત | ૩ પ્રો | ત | ■ | ■ | ૪ ઈ | ૫ તિ | ૬ હા | ૭ સ |
| ૮ કા | મ | ઠું | ■ | ૯ છા | ૧૦ શ | ■ | ૧૧ ર | ટ | ણ |
| ૧૨ ત | સ | ■ | ૧૩ લ | ■ | મા | ■ | સ્કા | ■ | કો |
| ■ | ■ | ૧૪ શિ | ક્ષ | ણ | ■ | ૧૫ મ | ર | ૧૬ જી | ■ |
| ૧૭ સ | ૧૮ મી | ક્ષા | ■ | ■ | ૧૯ તો | રી | ■ | ૨૦ મૂ | ૨૧ ક |
| ૨૨ મો | લ | ■ | ૨૩ સા | મ્ય | ■ | ■ | ૨૪ અં | ત | ર |
| ■ | ૨૫ ન | ૨૬ ના | મું | ■ | ૨૭ પ | ૨૮ ર | શુ | ■ | ■ |
| ૨૯ સો | ■ | માં | ■ | ૩૦ અં | ■ | દી | ■ | ૩૧ પ | ૩૨ ટ |
| ૩૩ પા | ૩૪ ર | કિ | ■ | ૩૫ તે | ડું | ■ | ૩૬ બ | ડા | શ |
| ૩૭ ન | વ | ત | ર | ■ | ■ | ૩૮ સ | રો | વ | ર |

### ઓળખાણ પડી?

સૈકાથી વધુ જૂના ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં એક ટેસ્ટમાં સેન્ચુરી અને પાંચ વિકેટની સિદ્ધિ મેળવનારા પ્રથમ ક્રિકેટરનું નામ કહી શકશો?

અ) ટોની ગ્રેગ
બ) ડેનિસ એટકિન્સન
ક) મુશ્તાક મોહમ્મદ
ડ) ઈયાન બોથમ



### સુડોકુ-૯૨૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૯ | | | | | | |
| ૫ | ૬ | ૩ | | | ૨ | | | |
| ૨ | | | | ૩ | | ૬ | ૪ | |
| ૮ | ૪ | | | | | | | |
| | ૫ | ૧ | ૯ | | ૪ | ૭ | ૨ | |
| | | | | | | | ૧ | ૪ |
| | ૯ | ૫ | | ૬ | | | | ૧ |
| | | | ૮ | | | ૪ | ૭ | ૫ |
| | | | | | | ૯ | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૬ | ૯ | ૭ | ૨ | ૪ | ૮ |
| ૯ | ૨ | ૮ | ૩ | ૧ | ૪ | ૭ | ૫ | ૬ |
| ૬ | ૪ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ | ૧ | ૯ |
| ૪ | ૩ | ૬ | ૫ | ૭ | ૮ | ૯ | ૨ | ૧ |
| ૫ | ૭ | ૯ | ૧ | ૬ | ૨ | ૪ | ૮ | ૩ |
| ૮ | ૧ | ૨ | ૪ | ૩ | ૯ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૩ | ૯ | ૪ | ૧ | ૮ | ૭ | ૫ |
| ૭ | ૯ | ૫ | ૮ | ૨ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૧ | ૮ | ૪ | ૭ | ૫ | ૩ | ૬ | ૯ | ૨ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પથ | માર્ગ |
| પથિકા | સૂકી દ્રાક્ષ |
| પથારો | ફેલાવો |
| પોથી | ગ્રંથ |
| પથારીવશ | માંદું |

ગુજરાત મોરી મોરી રે: ડાહ્યાભાઈ ધોળશાજી
ઓળખાણ પડી? વેંકટરાઘવન
માઈન્ડ ગેમ : ૨૧૬
ચતુર આપો જવાબ માથું ખંજવાળો : કોલકાતા

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

જળ સાથેની વિશિષ્ટ પરંપરા હોવાને કારણે વિશ્વનું કયું શહેર 'બ્રાઈડ ઓફ ધ સી' તરીકે સહેલાણીઓમાં ખ્યાતિ ધરાવે છે એ કહી શકશો?

અ) પેરિસ બ) લંડન ક) વેનિસ ડ) પ્રેગ

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૦૧, ૧૨૬, ૧૭૧, ૨૩૬, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૨૩૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૨૭૬ બ) ૩૦૧ ક) ૩૨૧ ડ) ૩૩૯

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) સુભાષ મોમાય (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) હર્ષા મહેતા (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજિતા ખોના (૧૩) કિરીટ છેડા (૧૪) ચેતના છેડા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) ભાવના કર્વે (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મુલરાજ કપૂર (૨૬) ભરત કજરિયા (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) અંજુ ટોલિયા (૩૪) કમલ માતલિયા (૩૫) ડાયના સંતોકે (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) વિજય આસર (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) પ્રવીણ વોરા (૪૩) દીપિકા દોશી (૪૪) નિતીન જયંતિલાલ બજરિયા (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) મહેશ દોશી (૫૦) અલકા વાણી (૫૧) જ્યોત્સના ગાંધી (૫૨) રમેશભાઈ દલાલ ઈનાક્ષીબેન દલાલ (૫૪) હિનાબેન દલાલ (૫૫) હિંમત ખોલીયા

# થાણેવાસીઓને પાંચ વર્ષમાં મળશે ચાર મેયર

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં મૅયર પદ માટે ભાજપ અને શિંદે સેના વચ્ચે લાંબી ખેંચતાણ બાદ હવે શિંદે સેના પાસે મૅયર પદ અને ભાજપ પાસે ડેપ્યુટી મૅયર પદ રહેવાનું નક્કી થઈ ગયું છે પણ નગરસેવકોને નારાજગીને ધ્યાનમાં રાખીને બંને પક્ષોએ આપસી નિર્ણય લઈને મૅયર અને ડેપ્યુટી મૅયર પદની મુદત સવા વર્ષની રાખવાનો નિર્ણય લીધો છે. તેથી થાણેવાસીઓને આગામી પાંચ વર્ષમાં ચાર મેયર મળશે.

મુંબઈ મહાનગરપાલિકામાં મૅયરપદની ચૂંટણી ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં થવાની શક્યતા વચ્ચે થાણે મહાનગરપાલિકામાં શુક્રવારે મૅયરપદ માટે શિંદે સેનાની કોપરીની નગરસેવિકા શર્મિલા પિંપળોલકર-ગાયકવાડે ઉમેદવારી દાખલ કરી હતી. તો ડેપ્યુટી મૅયર પદ માટે ભાજપને ફાળે ગયું છે અને તેની ચૂંટણી ત્રણ ફેબ્રુઆરીના થવાની છે.

થાણે મહાનગરપાલિકામાં મૅયર અને ડેપ્યુટી મૅયરપદ માટેનો કાર્યકાળ અઢી વર્ષનો હોવા છતાં શિંદેસેના અને ભાજપે પક્ષ અંતર્ગત નિર્ણય લઈને મૅયર પદ અને ડેપ્યુટી મૅયર પદનો કાર્યકાળ સવા વર્ષનો રાખવાનો નિર્ણય લીધો છે, તે અંતર્ગત થાણે મહાનગરપાલિકામાં આગામી પાંચ વર્ષમાં ચાર મૅયર અને ચાર ડેપ્યુટી મૅયર બનશે.

થાણે મહાનગરપાલિકામાં મૅયર અને ડેપ્યુટી મૅયરપદ માટે ફોર્મ્યુલા નક્કી કરવામાં આવ્યો છે, જેમાં મૅયર પદની મુદત સવા વર્ષ માટે હશે. એટલે કે પાંચ વર્ષમાં થાણેમાં પાંચ મૅયર બનશે. મેયર અને ડેપ્યુટી મેયર પદ માટે ફોર્મુલ્યા નક્કી કરવામાં આવ્યો હોઈ પહેલા સવા વર્ષ માટે મૅયરપદે શર્મિલા પિંપળોલકર અને ત્યારબાદ સવા વર્ષ માટે ફરી શિંદે સેનાનો જ મેયર રહેશે. તે મુજબ જ ભાજપ તરફથી પણ ડેપ્યુટી મૅયરપદ સવા વર્ષ માટે રહેશે અને ત્યારબાદ ફરી સવા વર્ષે ડેપ્યુટી મૅયરપદ બદલવામાં આવશે અને બીજાને તક આપવામાં આવશે. શિંદેસેના સિનિયર નેતાના કહેવા મુજબ મૅયરપદ માટે શિંદે સેનામાં અનેક ઈચ્છુક ઉમેદવાર હતા. બંને પક્ષમાં મેયર અને ડેપ્યુટી મેયર માટે ઉમેદવારી નહીં મળવાને કારણે અનેક નગરસેવકોમાં નારાજગી વ્યાપી ગઈ હતી અને નગરસેવકોને નારાજ કરવું બંને પક્ષમાંથી કોઈને પરવડે એમ નહોતું. તેથી દરેકને તક મળી રહે તે માટે અમુક નારાજ લોકોને કમિટીમાં સમાવી લેવાની સાથે જ મૅયરપદનો સમયગાળો સવા વર્ષનો રાખવાનો ભાજપ અને શિંદે સેના આપસી રીતે નિર્ણય લીધો હતો, જેથી સૌ કોઈને તક મળી શકે. થાણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં શિંદે સેનાને પૂર્ણરીતે બહુમતી મળતા સૌથી મોટો પક્ષ તરીકે ઊભરી આવ્યો છે. શિવસેના ૭૫ અને ભાજપના ૨૮ નગરસેવક ચૂંટાયા છે. તેથી મેયર શિંદેસેનાનો હશે તે નક્કી હતું છતાં મુંબઈ મહાનગરપાલિકામાં જે રીતે શિંદે અને ભાજપ વચ્ચે મૅયર પદને લઈને અનેક દિવસોથી નિર્ણય લઈ શકાયો નથી તે મુજબ થાણેમાં પણ શિંદે અને ભાજપ વચ્ચે મૅયરપદને લઈને ખેંચતાણ હતી. જોકે શિંદના ૭૫ અને અપક્ષનો સાથ મળતા તેનું સંખ્યાબળ ૭૬ થતાં તેનો હાથ ઉપર રહ્યો હતો.

## અજિત દાદાના અંતિમ સંસ્કારમાં પોલીસની મોટી ચૂક

# તો અમિત શાહ સહિતના નેતાઓના જીવ જોખમમાં મૂકાયા હોત

પુણેઃ રાજ્યના નાયબ મુખ્યપ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ અજિત પવારનું ૨૮ જાન્યુઆરીના એક ભયાનક વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતું. બારામતી એરપોર્ટ નજીક લેન્ડિંગ કરતી વખતે અજિત પવારનું વિમાન ક્રેશ થયું હતું. આમાં 'દાદા' સહિત પાંચ લોકોના મોત થયા હતા. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના મહારાષ્ટ્રના રાજકારણમાં આઘાત સમાન છે. રાજકારણમાં એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતા અજિત પવારના અકાળે જવાથી મહારાષ્ટ્ર સ્તબ્ધ થઈ ગયું છે.

વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં રાજકીય સન્માન સાથે અજિતદાદાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અજિત પવારના અંતિમ સંસ્કાર દરમિયાન એક પોલીસ કર્મચારી દ્વારા મિસફાયર થયું હોવાનો વીડિયો સામે આવતા ભારે હોબાળો મચી ગયો હતો. પોલીસે બાદમાં આ ભૂલનો સ્વીકાર કર્યો હતો.

પોલીસ દ્વારા અજિતદાદાને અંતિમ સલામી આપવામાં આવી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. પોલીસ દ્વારા સલામી આપતી વખતે હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવે છે. આ વખતે આગળની હરોળમાં ઉભેલા પોલીસે પહેલો રાઉન્ડ ફાયરિંગ કર્યા પછી, બીજો રાઉન્ડ ફાયરિંગ કરતી વખતે મિસફાયર થયું હતું. સદનસીબે બંદૂકમાંથી નીકળેલી ગોળી કોઈને વાગી નહીં. પોલીસે પણ મિસફાયર થયું હોવાની વાત સ્વીકારીને સ્પષ્ટતા કરી છે.

**પોલીસે શું કહ્યું?**

આ ઘટના અંગે ખુલાસો કરતા પોલીસે જણાવ્યું હતું કે અજિત પવારને અંતિમ સલામી આપતી વખતે મિસફાયર થયું હતું. આ ગોળીઓ બંદૂકની ગોળીની જેમ ઇજા પહોંચાડતી નથી. આ ગોળીઓ શાસકીય અંતિમ સંસ્કાર દરમિયાન સલામી માટે ઉપયોગમાં લેવાતા ડમી રાઉન્ડ હોય છે અને સલામી માટે ત્રણ રાઉન્ડ ફાયર કરવા આ ગોળીઓનો ઉપયોગ થાય છે. જોકે આટલા સંવેદનશીલ પ્રસંગે થયેલી આ ભૂલે ઘણા પ્રશ્નો ઉભા કર્યા, જેના પછી પોલીસે આ ખુલાસો કર્યો હતો.

જ્યારે આ ઘટના બની ત્યારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે, શરદ પવાર અને રાજ્ય પ્રધાન મંડળના વરિષ્ઠ નેતાઓ હાજર હતા.

અજિત પવારના પુત્રો પાર્થ અને જય પવાર અંતિમ સંસ્કાર કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. સદનસીબે, બંદૂકમાંથી છોડવામાં આવેલી ગોળીથી કોઈને ઈજા ન થઈ.

# રાજ્યનું આગામી બજેટ ફડણવીસ રજૂ કરવાની સંભાવના

મુંબઈઃ મહારાષ્ટ્રના નાણાં મંત્રાલયની જવાબદારી સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું અવસાન થયું હોવાથી આવતા મહિને રાજ્યનું ૨૦૨૬ - ૨૭નું બજેટ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ રજૂ કરે તેવી શક્યતા છે. બુધવારે સવારે પુણેના બારામતીમાં વિમાન દુર્ઘટનામાં પવાર (૬૬) અને અન્ય ચાર જણ મૃત્યુ પામ્યા હતા.

રાજ્ય વિધાનસભાનું સત્ર ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થવાનું છે. પવાર હયાત હોત તો તેમણે ૧૨મું રાજ્ય બજેટ રજૂ કર્યું હોત. રાજ્યના પ્રથમ નાણાપ્રધાન સ્વર્ગસ્થ શેષરાવ વાનખેડેના નામે રાજ્યમાં રેકોર્ડ ૧૩ વખત બજેટ રજૂ કરવાનો રેકોર્ડ છે.

સૂત્રોએ પુષ્ટિ આપી છે કે ફડણવીસ આગામી બજેટ રજૂ કરે તેવી શક્યતા છે. ફડણવીસ બીજી વાર બજેટ રજૂ કરશે કારણ કે તેમણે માર્ચ ૨૦૨૩ માં એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન હતા ત્યારે નાણાં પ્રધાન તરીકે બજેટ રજૂ કર્યું હતું.

એનસીપી (એસપી)ના જયંત પાટીલએ ૧૯૯૯થી ૨૦૧૪ સુધી કોંગ્રેસ- અવિભાજિત એનસીપી શાસન દરમિયાન ૧૦ બજેટ રજૂ કર્યા છે. તેમના પહેલા સુશીલકુમાર શિંદેએ નવ વખત, રામરાવ આદિકે આઠ વખત, મધુકરરાવ ચૌધરીએ પાંચ વખત અને યશવંતરાવ મોહિતે ચાર વખત બજેટ રજૂ કર્યું હતું.

૧૯૯૫- ૯૯ના શિવસેના-ભાજપ શાસન દરમિયાન એકનાથ ખડસેએ ત્રણ વખત અને મહાદેવ શિવાંકરે બે વાર બજેટ રજૂ કર્યું હતું. (પીટીઆઈ)

# સફાલે-કેલવે રોડ વચ્ચે આજે રાત્રે બ્લોક

વસઈઃ પશ્ચિમ રેલવેના સફાલે-કેલવે રોડ સ્ટેશનો વચ્ચે શનિવાર અને રવિવારની મધ્યરાતે વિશેષ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે, જેના કારણે દહાણુ - વિરાર મેમુ ટ્રેનો સહિત લાંબા અંતરની ટ્રેનોના ટાઇમટેબલ પર અસર થશે.

પશ્ચિમ રેલ્વે દ્વારા સફાલે અને કેલવે રોડ સ્ટેશનો વચ્ચે પુલ ક્રમાંક ૧૧૪ પરના ગર્ડર હટાવવાની કામગીરી માટે બે તબક્કામાં ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. શનિવાર, ૩૧ જાન્યુઆરી ના રોજ અપ લાઇન પર (વિરાર તરફ) વહેલી સવારે ૨:૧૫થી ૩:૧૫ વાગ્યા સુધી અને ડાઉન લાઇન પર (દહાણુ તરફ) વહેલી સવારે ૧:૪૫ થી ૫:૪૫ વાગ્યા સુધી બ્લોક રહેશે. પહેલી ફેબ્રુઆરી ના રોજ અપ અને ડાઉન લાઇન પર મધરાતે ૧૨:૩૦ થી વહેલી સવારે ૪:૩ના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે. સતત બે દિવસથી મધરાતના બ્લોકને કારણે દહાણુ-વિરાર મેમુ લોકલ ટ્રેનો રદ કરવામાં આવી છે. ઘણી લાંબા અંતરની ટ્રેનોના ટાઇમટેબલમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. આ કારણે રજાના દિવસે નીકળતા મુસાફરોને અસુવિધા થવાની શક્યતા છે. પશ્ચિમ રેલવે વહીવટીતંત્રે મુસાફરોને ટ્રેનના ટાઇમટેબલને ધ્યાનમાં લઈને તેમની મુસાફરીનું આયોજન કરવા અપીલ કરી છે.

# સાયન આરઓબી જુલાઈ ૨૦૨૬માં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટ્રાફિક માટે મહત્ત્વનો ગણાતો સાયન આરઓબીનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી તે કયારે ખુલ્લો મુકાશે તેની વાહનચાલકો રાહ જોઈ રહ્યા છે ત્યારે સાયન આરઓબીનું તમામ કામ ૧૫ જુલાઈ, ૨૦૨૬માં પૂર્ણ કરીને તેને જુલાઈ અંત સુધીમાં ખુલ્લો મુકવાનું આયોજન હોવાનું પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું.

સાયન ફલાયઓવરમાં રેલવે પાટા ઉપરના બ્રિજના હિસ્સાનું કામ રેલવે દ્વારા અને બંને તરફના અપ્રોચ રોડ સહિત ફૂટ ઓવર બ્રિજ અને પબ્લિક અંડર પાસનું કામ પાલિકા કરી રહી છે. એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે ગુરુવારે સાયન આરઓબીના ચાલી રહેલા કામનું ઈન્સ્પેકશન કર્યું હતું. એ બાબતે તેમણે જણાવ્યું હતું કે રેલવેની હદનું કામ રેલવે અને અપ્રોચ રોડ અને બે પબ્લિક અંડરપાસનું કામ પાલિકા કરી રહી છે, જેમાં એલ.બી.એસ માર્ગ પરના અંડરપાસનું કામ પૂરું થઈ ગયું છે. આગામી ૧૫ દિવસમાં તે ખુલ્લો મુકાશે. રાહદારીઓને પૂર્વ-પશ્ચિમ જવા માટેનો ફૂટ ઓવર બ્રિજ અગાઉ જ ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે. પશ્ચિમમાં આરઓબીનું કામ ચાર તબક્કામાં ચાલી રહ્યું છે અને આ તમામ કામ ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં પૂરા કરવામાં આવશે.

રેલવે પાસેથી ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં પૂર્વ બાજુનો એપ્રોચ રોડનો કબજો પાલિકાને મળશે એ બાદ બાકીનું કામ ૧૫ જુલાઈ, ૨૦૨૬સુધીમાં પૂર્ણ થશે અને ત્યારબાદ જુલાઈ અંત સુધીમાં પુલ ખુલ્લો મૂકવામાં આવશે.

બાંગરે વધુમાં જણાવ્યું હતું કે ધારાવી તરફ બીજા અંડરપાસનું કામ ચાલી રહ્યું છે. રેલવે પાટા પરના જૂના બ્રિજના ઉત્તર તરફના ભાગને તોડી પાડવામાં આવ્યો છે. હવે દક્ષિણ તરફના ભાગને તોડવાનું ચાલું છે. ઉત્તર દિશામાં ગર્ડર બેસાડ્યા બાદ પૂર્વ તરફનો એપ્રોચ રોડ પાલિકાના કબજામાં આવશે. રેલવે દ્વારા છેલ્લો ગર્ડબ સેડવાનું કામ ૩૧મે, ૨૦૨૬ સુધીમાં પૂરું કરવામાં આવશે ત્યાં સુધીમાં પાલિકા પશ્ચિમ બાજુના તમામ કામ પૂરા કરશે. જોકે પૂર્વ બાજુના તમામ કામ પૂરા કરવા માટે ૩૦થી ૪૦ દિવસનો સમય લાગશે, જે લગભગ ૧૫ જુલાઈ સુધી રહેશે. એ બાદ નાના-મોટા કામ પૂરા કરીને જુલાઈ અંત સુધીમાં ફલાયઓવર ખુલ્લો મુકવાનું આયોજન છે.

# અજિત પવારના અસ્થિનું વતનમાં વિસર્જન

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અંતિમ સંસ્કારના એક દિવસ પછી શુક્રવારે પુણે જિલ્લામાં તેમના વતન બારામતી નજીક નીરા અને કર્હા નદીના સંગમ પર તેમના અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

બુધવારે બારામતી એરપોર્ટ પર વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અજિત પવારના અંતિમ સંસ્કાર એક દિવસ પછી પુણે શહેરથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર સ્થિત વિદ્યા પ્રતિષ્ઠાન કોલેજ ગ્રાઉન્ડમાં, અગ્રણી રાજકારણીઓ અને હજારો લોકોની હાજરીમાં પૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતા.

સ્વર્ગસ્થ રાજકારણીના પુત્રો પાર્થ અને જયએ અંતિમ સંસ્કાર સ્થળેથી તેમની રાખ એકઠી કર્યા પછી એક નાની હોડીમાં બેસીને પવાર પરિવારના સભ્યો બારામતી નજીક નીરા-કર્હા સંગમ તરફ ગયા, જ્યાં અજિત પવારના મોટા પુત્ર પાર્થ દ્વારા રાખનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

વિસર્જન સમારોહ દરમિયાન શરદ પવાર નજીકના વાગજ ગામના રહેવાસીઓને મળ્યા ત્યારે તેમણે નીરા નદીમાંથી કાઢવામાં આવેલું પાણી બતાવ્યું હતું. એ પાણીમાં નદી કિનારે સ્થિત ખાંડ મિલોમાંથી છોડવામાં આવતા ગંદા પાણીથી થતા પ્રદૂષણ સામે આંગળી ચીંધવામાં આવી હતી. શરદ પવારે નીરા નદીમાં પ્રક્રિયા વગરના ઔદ્યોગિક ગંદા પાણીના નિકાલને કારણે થતા પ્રદૂષણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)

## અકોલામાં ભાજપના મેયર અને નાયબ મેયર

# ચૂંટણી તોફાની બની, એમઆઈએમઆઈએમ અને કોંગ્રેસ કોર્પોરેટરો વચ્ચે ઘર્ષણ, બંગડીઓ ફેંકવામાં આવી

અકોલાઃ મ્યુનિસિપલ ચૂંટણીઓ બાદ અકોલા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે ભાજપના શારદા ખેડકર ચૂંટાયા હતા. ત્યારબાદ અકોલાના મ્યુનિસિપલ હોલમાં કોંગ્રેસ અને એઆઈએમઆઈએમ કોર્પોરેટરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. કોંગ્રેસના કોર્પોરેટરોએ એઆઈએમઆઈએમ કોર્પોરેટરો પર બંગડીઓ ફેંકી હતી. ત્યારબાદ ગૃહમાં ભારે હોબાળો થયો હતો. એમઆઈએમ કોર્પોરેટરોએ આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસના કોર્પોરેટરોએ તેમને ધમકી આપી છે.ચૂંટણીમાં એઆઈએમઆઈએમના ત્રણ કોર્પોરેટરો તટસ્થ રહ્યા, જેના કારણે બંને જૂથો વચ્ચે દલીલ થઈ અને બોલાચાલી થઈ. કોર્પોરેટરોએ કોંગ્રેસ પર ગુંડાગીરીનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસે એમઆઈએમના ત્રણ કોર્પોરેટરો પર દેશદ્રોહી હોવાનો આરોપ લગાવ્યો છે. અકોલા મ્યુનિસિપલ કોર્પોરેશનનો પહેલો દિવસ જ ધમાલથી ભરેલો રહ્યો.

ભાજપના નેતૃત્વ હેઠળના શહેર સુધારણા આઘાડીના શારદા ખેડકરે ૪૫ મત મેળવીને અકોલા મેયર પદ જીત્યું. તેમણે ઉબાઠાના ઉમેદવાર સુરેખા કાળેને ૧૩ મતોથી હરાવ્યા. કાળેને ૩૨ મત મળ્યા. ૩ એમઆઈએમ કોર્પોરેટરોએ તટસ્થ વલણ અપનાવ્યું, જ્યારે ભાજપના સ્વતંત્ર બળવાખોર નગરસેવક આશિષ પવિત્રકરે આખરે ઘર વાપસી કરી અને ભાજપને મતદાન કર્યું. આમ અકોલામાં ભાજપે ફરી એકવાર સત્તા જાળવી રાખી છે.

ભાજપના અમોલ ગોગે ડેપ્યુટી મેયર તરીકે ચૂંટાયા છે. ૮૦ કોર્પોરેટરો ધરાવતા અકોલા નગરપાલિકાની ચૂંટણીના પરિણામો પછી ભાજપ ૩૮ બેઠકો જીતીને નંબર વન પાર્ટી તરીકે ઉભરી આવ્યો, પરંતુ તે બહુમતીનો આંકડો પાર કરી શક્યો નહીં.

# સંસ્થા સમાચાર

## પ્રજાસત્તાક દિવસની ઉજવણી



અંધેરીમાં આવેલી શ્રી નાગરદાસ ધારશી ભૂતા હાઈ સ્કૂલમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ખૂબ જ જોશ અને ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શાળાને ત્રિરંગાથી શણગારી હતી. સમગ્ર વાતાવરણ દેશભક્તિથી છલકાઈ ગયું હતું. ધોરણ નવના વિદ્યાર્થીઓએ ગાર્ડ ઑફ ઑનર આપ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા એકતા, સમાનતા, ન્યાય અને બંધારણના મૂલ્યોનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## થ્રો બૉલ ટૂર્નામિન્ટ

બોરીવલીમાં મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા આયોજિત થ્રો બૉલ ટૂર્નામિન્ટનું હાલમાં આયોજન કરવામાં આવ્યું હતું. એમાં ૩૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. એની વિજેતા ટીમને ટ્રોફી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

અગાઉ, મહારાષ્ટ્ર સ્ટેટ કેરમ એસોસિએશન, મુંબઈ ઉપનગર જિલ્લા કેરમ સંગઠના અને મંડપેશ્વર સિવિક ફેડરેશન વતી મહિલા કેરમ ટૂર્નામિન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં મહારાષ્ટ્રભરમાંથી ૪૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

## સંગીત સંધ્યા

આગામી મહાશિવરાત્રીને ધ્યાનમાં રાખીને સમસ્ત સત્સંગી સેવા સમાજ ફાઉન્ડેશન દ્વારા સંગીત સંધ્યાના કાર્યક્રમનું આયોજન આજે કરવામાં આવ્યુ છે. ઘાટકોપર ઈસ્ટનાં તિલક રોડ પર આવેલા બેન્કવેટ હૉલમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

## પ્રજાસત્તાક દિવસની ઉજવણી

કાંદિવલી સ્થિત કાંદિવલી રિક્રિએશન ક્લબ દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કમિટીના સભ્યોએ દેશભક્તિના ગીતો સાથે લોકોમાં ઉત્સાહ પણ જોવા મળ્યો હતો.

## છપ્પનભોગ બડો મનોરથ

વાશીમાં સ્થિત શ્રી ગોવર્ધનનાથજી હવેલીમાં બિરાજતાં શ્રી ગોવર્ધનનાથજી પ્રભુને પાટ પધરાવ્યાને ૨૯ વર્ષ અને શ્રીનાથજીપ્રભુને પધરાવ્યાને ૧૬ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે પચીસમો છપ્પનભોગ બડો મનોરથ (સોનાના બંગલામાં) ૨૬ જાન્યુઆરીએ કરવામાં આવ્યો હતો. પૂ.પા. ૧૦૮ શ્રી જયમાલા બેટીજી મહોદયાની આજ્ઞાથી તેમ જ પૂ.પા.ગો. ૧૦૮ શ્રી અ. સૌ. વૈશાલી બેટીજી મહોદયાના સાન્નિધ્યમાં ૩૦મો પાટોત્સવ પ્રસંગ પણ ઉજવાવમાં આવ્યો હતો.

## વિદ્યાર્થિનીઓને માસિક ચક્ર અંગે જાણકારી આપતો કાર્યક્રમ

રોટરી ક્લબ ઑફ બોરીવલી દ્વારા વિદ્યાર્થિનીઓને માસિક ચક્ર અંગે માહિતી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ પોઈસરની હિન્દી મીડિયમ સ્કૂલ, પોઈસર મ્યુનિસિપલ સ્કૂલ અને બોરીવલી વેસ્ટની સ્કૂલમાં યોજાયા હતાં. એમાં ૬૨૦ વિદ્યાર્થિનીઓ હાજર હતી.

# એનસીપીના વિલીનીકરણનો નિર્ણય અમે જ લઈશું: પવાર પરિવાર

મુંબઈઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું અકાળ અવસાન રાજ્ય માટે એક મોટા આંચકા સમાન છે. એવા સંકેતો છે કે અજિત પવારના અકાળ અવસાનથી રાજ્યમાં અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) વચ્ચેના રાજકીય સમીકરણમાં મોટો ફેરફાર થશે. દાદાના મૃત્યુ પછી, એનસીપીના વિલીનીકરણ અને અન્ય મુદ્દાઓ અંગે ઘણી ચર્ચા થઈ રહી છે. હવે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અવસાન બાદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર જૂથ)ના ભવિષ્યને લઈને એક મોટા અપડેટ સામે આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર બારામતીમાં પવાર પરિવારની એક ખૂબ જ મહત્વપૂર્ણ અને ખાનગી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી છે. જે મુજબ પક્ષ સંબંધિત કોઈપણ રાજકીય નિર્ણય ફક્ત પવાર પરિવાર જ લેશે.

અજિતદાદા પછી પાર્ટીનું નેતૃત્વ કોણ કરશે અને વિલીનીકરણ જેવા મોટા નિર્ણયો કોણ લેશે તે અંગે દલીલો ચાલી રહી હતી. જોકે, આજની બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે પવાર પરિવાર જ પાર્ટીના આંતરિક નિર્ણયો સામૂહિક રીતે લેશે. શું તેઓએ હવે સરકારમાં સહભાગી રહેવું કે નહીં? બીજા જૂથ સાથે ભળી જવું જોઈએ કે નહીં? પક્ષમાં કોને કયું પદ આપવું ? આ બધા મહત્વના નિર્ણયો હવે ફક્ત પવાર પરિવાર દ્વારા જ લેવામાં આવશે.

છેલ્લા કેટલાક દિવસોથી પાર્ટીના કેટલાક વરિષ્ઠ નેતાઓ વિલીનીકરણ અથવા હોદ્દાઓ અંગે અલગ અલગ નિવેદનો આપી રહ્યા હતા. આનાથી કાર્યકરોમાં મૂંઝવણ ઊભી થઈ રહી હતી. એવું કહેવાય છે કે પવાર પરિવારે આ મૂંઝવણના ઉકેલ માટે એકસાથે આવવાનો અને સત્તા પોતાની પાસે રાખવાનો નિર્ણય લીધો છે.

# અંધેરી પશ્ચિમમાં ફૂટપાથ પરથી ૨૦૦ ગેરકાયદે ફેરિયાઓને હટાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી (પશ્ચિમ)માં રામ ગણેશ ગડકરી રોડ (ઈર્લા રોડ) પરિસરમાં રહેલા લગભગ ૨૦૦ ગેરકાયદે ફેરિયાઓ તથા ફૂટપાથ પર ગેરકાયદે કરેલા અતિક્રમણને પાલિકાના કે-પશ્ચિમ વોર્ડ દ્વારા કાર્યવાહી કરીને હટાવવામાં આવ્યા હતા. અંધેરી પશ્ચિમમાં સ્વામી વિવેકાનંદર રોડ(એસ.વી.રોડ) અને ગુલમોહર રોડને જોડી આવેલા તેમ જ કૂપર હૉસ્પિટલની નજીક આવેલા રામ ગણેશ ગડકરી રોડ પરથી ફૂટપાથ પર અતિક્રમણ કરીને ગેરકાયદે રીતે બાંધકામ કરવામાં આવ્યા હતા. તેમ જ આ પરિસરમાં ગેરકાયદે રીતે ફેરિયાઓએ દુકાનો પણ ઊભી કરી હતી. તેથી કુપર હૉસ્પિટલમાં ઈમરજન્સી દર્દીને લઈને આવતી ઍમ્બ્યુલન્સને પ્રવેશ કરવામાં અડચણ આવતી હતી. તેથી પાલિકાના કે-પશ્ચિમ વોર્ડ દ્વારા આ બાંધકામને તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ૨૦૦ ગેરકાયદે ફેરિયાઓ અને ફૂટપાથ પરના બાંધકામને હટાવી દેવામાં આવ્યા હતા.

# શિવાજી પાર્કમાં ગેરકાયદે રીતે જાહેરાત લગાડનારા સામે ગુનો દાખલ

મુંબઈઃ દાદરમાં આવેલા છત્રપતિ શિવાજી મહારાજ મેદાન (શિવાજી પાર્ક)માં ગેરકાયદે રીતે લોખંડનું સ્ટ્રક્ચર ઊભું કરીને હૉર્ડિંગ લગાડવાના પ્રકરણમાં પાલિકાના જી-ઉત્તર વોર્ડ દ્વારા શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. તેમ જ મેદાનમાં લગાડવામાં આવેલા લોખંડના સ્ટ્રક્ચર સહિત હૉર્ડિંગને હટાવીને તમામ સામાન જપ્ત કરીને ગેરકાયદે રીતે હૉર્ડિંગ્સ લગાડનારા સામે આકરા પગલા લેવાની ચીમકી પાલિકા પ્રશાસને આપી હતી.

શિવાજી પાર્ક મેદાનમાં પ્રવેશદ્વાર પાંચની બંને બાજુએ પાલિકાની મંજૂરી લીધા વગર ગેરકાયદે રીતે જાહેરાતનું હૉર્ડિંગ્સ બેસાડવામાં આવ્યું હતું. લગભગ ૨૦ બાય ૨૦ ફૂટના આકારના હૉર્ડિંગ માટે બંને ઠેકાણે લોંખડનું સ્ટ્રક્ચર પણ ઊભું કરવામાં આવ્યું હતું. આ સંદભમાં ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના નોટિસ ફટકારીને તેને તાત્કાલિક હટાવવાની સૂચના આપવામાં આવી હતી. આપેલી મુદતમાં સંબંધિતો દ્વારા તેને નહીં હટાવવામાં આવતા પાલિકાએ શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

# થાણેમાં રેલવે ટ્રેક પાસે કચરામાં આગઃ ટ્રેનો મોડી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કલવા રેલવે સ્ટેશન પાસે રેલવે ટ્રેકની નીચે રહેલી ગટરમાં જમા થયેલા કચરાના ઢગલામાં શુક્રવારે સાંજે અચાનક આગ ફાટી નીકળી હતી, તેને કારણે નીકળેલા ધુમાડાને કારણે સેન્ટ્રલ લાઈનની ફાસ્ટ ટ્રેકની ટ્રેન સ્લો લાઈન પર ડાઈવર્ટ કરવામાં આવી હતી.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ કલવા રેલવે સ્ટેશન નજીક પાટા નીચે રહેલી ગટરમાં કચરાના ઢગલામાં સાંજે અચાનક આગ લાગી હતી, તેને કારણે મોટા પ્રમાણમાં ધુમાડો નીકળ્યો હતો. ધુમાડાને કારણે થોડા સમય માટે પાટા પર વિઝિબિલિટી જતી રહી હતી. આગને પગલે ફાયર બ્રિગેડ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને રેલવે પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

પ્રાથમિક માહિતી મુજબ કચરામાં ફેંકવામાં આવેલા કચરામાં આગ લાગી હતી. આગ વધુ ફેલાતી રોકવા માટે ફાયરબ્રિગેડે તાત્કાલિક ધોરણે પગલા લીધા હતા.

# કિશોરીની ગર્ભપાતની અરજી હાઈ કોર્ટે ફગાવી, કહ્યું કે તે ભ્રૂણહત્યા સમાન ગણાશે

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે ૧૮ વર્ષીય કિશોરીની ૨૮ અઠવાડિયાની ગર્ભાવસ્થાનો તબીબી રીતે અંત લાવવાની અરજી ફગાવી દીધી છે અને ચુકાદો આપ્યો છે કે બળજબરીથી ગર્ભપાત કરાવવો એ ભ્રૂણહત્યા ગણાશે કારણ કે ભ્રૂણ સ્વસ્થ અને જીવી શકે એવું છે.

ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને અભય જે મંત્રીની ડિવિઝન બેન્ચે આ અઠવાડિયાની શરૂઆતમાં પસાર કરેલા એક આદેશમાં નિર્દેશ આપ્યો હતો કે કિશોરીને ડિલિવરી સુધી વ્યાપક તબીબી અને માનસિક સહાય પૂરી પાડવામાં આવે.

બાળકનો જન્મ થયા પછી અને તેને દત્તક આપવા માટે રજિસ્ટર્ડ અનાથાશ્રમમાં સોંપવાની સ્થિતિમાં હોય, ત્યારે બાળ કલ્યાણ સમિતિ આ સંદર્ભમાં પણ ભાવિ માતાને મદદ કરશે, એવો કોર્ટે ચુકાદો આપ્યો.

છોકરીના ૧૭ વર્ષની ઉંમરે એક પુરુષ મિત્ર સાથેના સંબંધના પરિણામ સ્વરૂપ ગર્ભાવસ્થાને સમાપ્ત કરવાની માંગ કરતી અરજી કિશોરીની માતાએ દાખલ કરી હતી. અરજીમાં જણાવાયું હતું કે પુરુષ મિત્રએ યુવતીને લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. કિશોરી ગર્ભવતી હોવાનું જાણવા મળ્યા બાદ તરત જ બીજા જાન્યુઆરીએ એફઆઈઆર નોંધાવવામાં આવી હતી. અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે કિશોરી ગર્ભાવસ્થા ચાલુ રાખવા માંગતી નથી, અને તેને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે.

કોર્ટે તેના આદેશમાં નોંધ્યું હતું કે હકીકત એ છે કે આ ઉંમરે આવા સંબંધ સંમતિથી થાય છે, છતાં કાયદેસર રીતે અસ્વીકાર્ય છે. તેમાં મેડિકલ બોર્ડના નિષ્કર્ષનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જો ગર્ભાવસ્થા અકાળે ડિલિવરી દ્વારા સમાપ્ત કરવામાં આવે તો જીવંત બાળકનો જન્મ થવાની સંભાવના વધુ હોય છે. આદેશમાં જણાવાયું છે કે મેડિકલ બોર્ડે એવો પણ અભિપ્રાય આપ્યો હતો કે ગર્ભ કોઈપણ જન્મજાત ખામી અથવા વિસંગતતા વિનાનો છે.

મેડિકલ બોર્ડના મંતવ્ય, ગર્ભની ઉંમર અને આ વિષય પર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં લેતા, કોર્ટે એબોર્શન માટે મંજૂરી આપવાનો ઇનકાર કર્યો હતો, જો મંજૂરી આપવામાં આવે તો તે ભ્રુણહત્યા ગણાશે.

જોકે, કોર્ટે કહ્યું કે ભાવિ માતાના માતાપિતા તેને ટેકો આપી શકે છે અને તેને તેમના ઘરે અથવા તેમની પસંદગીના કોઈપણ અન્ય સ્થળે અથવા બાળ કલ્યાણ સમિતિની સહાય દ્વારા બાળકને જન્મ આપવામાં મદદ કરી શકે છે. બાળકની ડિલિવરી પછી પણ, તે ઇચ્છે તેટલા સમય માટે તે ત્યાં રહી શકે છે. ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવશે, એમ કોર્ટે જણાવ્યું હતું. કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે થનાર માતાને મહિલા મનોવિજ્ઞાની અથવા કાઉન્સેલર સહિત તમામ તબીબી સહાય પૂરી પાડવામાં આવશે. (પીટીઆઈ) ■

# તિરુવનંતપુરમના મંદિરે પહોંચી ગયા ભારતીય ક્રિકેટરો

## સતત બીજી ટી-૨૦ વર્લ્ડ કપ ટ્રોફી જીતવા માટે પ્રાર્થના કરી અને મંદિરનો ભવ્ય ઇતિહાસ પણ જાણ્યો





શુક્રવારે કેરળના મંદિરની મુલાકાત દરમ્યાન ભારતીય ક્રિકેટરો (ઉપર). કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (ઉપર, એકદમ ડાબે) હાથ પરના ટૅટૂને કારણે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલ (ઉપર, વચ્ચે)ને એક પૂજારી હાથ પકડીને મંદિરનું અનોખું ગૃહ જોવા લઈ ગયા હતા. (પીટીઆઇ)

તિરુવનંતપુરમ (કેરળ): ન્યૂ ઝીલૅન્ડ સામે શનિવારે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાનારી સિરીઝની અંતિમ ટી-૨૦ અને ત્યાર પછી સાતમી ફેબ્રુઆરીએ ઘરઆંગણે શરૂ થનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટે પ્રાર્થના કરવા તેમ જ મંદિરનો ભવ્ય ઇતિહાસ જાણવા કૅપ્ટન સૂર્યકુમાર યાદવ સહિત છ ભારતીય ક્રિકેટરોએ શુક્રવારે તિરુવનંતપુરમમાં વિશ્વ વિખ્યાત શ્રી પદમનાભસ્વામી ટેમ્પલની મુલાકાત લીધી હતી.

ભારત ટી-૨૦માં નંબર-વન તેમ જ ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે અને ખેલાડીઓ સતત બીજી વાર ટી-૨૦ વિશ્વ કપની ટ્રોફી જીતવા કમર કસી રહ્યા છે. ન્યૂ ઝીલૅન્ડ સામેની વર્તમાન સિરીઝમાં ભારત ૩-૧થી આગળ છે. ૨૦૨૪ના અગાઉના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત રોહિત શર્માના સુકાનમાં ચૅમ્પિયન બન્યું હતું.

ભારતીય ખેલાડીઓ ૨૯મી જાન્યુઆરીએ જ કેરળના પાટનગરમાં આવી ગયા હતા અને શુક્રવારે સવારે ૯.૧૫ વાગ્યે તેમણે ‘ સિટી ઑફ અનંત’ તરીકે જાણીતા તિરુવનંતપુરમ શહેરના સૈકાઓ જૂના ભગવાન વિષ્ણુના આ મંદિરની મુલાકાત લીધી હતી. મંદિરના નિયમ અનુસાર તેમણે પરંપરાગત પોશાક પહેર્યો હતો અને તેઓ લગભગ ૩૦ મિનિટ સુધી મંદિરમાં હતા.

શ્રી પદમનાભસ્વામી ટેમ્પલમાં આવનારા ખેલાડીઓમાં સુકાની સૂર્યકુમાર ઉપરાંત અક્ષર પટેલ, રિન્કુ સિંહ, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ તથા રવિ બિશ્નોઈનો સમાવેશ હતો. ફીલ્ડિંગ-કોચ ટી. દિલીપ પણ ખેલાડીઓની સાથે હતા. એક તબક્કે મંદિરના એક પૂજારી અક્ષર પટેલનો હાથ પકડીને તેને મંદિરના મહત્ત્વના ગૃહ તરફ લઈ ગયા હતા અને ત્યાંનો ભવ્ય ઇતિહાસ જણાવ્યો હતો. ■

# આજે વર્લ્ડ કપ પહેલાંનું આખરી રિહર્સલ

તિરુવનંતપુરમઃ અહીં શનિવારે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝની અંતિમ મૅચ રમાશે અને આ મુકાબલો બન્ને દેશ માટે ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાંનો અંતિમ ટી-૨૦ મુકાબલો છે જે સૌથી અગત્યના રિહર્સલ જેવો બની રહેશે.

ભારતને ઓપનર સંજુ સૅમસનના નબળા ફૉર્મની ચિંતા છે તેમ જ વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલની ઈજા વિશે પણ ટીમ ચિંતિત છે. જોકે ઇશાન કિશન ફરી ફિટ થઈ જતાં ટીમ સ્ટ્રૉન્ગ બની જશે. બીજી તરફ, ન્યૂ ઝીલૅન્ડની ટીમ જે સિરીઝ હારી ચૂકી છે એ પરાજયના માર્જિનને ૧-૩થી ઘટાડીને ૨-૩નું કરવા ઉત્સુક હશે.

વર્લ્ડ કપ સાતમી ફેબ્રુઆરીએ શરૂ થશે. ન્યૂ ઝીલૅન્ડની ટીમ ફિન ઍલનના કમબૅકથી મજબૂત બની છે. સ્પિનર ઇશ સોઢી ન્યૂ ઝીલૅન્ડના સૌથી સફળ ટી-૨૦ બોલર ટિમ સાઉધીથી થોડો જ દૂર છે. સાઉધીના નામે ૧૬૪ વિકેટ છે, જ્યારે સોઢી ૧૬૨ વિકેટ લઈ ચૂક્યો છે.

સૂર્યકુમાર યાદવ હવે ફૉર્મમાં આવી ગયો છે. તે ૩૩ રન કરશે એટલે ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં ૩,૦૦૦ રન પૂરા કરનાર ૧૨મો ખેલાડી બનશે. ■



તિરુવનંતપુરમના મેદાન પર ગઈ કાલે ન્યૂ ઝીલૅન્ડના ખેલાડીઓ.

# અમેરિકાની વર્લ્ડ કપ ટીમમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા અને સાઉથ આફ્રિકન મૂળના ખેલાડીઓ

ન્યૂ યૉર્કઃ સાતમી ફેબ્રુઆરીએ શરૂ થનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટે અમેરિકાએ શુક્રવારે (ખૂબ મોડેથી) ટીમ જાહેર કરી હતી અને ફરી એક વાર ભારતીય મૂળનો ગુજરાતી ખેલાડી મોનાંક પટેલ અમેરિકાની ટીમનું સુકાન સંભાળશે અને તેની ટીમમાં ભારત ઉપરાંત, પાકિસ્તાન, શ્રીલંકા તેમ જ સાઉથ આફ્રિકન મૂળના ખેલાડીઓનો સમાવેશ છે.

૨૦૨૪ના ટી-૨૦ વિશ્વ કપમાં પણ મોનાંક પટેલે જ યુએસએની ટીમનું સુકાન સંભાળ્યું હતું અને એ ટીમે લીગ રાઉન્ડમાં પાકિસ્તાનને ટાઇ બાદ સુપર ઓવરમાં પરાસ્ત કરીને સનસનાટી મચાવી દીધી હતી.

શ્રીલંકાનો ૩૪ વર્ષનો સ્પિન-ઑલરાઉન્ડર શેહાન જયસૂર્યા ૨૦૨૦ની સાલ સુધી શ્રીલંકા વતી ૧૨ વન-ડે અને ૧૮ ટી-૨૦ રમ્યો હતો, પરંતુ હવે તે અમેરિકા વતી રમવાનો છે. વર્લ્ડ કપમાં તે અમેરિકાની ટીમ વતી સ્પિન બોલિંગની મહત્ત્વની જવાબદારી સંભાળશે.

અમેરિકાની ટીમમાં ભારતીય મૂળના ખેલાડીઓમાં કૅપ્ટન મોનાંક પટેલ, સૌરભ નેત્રાવલકર, જસદીપ સિંહ, સાઇ





તેજા મુક્કમાલા, મિલિંદ કુમાર, સંજય ક્રિષ્નમૂર્તિ, હરમીત સિંહ, નોસ્થુશ કેન્જિગે અને શુભમ રાંજણેનો સમાવેશ છે. અમેરિકી ટીમના પાકિસ્તાન મૂળના ખેલાડીઓમાં શેયન જહાંગીર, અલી ખાન અને મોહમ્મદ મોહસિનનો, શ્રીલંકન મૂળના ખેલાડીમાં શેહાન જયસૂર્યા અને સાઉથ આફ્રિકન મૂળના ખેલાડીમાં શેડલી વૅન સ્કૉલ્કવીક અને ઍન્ડ્રિસ ગૌઉસનો સમાવેશ છે. ■

# ડિકૉક રમ્યો બ્રેવિસના બૅટથી, ધમાકેદાર સદીથી સાઉથ આફ્રિકાને સિરીઝ જિતાડી આપી

સેન્ચુરિયનઃ વિકેટકીપર-બૅટ્સમૅન ક્વિન્ટન ડિકૉકે (૧૧૫ રન, ૪૯ બૉલ, દસ સિક્સર, છ ફોર) ગુરુવારે સાઉથ આફ્રિકાને સિરીઝની બીજી ટી-૨૦માં વિજય અપાવવાની સાથે ૨-૦ની સરસાઈ સાથે ટ્રોફી પર પણ કબજો અપાવી દીધો એ પાછળનું એક રહસ્ય એ છે કે તે ઉછીનાં લીધેલા બૅટથી શાનદાર ઇનિંગ્સ રમ્યો હતો અને સેન્ચુરિયનમાં કરીઅરની બીજી સેન્ચુરી ફટકારીને સૌના દિલ જીતી લીધા હતા.

બીજી નવાઈની વાત એ છે કે ડિકૉકે ૧૪ વર્ષની ટી-૨૦ કારકિર્દીમાં બીજી જ સદી ફટકારી છે અને આ પહેલાંની પ્રથમ સદી પણ (૨૦૨૩માં) સેન્ચુરિયનમાં વેસ્ટ ઇન્ડિઝ સામે ફટકારી હતી. ત્યારે ડિકૉકે સાઉથ આફ્રિકાને કૅરિબિયનો સામે સિરીઝ ૧-૧થી લેવલ કરાવી આપી હતી.

ડિકૉકે શાનદાર ઇનિંગ્સ રમતાં પહેલાં ફીલ્ડિંગમાં પણ મોટી ભૂમિકા ભજવી હતી. તેણે વેસ્ટ ઇન્ડિઝના કૅપ્ટન શાઇ હોપ (ચાર રન)નો કૅચ ઝીલ્યો હતો. વેસ્ટ ઇન્ડિઝે શિમરૉન હેટમાયરના ૭૫ રન અને શેરફેન રુધરફર્ડના અણનમ ૫૭ રનની મદદથી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૨૧ રન કર્યા હતા જેના જવાબમાં સાઉથ આફ્રિકાએ ૧૭.૩ ઓવરમાં ૩/૨૨૫ રનના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો. ડિકૉકે રાયન રિકલ્ટન (૭૭ અણનમ, ૩૬ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર) સાથે બીજી વિકેટ માટે ૧૬૨ રનની મૅચ-વિનિંગ ભાગીદારી કરી હતી. ડિકૉક એક જ મેદાન પર (સેન્ચુરિયનમાં) બે ટી-૨૦ ઇન્ટરનૅશનલ સેન્ચુરી ફટકારનાર પ્રથમ સાઉથ આફ્રિકન ખેલાડી છે.

### બ્રેવિસના બૅટથી ૧૦ સિક્સર ફટકારી

ડિકૉકની આ ૧૦૧મી ટી-૨૦ મૅચ અને ૧૦૦મી ઇનિંગ્સ હતી. ડિકૉકે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ફૉર્મેટમાં ૧૨,૦૦૦ રન પૂરા કર્યા અને તે પોતાના દેશના ફાફ ડુ પ્લેસીને પાછળ રાખીને સૌથી વધુ રનકર્તા બની ગયો હતો. ડિકૉક સેન્ચુરિયનના હોમ ગ્રાઉન્ડ પર ત્રણ વર્ષે ટી-૨૦ રમ્યો હતો. ૨૦૨૩માં તેણે ૪૩ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા અને સાઉથ આફ્રિકાને ૨૫૯ રનનો રેકૉર્ડ ચેઝ અપાવ્યો હતો. મંગળવારે સાઉથ આફ્રિકાની વેસ્ટ ઇન્ડિઝ સામેની પ્રથમ ટી-૨૦ રમાઈ ત્યાર બાદ ડિકૉકના બૅટ સમયસર સેન્ચુરિયનમાં નહોતા પહોંચી શક્યા એટલે ડ્રેસિંગ-રૂમમાં ડિકૉકે સાથી ખેલાડી ડેવાલ્ડ બ્રેવિસ પાસે બૅટ માગ્યું હતું. તેણે બ્રેવિસના બૅટથી દસ છગ્ગા અને છ ચોગ્ગા ફટકાર્યા હતા.



### બ્રેવિસને બૅટ કેમ પાછું આપી દેશે?

ડિકૉકે ગુરુવારે બ્રેવિસના બૅટથી મૅચ-વિનિંગ અને કરીઅર-બેસ્ટ ૧૧૫ રન કર્યા હતા, પણ તેને એ બૅટ બહુ ફાવ્યું નહોતું. ડિકૉકે મૅચ પછી કહ્યું, ‘ હું આ બૅટ બ્રેવિસને પાછું આપી દઈશ. એ મને કંઈ બહુ ન ફાવ્યું. એ ધાર્યા કરતાં વધુ વજનદાર હતું. આવા વજનદાર બૅટથી યુવાનિયાઓ જોરદાર ફટકાબાજી કરતા હોય છે. મેં પણ કરી, પણ આગામી મૅચમાં હું મારા બૅટથી જ રમીશ.’ એ જ મૅચમાં બ્રેવિસ પોતાના બીજા બૅટથી રમ્યો હતો અને ફક્ત ચાર રન કરીને આઉટ થઈ ગયો હતો. ■

# રાયબાકિનાને આજે સબાલેન્કા સામે ૨૦૨૩ની હારનો બદલો લેવાનો મોકો

મેલબર્નઃ રશિયામાં જન્મેલી કઝાખસ્તાનની ટોચની મહિલા ટેનિસ ખેલાડી એલેના રાયબાકિનાનો આજે અહીં ઑસ્ટ્રેલિયન ઓપનની સિંગલ્સની ફાઇનલમાં બેલારુસની વર્લ્ડ નંબર-વન અરીના સબાલેન્કા સામે મુકાબલો છે અને એ જીતીને ૨૦૨૩ની આ જ ગ્રૅન્ડ સ્લૅમ ચૅમ્પિયનશિપની ફાઇનલની હારનો બદલો લેવાનો રાયબાકિનાને બહુ સારો મોકો છે. હજી બે મહિના પહેલાં રાયબાકિનાએ ડબ્લ્યૂટીએ ફાઇનલ્સની નિર્ણાયક મૅચમાં સબાલેન્કાને હરાવીને બાવન લાખ ડૉલરનું પ્રથમ ઇનામ જીતી લીધું હતું.

વર્લ્ડ નંબર-થ્રી રાયબાકિનાને ૨૦૨૩ના નિર્ણાયક જંગમાં સબાલેન્કાએ ૪-૬, ૬-૩, ૬-૪થી હરાવી હતી. સબાલેન્કાનું એ સૌથી પહેલું ગ્રૅન્ડ સ્લૅમ સિંગલ્સ ટાઇટલ હતું અને ત્યાર બાદ તે બીજા ત્રણ ટાઇટલ જીતી હતી. સબાલેન્કા કુલ બે ઑસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ (૨૦૨૩, ૨૦૨૪) જીતી ચૂકી છે, પણ રાયબાકિના પાસે ઑસ્ટ્રેલિયન ઓપનની એક પણ ટ્રોફી નથી. તે ૨૦૨૨માં વિમ્બલ્ડનનું ટાઇટલ જીતી ત્યાર બાદ એક પણ મોટું ટાઇટલ નથી જીતી, પણ હવે શનિવારે જીતી શકે.

સેમિ ફાઇનલમાં એલીના સ્વિતોલિનાને હરાવીને સતત ચોથા વર્ષે ઑસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલમાં પહોંચી છે. બીજી બાજુ, રાયબાકિનાએ સેમિ ફાઇનલમાં જેસિકા પેગુલાને પરાસ્ત કરી હતી.

સબાલેન્કાએ વર્તમાન ટેનિસ સિઝનની શરૂઆત બ્રિસ્બેન ઇન્ટરનૅશનલ જીતીને કરી હતી અને ત્યારથી અત્યાર સુધીમાં તે સતત ૧૧ મૅચ જીતી છે. રાયબાકિનાએ કહ્યું છે કે ‘ ૨૦૨૩માં અહીં સબાલેન્કા સામે હું જે ફાઇનલ હારી હતી ત્યાર બાદ અમે ઘણી મૅચો રમ્યાં. અમને ઘણો અનુભવ મળી ગયો છે. મુકાબલામાં અંત સુધી લડવાની મારી વૃત્તિ છે અને આશા રાખું છું કે આ વખતની ફાઇનલ હું જ જીતીશ.’ ■




### મેન્સ ફાઇનલમાં અલ્કરાઝ અને જોકોવિચ વચ્ચે ટક્કર

મેલબર્નઃ રવિવારે ઑસ્ટ્રેલિયન ઓપનની સિંગલ્સની મેન્સ ફાઇનલમાં કાર્લોસ અલ્કરાઝ અને નોવાક જોકોવિચ વચ્ચે મુકાબલો થશે. જોકોવિચ વિક્રમજનક પચીસમા ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલની તલાશમાં છે. વર્લ્ડ નંબર-વન અલ્કરાઝે પાંચ કલાક અને ૨૭ મિનિટ સુધી ચાલેલી સેમિ ફાઇનલમાં ઍલેકઝાંડર ઝ્વેરેવને ૬-૪, ૭-૫, ૩-૭, ૪-૭, ૭-૫થી હરાવી દીધો હતો. આ ચૅમ્પિયનશિપની આ સૌથી લાંબી સેમિ ફાઇનલ હતી. બીજી સેમિમાં જોકોવિચે યાનિક સિનરને ૩-૬, ૬-૩, ૪-૬, ૬-૪, ૬-૪થી પરાજિત કર્યો હતો. જોકોવિચ ૧૧મી વખત ઑસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલમાં રમશે. મહિલાઓમાં શનિવારે રાયબાકિના અને સબાલેન્કા વચ્ચે ફાઇનલ જંગ ખેલાશે.

# બળાત્કારના આરોપીને કોચ બનાવીને ઘોડેસવારીના સ્પર્ધકો સાથે જોર્ડન મોકલવામાં આવ્યા!

નવી દિલ્હીઃ ઇક્વેસ્ટ્રિયન ફેડરેશન ઑફ ઇન્ડિયા (ઇએફઆઇ) વિવાદમાં ફસાયું છે, કારણકે એણે બળાત્કારના આરોપી અને ઇએફઆઇની એક્ઝિક્યૂટિવ કમિટીના મેમ્બર તરસેમ સિંહ વારૈચને ઘોડેસવારીના ભારતીય સ્પર્ધકોની ટીમના કોચ તરીકે જોર્ડન મોકલ્યા છે.

ખેલકૂદ મંત્રાલયે કેટલીક માર્ગરેખાઓ ન અનુસરવા બદલ ઇએફઆઇને કારણદર્શક નોટિસ મોકલી જ છે ત્યાં હવે બળાત્કારના આરોપીને કોચ તરીકે વિદેશ પ્રવાસે મોકલીને ફેડરેશને વધુ વિવાદ વહોરી લીધો છે.

જોર્ડનમાં ૨૯-૩૧ જાન્યુઆરી દરમ્યાન આયોજિત ઇન્ટરનૅશનલ ટેન્ટ પેગિંગ ફેડરેશન (આઇટીપીએફ) વર્લ્ડ કપ ક્વૉલિફાયર રમાવાની છે અને એમાં ભારતીય સ્પર્ધકો ભાગ લેવાના છે જેમના કોચ ઉપરાંત મૅનેજર તરીકે તરસેમ સિંહ વારૈચને જોર્ડન મોકલ્યા છે. ટોચની બે ટીમ નવેમ્બરની ફાઇનલમાં રમશે.

તરસેમ વારૈચ નિવૃત્ત કર્નલ છે. બે મહિલાઓએ જાતીય સતામણી કરી હોવાની ફરિયાદ તરસેમ વિરુદ્ધ કરી છે અને તેમની વિરુદ્ધ એફઆઇઆર પણ નોંધાવાયો છે. એક જુનિયર રાઇડરના પિતાએ આઇટીપીએફને પત્રમાં વારૈચ વિશે લખ્યું છે કે ‘આ વ્યક્તિ કે જેણે ગંભીર ગુનો કર્યો છે અને જે જામીન પર છે તેને દેશની બહાર કઈ રીતે મોકલી શકાય.

એ તો ઠીક, પણ દેશનું પ્રતિનિધિત્વ કરવાની જવાબદારી તેને સોંપાઈ છે એ વધુ આઘાતજનક બાબત છે.’ જોકે વારૈચે અગાઉ ખુલાસામાં કહ્યું હતું કે તેમની સામેના આક્ષેપો ઉપજાવી કાઢેલા છે અને અદાલતે તેમને કોઈ પણ પ્રકારની સત્તાવાર ફરજ બજાવવાની મનાઈ નથી કરી. ■

# સિદ્ધેશ લાડની સીઝનમાં પાંચમી સેન્ચુરી

## સૌરાષ્ટ્ર હાર્વિક દેસાઈની ડબલ સેન્ચુરીથી વિજયની લગોલગ, જય-અર્પિત સેન્ચુરી ચૂક્યા

મુંબઈઃ બાંદરા (પૂર્વ)માં શરદ પવાર ક્રિકેટ ઍકેડેમી બીકેસીના મેદાન પર મુંબઈએ શુક્રવારે દિલ્હી સામે ચાર દિવસીય રણજી ટ્રોફી મૅચના બીજા દિવસે ૪૫ રનની સરસાઈ લીધી હતી અને ટીમને સારી સ્થિતિમાં લાવવામાં સૌથી મોટું યોગદાન કૅપ્ટન સિદ્ધેશ લાડ (૧૦૨ નૉટઆઉટ)નું હતું. વર્તમાન સીઝનમાં તેની આ પાંચમી સેન્ચુરી છે.

મુશીર ખાન (૫૭ રન) અને સુવેદ પારકર (૫૩ નૉટઆઉટ)નો પણ મુંબઈના ૫/૨૬૬ના સ્કોરમાં ફાળો હતો. દિલ્હીની ટીમ પ્રથમ દાવમાં ૨૨૧ રનમાં આઉટ થઈ ગઈ હતી.

ચંડીગઢમાં ચંડીગઢની ટીમ પ્રથમ દાવમાં ૧૩૬ રને આઉટ થઈ ગયા બાદ સૌરાષ્ટ્રએ ઓપનર હાર્વિક દેસાઈ (૨૦૦ અણનમ, ૩૦૫ બૉલ, એક સિક્સર, એકવીસ ફોર)ની ડબલ સેન્ચુરીની મદદથી ૩/૪૫૩ના સ્કોર પર દાવ ડિક્લેર કરી દીધો હતો. એ પહેલાં, જય ગોહિલ ૯૮ રને અને અર્પિત વસાવડા ૯૬ રને વિકેટ ગુમાવી બેઠો હતો. બીજા દાવમાં ચંડીગઢના વિના વિકેટે ૩૧ રન હતા અને સૌરાષ્ટ્ર ૨૮૬ રનથી હજી આગળ હોવાને કારણે શનિવારે એક દાવથી આ મૅચ જીતી શકે.


અગરતલામાં ગુજરાતના ૩૫૨ રન બાદ ત્રિપુરાની ટીમે ત્રણ વિકેટે ૨૦૮ રન બનાવ્યા હતા અને ગુજરાતની ટીમ હજી ૧૪૪ રનથી આગળ હતી. સાલેમમાં બરોડાના ૩૭૫ રનના જવાબમાં તમિળનાડુએ વિના વિકેટે ૧૧૮ રન બનાવ્યા હતા. ■




બાંદરાના મેદાન પર ગઈ કાલે સેન્ચુરી બાદ સિદ્ધેશ લાડ (પીટીઆઈ)

# પી. ટી. ઉષાનાં પતિનો દેહાંત

કોઝિકોડ (કેરળ): ભારતનાં મહાન મહિલા રનર, ઇન્ડિયન ઑલિમ્પિક અસોસિયેશન (આઇઓએ)નાં પ્રમુખ તથા રાજ્યસભાનાં મેમ્બર પી. ટી. ઉષાના પતિ વી. શ્રીનિવાસનનું શુક્રવારે વહેલી સવારે અવસાન થયું હતું. તેઓ ૬૭ વર્ષના હતા. તેઓ અચાનક ઘરમાં ઢળી પડ્યા હતા. તેમને તાબડતોબ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેઓ ફરી ભાનમાં નહોતા આવ્યા અને ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ પી. ટી. ઉષાને શોકસંદેશ મોકલ્યા હતા. શ્રીનિવાસન ભૂતપૂર્વ સરકારી કર્મચારી હતા. તેઓ પત્ની ઉષાની ખેલકૂદની તેમ જ રાજકીય કારકિર્દી દરમ્યાન તેમના માટે માર્ગદર્શક બન્યા હતા અને ઉષા માટે મુશ્કેલીના સમયમાં સ્તંભ બન્યા હતા. ■

# બજેટની રજૂઆત અગાઉની સાવચેતીના માનસ વચ્ચે મેટલ અને આઈટી શૅરોની વેચવાલીના દબાણથી ત્રણ સત્રની આગેકૂચને બ્રેક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બજેટની રજૂઆત અગાઉની સાવચેતીના માનસ સાથે રૂપિયાના અવમૂલ્યન, એફઆઇઆઇની નવેસરની વેચવાલી અને વિશ્વ બજારની અસરે મેટલ તથા આઇટી શેરોમાં થયેલા ધોવાણને કારણે શેરબજારની ત્રણ દિવસની આગેકૂચને બ્રેક લાગી હતી. સેન્સેક્સ સત્ર દરમિયાન ૬૨૫ પોઇન્ટ જેટલો નીચે ગયા બાદ અંતે ૨૯૬.૫૯ પોઇન્ટ અથવા તો ૦.૩૬ ટકાના ઘટાડા સાથે ૮૨,૨૬૯.૭૮ની સપાટીએ અને નિફ્ટી ૯૮.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૩૯ ટકાના ઘટાડા સાથે ૨૫,૩૨૦.૬૫ની સપાટીએ સ્થિર થયો હતો.

ટાટા સ્ટીલ ૪.૫૭ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. આ યાદીમાં સૌથી વધુ ઘટનારા અન્ય શેરમાં આઇસીઆઇસીઆઇ બેન્ક, પાવર ગ્રીડ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રઆ, ઇન્ફોસિસ અને કોટક મહિન્દ્રા બેન્કનો સમાવેશ હતો. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સ્ટેટ બેન્ક, આઇટીસી અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનરમાં સમાવિષ્ટ હતા. જીઓ-પોલિટિકલ રિસ્ક અને રૂપિયાના અવમૂલ્યન વચ્ચે સ્થાનિક સ્તરે એફઆઇઆઇની એકધારી વેચવાલી તથા બજેટની રજૂઆત પહેલાના સાવચેતીના માનસ વચ્ચે બજારમાં અફડાતફડી જોવા મળી હતી. જોકે, આર્થિક સર્વેક્ષણમાં અર્થતંત્રની મજબૂતીના સંકેત અને યુરોપિયન સંઘ સાથેના ભારતના મુક્ત વેપારના કરાર પોઝિટિવ પરિબળ રહ્યા છે. કોર્પોરેટ પરિણામ મિશ્ર રહ્યાં છે. એનટીપીસી ગ્રીન એનર્જીનો નફો ૭૪ ટકા ઘટીને રૂ. ૧૭.૩૨ કરોડ નોંધાયો હતો, જ્યારે સ્વીગીની ખોટ ડિસેમ્બર ક્વાર્ટરમાં વધીને રૂ. ૧૦૬૫ કરોડ સુધી પહોંચી હતી. નેસ્લે ઇન્ડિયાનો નફો ૪૫.૧૨ ટકા વધીને રૂ. ૯૯૮.૪૨ કરોડ નોંધાયો હતો. કોલગેટ પામોલીવ ઇન્ડિયાનો નફો ૦.૩ ટકા વધીને રૂ. ૩૨૪ કરોડ રહ્યો હતો. આઇટીસીનો ત્રીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો થોડો વધીને રૂ. ૫,૦૧૮ કરોડ થયો હતો.

વિન્ડ પાવર પ્રોડ્યુસર અને ડિસ્ટ્રીબ્યુટર ઇન્ડોવિન્ડ એનર્જી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં ૫.૦૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬.૧૯ કરોડની કુલ આવક અને વાર્ષિક ધોરણે ૬.૫૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૦.૩૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નવ મહિનાના પરિણામમાં કંપનીએ ૨૧.૬૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૫.૪૯ કરોડની કુલ આવક અને ૨૪.૩૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૭.૫૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ટેક્સ, એકાઉન્ટિંગ, કાનૂની અને સંલગ્ન વ્યવસાયોને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ નફો ના રળનાર વ્યાવસાયિક સંગઠન, ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સે, શતાબ્દી સમિટ સાથે તેની શતાબ્દીની સફળતાપૂર્વક ઉજવણી કરી હતી, જેમાં ઇન્ડસ્ટ્રી લીડર્સ, નીતિ ઘડવૈયા અને વ્યાવસાયિકો ભારતના આર્થિક,




નાણાકીય અને ટેકનિકલ ભવિષ્ય પર ચર્ચા કરવા એક છત્ર નીચે એકત્ર થયા હતા. આ પરિષદમાં નિષ્ણાતોના નેતૃત્વ હેઠળની પેનલો દ્વારા નાણાકીય, કરવેરા, સ્ટાર્ટઅપ્સ, મૂડી બજારો, એઆઇ, જીએસટી, આઇપીઓ, સકસેશન પ્લાન સહિતના વિષયો આવરી લેવામા આવ્યા હતા.

અરવિંદ લિમિટેડનો નફો પાંચ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૦.૯૭ કરોડ નોંધાયો છે. બ્લુ સ્ટારના નફામાં ૩૯ ટકાનો અને હુડકોના નફામાં ત્રણ ટકાનો ઘટાડો, જ્યારે બીપીસીએલના નફામાં ૬૨ ટકાના વધારો નોંધાયો છે. વોલ્ટાસના નફામાં ૩૫.૪ ટકાનો અને કેપીઆઇટીના નફામાં ૨૯ ટકાનો ઘટાડો, જ્યારે બીઓઆઇના ત્રિમાસિક નફામાં સાત ટકાના વધારો નોંધાયો છે. સિપ્લાના નફામાં ૫૭ ટકા અને અદાણી ગ્રીન એનર્જીના નફામાં ૯૯ ટકાનો કડાકો નોંધાયો હતો.

ચંદન હેલ્થકેર લિમિટેડે આસામમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ પ્રોજેક્ટ મેળવ્યો છે. આ પ્રોજેક્ટમાં આસામના માલેગાંવ સ્થિત નોર્થઇસ્ટ ફ્રન્ટિયર રેલ્વે સેન્ટ્રલ હોસ્પિટલ ખાતે એક અત્યાધુનિક રેડિયોલોજી ઇમેજિંગ ડાયગ્નોસ્ટિક સેન્ટરનો વિકાસ, સંચાલન અને જાળવણીનો સમાવેશ થાય છે. આ કોન્ટ્રાક્ટ ૧૦ વર્ષના સમયગાળા માટે આપવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ્સનું કુલ મૂલ્ય રૂ. ૫૫૦ કરોડ છે.

એક્સચેન્જના ડેટા અનુસાર બુધવારે પાછલા સત્રમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૩૯૩.૯૭ કરોડની વેચવાલી અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૨૬૩૮.૭૬ કરોડની લેવાલી નોંધાવી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના ભાવ ૦.૮૮ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૭૦.૦૯ ડોલર બોલાયા હતા. એશિયાઇ બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી સુધારા સાથે બંધ થયો હતો. જ્યારે, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, સિંગાપોરનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ગબડ્યો હતો. યુરોપના બજારો ઊંચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. અમેરિકાના બજારો ગુરુવારે નીચા મથાળે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૩૮ ટકા, સ્ટેટ બેન્ક ૧.૨૭ ટકા, આઈટીસી ૧.૧૧ ટકા, બીઈએલ ૧.૦૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૯૪ ટકા, ટાઈટન ૦.૮૩ ટકા, મારુતિ ૦.૭૦ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૪૯ ટકા વધ્યા હતા.

જ્યારે ટાટા સ્ટીલ ૪.૫૭ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૧૦ ટકા, પાવર ગ્રીડ ૧.૬૧ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૫૫ ટકા, ટેક મહિન્દ્ર ૧.૨૯ ટકા, ઈન્ફોસિસ ૧.૦૫ ટકા, કોટક બેન્ક ૦.૯૯ ટકા, ટ્રેન્ટ ૦.૯૮ ટકા, એચડીએફસી બેન્ક ૦.૬૭ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૬૭ ટકા, એનટીપીસી ૦.૬૪ ટકા અને ઈટર્નલ ૦.૫૫ ટકા ઘટ્યા હતા.

## ડૉલર સામે રૂપિયો ૯૨.૦૨ની ઐતિહાસિક નીચી સપાટી સ્પર્શીને છ પૈસાના સુધારે બંધ

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ અને માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ઐતિહાસિક નીચી ૯૨.૦૨ની સપાટીને સ્પર્શ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાના નિર્દેશો સાથે સત્રના અંતે રૂપિયો ગઈકાલના બંધ સામે છ પૈસાના સુધારા સાથે ૯૧.૯૩ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૧.૯૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૧.૮૯ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૦૨ અને ઉપરમાં ૯૧.૮૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે છ પૈસાના સુધારા સાથે ૯૧.૯૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે અગાઉ ૨૩મી જાન્યુઆરીના રોજ ડૉલર સામે રૂપિયો ૯૨ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. ગઈકાલે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી આજે ડૉલર સામે રૂપિયામાં ઐતિહાસિક નીચી સપાટીએથી સુધારો આવ્યો હતો. જોકે, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટૂંક સમયમાં ફેડરલ રિઝર્વના નવાં અધ્યક્ષની જાહેરાત કરવામાં આવશે, એવું જણાવતા ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૫ ટકા વધીને ૯૬.૫૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૨૯૬.૫૯ પૉઈન્ટ અને ૯૮.૨૫ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હતા અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૯૩.૯૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. તેમ છતાં ગઈકાલના ઘટાડા બાદ આજે પુનઃ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૬ ટકા ઘટીને બેરલદીઠ ૭૦.૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સાધારણ સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ૧૦૦ અબજ ડૉલરનો લક્ષ્યાંક હાંસલ કરવા સ્થિર કૃષિ નિકાસ નીતિની આવશ્યકતાઃ આર્થિક સર્વેક્ષણ

નવી દિલ્હીઃ ભારતે કૃષિ નિકાસ વધારવા માટે નીતિઓ સ્થિર રાખવી જોઈએ અને પુરવઠા સ્થિતિને ખંડિત કરતા અને એક વિશ્વસનીય પુરવઠાકાર તરીકે દેશની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે એવા કામચલાઉ ધોરણે લાદવામાં આવતા વેપાર પ્રતિબંધોને દૂર કરવા જોઈએ, એમ ગત ગુરુવારે આર્થિક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું હતું.

એકંદરે કૃષિ નિકાસ ઓછા પ્રમાણમાં નિકાસ ક્ષમતા સાથે ઓછા ફળદાયી છે અને ભારત માટે આંતરરાષ્ટ્રીય સ્તરે લાભ ધરાવે છે. આથી સર્વેક્ષણમાં સ્થાનિક માગ અને નિકાસ વૃદ્ધિને સંતુલિત કરતી નીતિ પર ભાર મૂકવામાં આવ્યો છે. નોંધનીય બાબત એ છે કે ભારતે આગામી ચાર વર્ષમાં કૃષિ, દરિયાઈ ઉત્પાદનો અને ખાદ્ય અને પીણાંઓ સહિતની નિકાસ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નાં ૫૧.૧ અબજ ડૉલર સામે વધારીને ૧૦૦ અબજ ડૉલરની સપાટી સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનની આંકડાકીય માહિતી અનુસાર મૂલ્યની દૃષ્ટિએ કૃષિ ઉત્પાદનમાં વિશ્વમાં બીજો ક્રમાંક ધરાવતા દેશ ભારતનો વૈશ્વિક કૃષિ નિકાસમાં હાલ માત્ર ૨.૨ ટકા હિસ્સો ધરાવે છે જે વર્ષ ૨૦૦૦માં ૧.૧ ટકાનો હતો. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કૃષિ નિકાસનો કમ્પાઉન્ડ ધોરણે વૃદ્ધિદર મર્ચન્ડાઈઝ નિકાસના ૬.૯ ટકાના દર સામે વધીને ૮.૨ ટકાના સ્તરે રહ્યો હતો. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન કૃષિ નિકાસ સ્થિર રહી હતી, જ્યારે વૈશ્વિક કૃષિ વેપાર વર્ષ ૨૦૨૨નાં ૨.૩ ટ્રિલિયન ડૉલર સામે વર્ષ ૨૦૨૪માં વધીને ૨.૪ ટ્રિલિયન ડૉલરના સ્તરે રહ્યો હતો.

છાશવારે નીતિમાં થઈ રહેલા બદલાવને કારણે નિકાસની પુરવઠાચેઈન વિક્ષેપિત થતી હોય છે. તેમ જ તેને કારણે બજારમાં અનિશ્ચિતતા સર્જાતા વિદેશી ખરીદદારો અન્ય સ્રોત તરફ વળી જતાં હોય છે. આથી સર્વેક્ષણમાં ચેતવણી આપવામાં આવી હતી કે એક વખત નિકાસ બજાર ગુમાવ્યા બાદ ફરીથી તેને હાંસલ કરવી બહુ કઠિન હોય છે.

સ્થાનિક સ્તરે ફુગાવો અંકુશમાં રાખવા અથવા તો ભાવ નિયંત્રણમાં રાખવા માટે ભારત અવારનવાર નિકાસ પ્રતિબંધ અથવા તો લઘુતમ નિકાસભાવ લાદતું હોય છે તેને કારણે કામચલાઉ ધોરણે ભાવમાં સ્થિરતા આવતી હોય છે, પરંતુ લાંબાગાળે વિશ્વ બજારમાં પ્રતિષ્ઠાને હાનિ પહોંચતી હોય છે. આથી સર્વેક્ષણમાં સ્થાનિકમાં કૃષિ ચીજોની વાજબી ભાવે ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા વૈકલ્પિક નીતિગત સાધનોની ભલામણ કરવામાં આવી હતી, જેમાં ખાસ કરીને સબસિડીવાળા અનાજનું વિતરણ, બફર સ્ટોકની વ્યવસ્થા, બજારમાં હસ્તક્ષેપ અને સંગ્રહખોરી ડામવાના પગલાં વગેરેનો સમાવેશ થાય છે.

સ્થાનિકમાં કૃષિ ચીજોની ઉપલબ્ધિ અને ભાવમાં સ્થિરતા રાખી શકાય છે તેમ જ ખેડૂતોની આવક વધારવા માટે વિશ્વ બજાર પણ ઉપલબ્ધ કરાવી શકાય તેમ હોવાનું સર્વેક્ષણમાં ઉમેર્યું હતું.

વધુમાં સર્વેક્ષણમાં જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધીના પાંચ વર્ષમાં દેશની કુલ મર્કન્ડાઈઝ નિકાસમાં કૃષિ નિકાસનો હિસ્સો ૧૧થી ૧૪ ટકા જેટલો રહ્યો છે.


ફાર્માસ્યુટિકલના ત્રણ ઘટકો પર સરકારે આયાત નિયંત્રણ મૂક્યા

નવી દિલ્હીઃ આજે સરકારે પેનેસિલિન ક્લાસ એન્ટિબાયોટિક્સના ઉત્પાદનમાં વપરાતા ત્રણ ઘટકો (ઈનગ્રેડિયન્ટ્સ) પર લઘુતમ આયાત ભાવની મર્યાદા લાદી છે. આ ત્રણ ઘટકોમાં પેનેસિલિન જી-પોટેશિયમ, ૬-એપીએ અને એમોક્સિસિલિન ટ્રાઈહાઈડ્રેટનો સમાવેશ થતો હોવાનું એક નોટિફિકેશનમાં જણાવાયું છે.

આ ત્રણેય ઈનગ્રેડિયન્ટ્સને એક વર્ષ સુધી નિયંત્રિત ચીજોની યાદીમાં રાખવામાં આવ્યા હોવાનું નોટિફિકેશનમાં જણાવતા ઉમેર્યું હતું કે જી-પોટેશિયમ, ૬-એપીએ અને એમોક્સિસિલિન ટ્રાઈહાઈડ્રેટનું સીઆઈએફ (કોસ્ટ, ઈન્સ્યોરન્સ અને ફ્રેઈટ) ધોરણે કિલોદીઠ લઘુતમ મૂલ્ય અનુક્રમે રૂ. ૨૨૧૬, રૂ. ૩૪૦૫ અને રૂ. ૨૭૩૩ નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ લઘુતમ આયાત ભાવના નિયંત્રણ નોટિફિકેશન જાહેર થયાના અર્થાત્ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬થી એક વર્ષ સુધી અમલી રહેશે, એમ ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે નોટિફિકેશનમાં જણાવ્યું હતું.

જોકે, આ આયાત નિયંત્રણ ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમો (ઈઓયુ), એસઈઝેડ (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન) ખાતેના એકમો અને એડવાન્સ ઑથોરાઈઝેશન સ્કીમ હેઠળ આયાત કરનારને આયાત થયેલ ઈનપૂટ્સને સ્થાનિક ટૅરિફ વિસ્તારમાં વેચાણ ન કરી શકે તેવી શરત સાથે આ નિયંત્રણમાંથી છૂટ આપવામાં આવી છે.

## ટીન અને નિકલ સહિતની ધાતુઓમાં વિશ્વ બજાર પાછળ ગાબડાં



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની વિવિધ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવ ઊંચી સપાટીએથી પાછાં ફર્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન, નિકલ અને કોપર વાયરબારમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૮૯, રૂ. ૫૬ અને રૂ. ૫૦નું ગાબડું પડ્યું હતું. તેમ જ આ સિવાય કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની અન્ય વેરાઈટીઓ, બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ચારથી ૧૩ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૮૯ ઘટીને રૂ. ૪૯૧૭, રૂ. ૫૬ ઘટીને રૂ. ૧૬૮૭ અને રૂ. ૫૦ ઘટીને રૂ. ૧૩૧૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન, નિકલ અને કોપર વાયરબારની આગેવાની હેઠળ અન્ય ધાતુમાં પણ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૩૩૮, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૩૩૬, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૩૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૨૫૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૧૨૪૪ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૨૩૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ઊભાવ કિલોદીઠ રૂ. ૧૫ના સુધારા સાથે રૂ. ૧૧૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪૦ અને રૂ. ૧૯૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

## રાજકોષીય ખાધ બજેટ અંદાજના ૫૪.૫ ટકાને સ્પર્શી ગઈ

નવી દિલ્હીઃ ડિસેમ્બરના અંતમાં કેન્દ્રની રાજકોષીય ખાધ રૂ. ૮.૫૫ લાખ કરોડ અથવા ૨૦૨૫-૨૬ માટેના વાર્ષિક બજેટ લક્ષ્યાંકના ૫૪.૫ ટકા હતી, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં ૫૬.૭ ટકા હતી, એમ શુક્રવારે જાહેર કરાયેલા સરકારી ડેટા દર્શાવે છે. કેન્દ્રનો અંદાજ છે કે ૨૦૨૫-૨૬ દરમિયાન રાજકોષીય ખાધ (ખર્ચ અને આવક વચ્ચેનો તફાવત) જીડીપીના ૪.૪ ટકા અથવા રૂ. ૧૫.૬૯ લાખ કરોડ રહેશે. ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ (સીએજી) દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, કેન્દ્ર સરકારને ડિસેમ્બર ૨૦૨૫ સુધીની કુલ આવક માટે લગભગ રૂ. ૨૫.૨૫ લાખ કરોડ અથવા અનુરૂપ બજેટ અંદાજના ૭૨.૨ ટકા પ્રાપ્ત થયા છે.

## રિટેલ માગને ટેકે ખાંડમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૮૦થી ૩૭૨૦માં ટકા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ એકંદરે પ્રબળ માગ અને અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૨૨થી ૩૮૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૭૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



## ગુજરાતના મથકો પાછળ સિંગતેલમાં ₹ ૧30નો ઝડપી ઉછાળો, આયાતી તેલમાં મિશ્ર વલણ

### જાન્યુઆરીમાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ૧૮ ટકાની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતનાં મથકો પર આજે ખાસ કરીને સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો તથા સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૧૯૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫નો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૦નો ઝડપી ઉછાળો આવ્યો હતો. આ સિવાય આજે મથકો પાછળ ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો, જ્યારે સરસવ તેલમાં રૂ. ૧૫ ઘટી આવ્યા હતા.

વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૮ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિકમાં આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે એકંદરે બજારમાં મિશ્ર વલણ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપાર ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર જાન્યુઆરીમાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ડિસેમ્બર મહિનાના ૧૨,૪૦,૫૮૭ ટન સામે ૧૭.૯૩ ટકા વધીને ૧૪,૬૩,૦૬૯ ટનની સપાટીએ રહી હોવાનું એક યાદીમાં જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના માર્ચ ડિલિવરી શરતે ભાવ અનુક્રમે રૂ. ૧૩૩૦ અને રૂ. ૧૩૯૦ તથા સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૮ તથા ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૨૫,૦૦૦ ગૂણીની આવક ઉપરાંત ગઈકાલની શેષ ૧૫,૦૦૦ ગૂણી સહિત કુલ ૪૦,૦૦૦ ગૂણીના કામકાજો મણદીઠ રૂ. ૧૪૫૦થી ૧૬૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે મગફળીની નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૪૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૪૫૦થી ૧૬૫૦૦માં થયા હતા. તેમ જ આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૯૦ વધીને રૂ. ૨૮૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫ વધીને રૂ. ૧૮૧૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, સિંગતેલના રૂ. ૧૮૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૦ અને સરસવના રૂ. ૧૫૩૫ના મથાળે રહ્યા હતા.

# સુરેન્દ્રનગરના ચોરવીરા ગામની સીમમાં સુરેન્દ્રનગર એસઓજી પોલીસે ગેરકાયદે ખનીજ ચોરી ઝડપી, લાખોનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં બેફામ બનેલા ખનીજ માફિયાઓ સામે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ સુરેન્દ્રનગર જિલ્લા (જ્વત્રક્ષ) પોલીસ ટીમે મેગા ઓપરેશન હાથ ધર્યું હતું. સાયલા તાલુકાના ચોરવીરા ગામની સીમમાં ગેરકાયદેસર રીતે ચાલતા કાર્બોસેલ ખનીજના ખનન પર પોલીસે ત્રાટકીને મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. એસઓજી દ્વારા છેલ્લા ૨૪ કલાકમાં ખનીજ ચોરી સામે આ બીજો મોટો દરોડો હતો.

પોલીસના દરોડા દરમિયાન ચોરવીરાના વિશાળ વિસ્તારમાં ફેલાયેલા ૨૦ થી વધુ કોલસાના કૂવાઓ મળી આવ્યા હતા. ખનીજ માફિયાઓ અત્યંત જોખમી રીતે જમીનમાં ઊંડા કૂવા ખોદીને કાર્બોસેલ કાઢતા હતા. ઘટનાસ્થળેથી ૧૫ જેટલી ચરખીઓ અને અન્ય સાધન-સામગ્રી સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ વિસ્તાર અગાઉ પણ ખનીજ ચોરી માટે ચર્ચામાં રહ્યો છે, તેમ છતાં માફિયાઓ બેફામ હોવાનું બહાર આવ્યું હતું.

આ દરોડાની સૌથી મહત્ત્વની બાબત એ રહી કે, પોલીસે કૂવાઓમાં ઉતરીને જીવના જોખમે કામ કરી રહેલા ૫૦ જેટલા શ્રમિકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. ઊંડા ખાડાઓમાં સુરક્ષાના કોઈ પણ સાધનો વગર આ શ્રમિકો પાસે મજૂરી કરાવવામાં આવતી હતી. પોલીસે તમામ શ્રમિકોને સલામત રીતે બહાર કાઢીને તેમની પૂછપરછ હાથ ધરી છે. ■

# રાજકોટમાં આજે ૪ વોર્ડની ૧૭૦થી વધુ સોસાયટીઓમાં પાણી વિતરણ બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠાની મુખ્ય પાઈપલાઈનમાં સર્જાયેલા ગંભીર લીકેજને સુધારવા માટે આજે ૩૧ જાન્યુઆરીના રોજ સત્તાવાર રીતે શટડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. મેઇન પંપ હાઉસથી ઇએસઆર તરફ જતી મુખ્ય હેડર લાઈનમાં ગંભીર લીકેજ અને ઈન્ટરસેપ્ટર વાલ્વમાં ખામી સર્જાતા મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થઈ રહ્યો હતો. આ ટેકનિકલ ખામી દૂર કરવા અને નવા વાલ્વ બેસાડવાની કામગીરીને કારણે શહેરના વોર્ડ નંબર ૪, ૫, ૭ અને ૧૪ ના અનેક વિસ્તારોમાં આવતીકાલે પાણી વિતરણ બંધ રહેશે.

આ પાણીકાપને કારણે બેડી ફિલ્ટર પ્લાન્ટ, ગ્રીનલેન્ડ હેડવર્કસ અને જિલ્લા ગાર્ડન હેડવર્કસ હેઠળ આવતી ૧૭૦થી વધુ સોસાયટીઓના હજારો નાગરિકોને પાણીની અગવડતા વેઠવી પડશે. અસરગ્રસ્ત વિસ્તારોમાં વેલનાથ પરા, ભગવતી પરા, રણછોડનગર, સંતકબીર સોસાયટી, લક્ષ્મીવાડી, ગુંદાવાડી અને કેવડાવાડી જેવા ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોનો સમાવેશ થાય છે. મનપા દ્વારા આ શટડાઉન દરમિયાન જિલ્લા ગાર્ડન ખાતેના સ્ટોરેજ રિઝર્વોયરની સફાઈનું કામ પણ હાથ ધરવામાં આવશે જેથી ભવિષ્યમાં શુદ્ધ પાણી મળી રહે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના વોટરવર્કસ વિભાગે જણાવ્યું હતું કે લાઈનમાં મોટા ભંગાણને ટાળવા માટે આ સમારકામ જરૂરી છે. આજે હાથ ધરવામાં આવનારી આ મરામતની કામગીરી પૂર્ણ થયા બાદ, આગામી રવિવારથી તમામ અસરગ્રસ્ત વોર્ડમાં રાબેતા મુજબ પાણી વિતરણ ફરી શરૂ કરવામાં આવશે. ■

# અમરેલીના ધારી-બગસરા હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં ૨ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના ધારી-બગસરા હાઈવે પર હામાપુર ગામ નજીક એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. બાઈક અને મોપેડ વચ્ચે સર્જાયેલી જોરદાર સામસામે ટક્કરમાં બે વ્યક્તિઓનાં કરુણ મોત નિપજ્યાં હતાં, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર બાદ બંને વાહનોના કચ્ચરઘાણ વળી ગયા હતા. આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા વ્યક્તિઓની ઓળખ પ્રવીણ વલ્લભદાસ અને દિનુ બ્લોચ તરીકે થઈ હતી.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી અને તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ધારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જોકે, ત્રણ ઈજાગ્રસ્તોની હાલત વધુ ગંભીર જણાતા પ્રાથમિક સારવાર બાદ તેમને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતા ધારી પોલીસનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી, અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ભવનાથના શિવરાત્રીના મેળામાં રવેડીનો રૂટ લંબાવીને ૨ કિ.મી. કરાયો; શાહીસ્નાનનું જીવંત પ્રસારણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં ગીરનારની તળેટીમાં યોજાતા વિશ્વ પ્રસિદ્ધ મહાશિવરાત્રી મેળાના સુચારુ આયોજન માટે આજે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં સાધુ-સંતો અને વહીવટી તંત્ર સાથે મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાધુ સંતો અને શ્રદ્ધાળુઓની સુવિધાઓ માટે અનેક નિર્ણયો લેવામાં આવ્યાં હતા. આગામી તા. ૧૧ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર આ મહાશિવરાત્રી મેળાને વધુ યાદગાર અને ભવ્ય બનાવવા માટે આ વર્ષે પ્રથમવાર સાધુ સંતોના નગર પ્રવેશ સાથે અલૌકિક નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ ફેબ્રુઆરીએ સાંજે તમામ સાધુ સંતોના આગમન સમયે તેમનું ભવ્ય સ્વાગત કરવા ભવ્યાતિભવ્ય નગરયાત્રા નીકળશે.

મહાશિવરાત્રી મેળા અંગે વિગતે માહિતી આપતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દર વર્ષે રવેડી રૂટ ૧.૫ કિ.મી. નો હોય છે જેમાં ૫૦૦ મીટરનો વધારો કરીને આ વર્ષે ૨ કિ.મી કરવામાં આવ્યો છે, જેથી પવિત્ર નાગા સાધુઓની રવેડીના દર્શનનો મહત્તમ શ્રદ્ધાળુઓને લાભ મળી શકે. દર વર્ષે અંદાજે ૧૬૦૦ પોલીસ જવાનોને ફરજો સોંપવામાં આવે છે જેની સંખ્યા વધારીને આ વર્ષે ૨૯૦૦થી વધુ કરવામાં આવી છે. મેળામાં કોઈપણ અનીચ્છનીય બનાવ ન બને તે હેતુથી સમગ્ર વિસ્તારમાં સીસીટીવી કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે. રાજ્ય સરકારના ટૂરિઝમ વિભાગ દ્વારા સમગ્ર રૂટનું ભગવાન ભોલેનાથની થીમ પર સુશોભન કરવામાં આવશે. જૂનાગઢ શહેરને પણ રોશનીથી શણગાર કરવામાં આવશે. સમગ્ર રૂટમાં અનેક સેલ્ફી પોઈન્ટ, ઈન્ફોર્મેશન સેન્ટર પણ મૂકવામાં આવશે. આ ઉપરાંત શાહી સ્નાન સમયે મહાશિવરાત્રી મેળાનું લાઈવ સ્ટ્રીમીંગ પણ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. આ વર્ષે જૂનાગઢ પોલીસ દ્વારા પ્રથમવાર ૧,૦૦૦ થી વધુ સ્થાનિક યુવાનોને વોલેન્ટિયર તરીકે જોડી મેળાની વ્યવસ્થામાં સામેલ કરવામાં આવશે. ■

# જૂનાગઢ આમ આદમી પાર્ટીના પ્રમુખ હરેશ સાવલિયાની પાસા હેઠળ ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ હરેશ સાવલિયાની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો હતો. જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ભેસાણ ખાતેથી તેમની 'પાસા' હેઠળ ધરપકડ કરી તાત્કાલિક અમદાવાદની સાબરમતી જેલ હવાલે કર્યા હતા. આ કડક કાર્યવાહીના મૂળ ડિસેમ્બર ૨૦૨૫ના વિસાવદરના માંડાવડ મગફળી કેન્દ્ર પ્રકરણમાં રહ્યા હતા, જ્યાં સાવલિયા અને તેમના સાથીઓ પર ખેડૂતો પાસેથી દાદાગીરી કરી પૈસા ઉઘરાવવા તેમજ એક મહિલા શ્રમિક સાથે ગેરવર્તણૂક કરવા બદલ એટ્રોસિટી અને છેડતીનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં ધરપકડ બાદ તેઓ જૂનાગઢ જેલમાં બંધ હતા.

સ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે જાન્યુઆરી ૨૦૨૬માં જેલવાસ દરમિયાન જ સાવલિયાએ સાગર ચાવડા નામના કેદી પર ગટરના ઢાંકણાથી હુમલો કરી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાના આક્ષેપ સાથે તેમની સામે હત્યાની કોશિશ અને ફરીથી એટ્રોસિટીનો ગુનો નોંધાયો હતો. એક પછી એક ગંભીર ગુનાઓ અને જેલની અંદરની હિંસક પ્રવૃત્તિને ધ્યાને લઈ, જિલ્લા કલેક્ટર અને પોલીસ તંત્રએ તેમને 'અસામાજિક તત્ત્વ' ગણી પાસાનું વોરંટ ઇશ્યુ કર્યું હતું. જોકે, આમ આદમી પાર્ટીએ આ કાર્યવાહીને રાજકીય કિન્નાખોરી ગણાવી હતી, જ્યારે પોલીસે તેને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેનું જરૂરી પગલું ગણાવ્યું હતું. ■

# ખંભાળિયાના વિકાસનો ૨૧ વર્ષનો રોડમેપ તૈયાર; રિંગ રોડ અને ઈન્ડસ્ટ્રીયલ ઝોનથી બદલાશે તસવીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા અને આસપાસનાં ૮ ગામોના કાયાકલ્પ માટે 'ખંભાળિયા વિસ્તાર વિકાસ સત્તામંડળ' દ્વારા આગામી ૨૧ વર્ષનો રોડમેપ ધરાવતો 'ડેવલપમેન્ટ પ્લાન ૨૦૪૭' પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, ૧૩,૬૨૫ હેક્ટરમાં ફેલાયેલા આ પ્લાનમાં ખંભાળિયા ઉપરાંત હર્ષદપુર, ધરમપુર, કંચનપુર સહિતનાં ગામોનો સમાવેશ કરાયો છે. શહેરના સુનિયોજિત વિકાસ માટે બાવીસ કિ.મી. લાંબો અને ૪૫ મીટર પહોળો રિંગ રોડ તથા કનેક્ટિવિટી માટે ૧૨૨ કિ.મી.ના અન્ય રસ્તાઓ સૂચિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, રોજગારીની તકો વધારવા નેશનલ હાઈવે નજીક ૩૨૨ હેક્ટરમાં ઔદ્યોગિક ઝોન અને નાગરિકોની સુખાકારી માટે જળાશયો પાસે 'રિક્રિએશન ઝોન'નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ડ્રાફ્ટ પ્લાન અંગે નાગરિકો પાસેથી વાંધા-સૂચનો મંગાવવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ગેઝેટ પ્રસિદ્ધ થયાના બે માસની સમયમર્યાદામાં નાગરિકો 'ખાડા'ની કચેરીમાં ચાર નકલમાં પોતાની લેખિત રજૂઆત કરી શકશે. કલેક્ટરે આશાવાદ વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ નવા પ્લાનથી શહેરીકરણને વેગ મળશે અને નાગરિકોના લાંબા સમયથી અટકેલા બાંધકામ મંજૂરી તેમજ ઈમ્પેક્ટ ફીના પ્રશ્નોનું નિરાકરણ આવશે. ■

# રાપરના કુંભારિયામાં કિશોરીએ, ભુજમાં યુવકે ગળેફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યા

ભુજઃ ગાંધીધામના આઝાદનગરમાં રહેતા ઉમર જુસબ લાખા (ઉ.વ. ૪૩)એ તેમજ સીમાવર્તી રાપરનાં કુંભારિયા ગામના સીમાડામાં લીમડાના વૃક્ષ પર દુપટ્ટા વડે ગળેફાંસો ખાઇ નીમુ જેસંગ કોળી (ઉ.વ.૧૭)એ કોઈ અજ્ઞાત કારણોસર ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, હતભાગી ઉમર લાખાએ કોઈ અગમ્ય કારણે ગળેફાંસો ખાઈ લીધો હતો. તેને સારવાર અર્થે તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખસેડાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં ભુજ શહેર બી-ડિવિઝન પોલીસે અકસ્માત મોત અંગે નોંધ કરી તપાસ હાથ ધરી હતી. બીજો આપઘાતનો કિસ્સો રાપરના કુંભારીયા ગામ મધ્યે બહાર આવ્યો હતો જેમાં નીમુ નામની કિશોરી દુકાને જાઉં છું તેમ કહીને ઘરેથી બહાર નીકળી ગઇ હતી. બાદમાં પરત ન આવતાં પરિવારે વ્યાપક શોધખોળ હાથ ધરી હતી. આ દરમ્યાન ગામના નિર્જન સીમાડામાં સ્થિત લીમડાના વૃક્ષ પર દુપટ્ટા વડે ફાંસો ખાધેલી અવસ્થામાં તેણીનો મૃતદેહ મળી આવ્યો હતો. ■

# મોરબી જિલ્લાના ૫૩ કેન્દ્રો પર આજે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ; કેન્દ્ર નજીક ચારથી વધુ લોકોને એકઠા થવા મનાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી જિલ્લાના ૫૩ કેન્દ્રો પર રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કોમન એન્ટ્રન્સ ટેસ્ટની પરીક્ષા આજે યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં અડચણ ન આવે તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મોરબી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જાહેરનામા અનુસાર મોરબી ખાતે સીઇટીની પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ કુલ ૫૩ પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં આજે બપોરે ૦૧:૦૦ કલાકથી ૦૩:૩૦ કલાક દરમિયાન ગેરરીતિ કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઊભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રિત થવું નહીં અથવા કોઈ સભા ભરવી નહીં કે કોઈ સરઘસ કાઢવું નહીં. પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ, કેલ્કયુલેટર વાળી ઘડીયાળ તેમજ કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનિક્સ ઉપકરણો લઈ જવા નહી. ઉપરાંત નિર્દીષ્ટ વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવા પર નિયંત્રણ લાદવામાં આવ્યા હતા. આ પરીક્ષા હળવદની ૧૩, માળીયાની ૪, મોરબીની ૧૯, ટંકારની પાંચ અને ૧૨ શાળોમાં ઊભાં કરેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવશે જ્યાં ઉપરોક્ત જાહેરનામાનું પાલન કરવાનું રહેશે. ■

# આદિપુરમાં માદક પદાર્થ ગાંજા જથ્થા સાથે એક યુવકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક દિવસ પૂર્વે પંચરંગી ગાંધીધામ શહેરના આંબેડકરનગર વિસ્તારમાં એક કરિયાણાની દુકાનમાં માદક પદાર્થનું વેંચાણ કરતા દુકાનદાર પકડાવાની ઘટનાની હજુ શાહી પણ સુકાઈ નથી તેવામાં આદિપુર શહેરના મુંદરા સર્કલ આસપાસ એક ઝૂંપડામાંથી પોલીસે રૂ. ૨,૪૬૦ના ગાંજા સાથે શખ્સને ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, આદિપુરના મુંદરા સર્કલ નજીક આવેલા એક ઝૂંપડામાં માદક પદાર્થનું છૂટક વેચાણ થતું હોવા અંગે પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે સ્થાનિક પોલીસે અહીં છાપો મારીને રવિ મુન્ના વડેચા (દેવીપૂજક)ની અંગજડતી લેતાં ખિસ્સામાંથી રૂ.૨,૪૬૦નો ૨૪૬.૮૨૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. આ કાર્યવાહી દરમ્યાન માદક પદાર્થ ઉપરાંત મોબાઇલ ફોન, રોકડ રૂપિયા મળીને કુલ રૂ. ૧૪,૬૬૦નો મુદ્દામાલ અંકે કરાયો હતો. રવિ વડેચા ગાંજો ક્યાંથી લાવ્યો હતો એ જાણવા પોલીસે તેની પૂછપરછ આદરી છે. ■

# મુંદરાના વવારમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈઃ ૧.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ લઠ્ઠાકાંડ માટે જવાબદાર એવા ઝેરી શરાબ બનાવવા માટે વપરાતો કાચો માલ જેમાં મુખ્યત્વે વપરાશમાં લેવાતો અખાદ્ય ગોળ, વિવિધ કેમિકલ સાથે સીમાડાઓમાં ધમધમતી ભઠ્ઠીઓનો નાશ સમયાંતરે રાજ્ય પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યો છે એ વચ્ચે બંદરીય મુંદરા તાલુકાના વવાર ગામના સીમાડામાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી પર પ્રાગપર પોલીસે દરોડો પાડીને આરોગ્યને હાનિકારક દેશી શરાબ બનાવવાનો આથો, દેશી દારૂની કોથળીઓ તથા મોબાઈલ ફોન મળીને કુલ રૂ.૧,૪૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અલબત્ત, આરોપીઓ દરોડા અગાઉ નાસી છૂટ્યા હતા.

આ અંગે પ્રાગપર પોલીસ મથકના પી.આઈ એ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પેટ્રોલિંગ દરમિયાન મળેલી પૂર્વ બાતમીના આધારે વવાર ગામની ઉત્તર દિશાએ સ્થિત સીમમાં ચેકડેમ પાસે બાવળોની ગીચ ઝાડીમાં વવારના શ્યામ ઉર્ફે શામરા ભીખા ગઢવી, ભરત અલુ કોલી અને સામજી કેસુ કોલી (બંને રહે. છસરા) હેઠળની દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી પર દરોડો પાડવામાં આવ્યો હતો. અહીંથી પ્રાગપર પોલીસે દેશી દારૂ બનાવવાનો આથો આશરે ૧૭૦૦ લિટર કિં. રૂ. ૪૨,૫૦૦, ૪૨૦ લિટર દેશી દારૂ કિં. રૂ. ૮૪,૦૦૦ તથા ચાર મોબાઈલ કિં. રૂ. ૨૦,૦૦૦ મળીને કુલ રૂ.૧,૪૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

# શિણાયમાં હાર્ડવેરની દુકાનમાં ત્રણ શખ્સોએ આગ ચાંપી, દુકાનદાર પર જીપ ચઢાવી હત્યાની કોશિશ કરતાં પંથકમાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં પણ હવે જાણે યુપી-બિહારની જેમ ગેંગવોર, હુમલા, સરાજાહેર હત્યા જેવા બનાવો બનવા એક આમ બાબત બની ચુકી છે તેવામાં ગાંધીધામના શિણાય ગામ નજીકના રાજનગર વિસ્તારમાં આવેલી એક હાર્ડવેરની દુકાનમાં પેટ્રોલ છાંટી, આગ લગાડી, દુકાનદાર ઉપર જીપકાર ચડાવીને હત્યાનો ત્રણ માથાભારે શખ્સો દ્વારા પ્રયાસ કરાતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી. આ અંગે આદિપુરના ડી-સી-પાંચમાં રહેતા અને શિણાય નજીકના રાજનગરમાં હાર્ડવેર હાઉસ નામની ભાડાની દુકાન ધરાવતા હરેશ ગોપાલ ભગતે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત રાત્રે સાડા આઠેક વાગ્યાના અરસામાં દુકાન બંધ કરીને અંતરજાળ આવ્યા હતા. ત્યાંથી કામ પતાવીને ઘરે જવા નીકળ્યા હતા એ વેળાએ તેમની દુકાનમાં આગ લાગી હોવાનો અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. બે શટરવાળી દુકાનનું એક શટર ખોલી બચાવી શકાય તેટલો સામાન બચાવવાની તેઓ કોશિશ કરી રહ્યા હતા એ દરમ્યાન દુકાનમાં કામ કરતા રમજાન મીરએ બોલેરો જીપ અને સ્વીફ્ટ કારમાં આવેલા શખ્સોએ આ આગ લગાડી હોવાનું જણાવ્યું હતું.

તેઓ બોલેરો પાસે ગયા ત્યારે તેના ચાલકે જીપકાર હંકારી, તેમના ઉપર મારી નાખવાના ઈરાદે ચડાવવાની કોશિશ કરી હતી. આગના આ બનાવમાં સનમાઈકા, ફેવિકોલ, બ્રાસની તમામ વસ્તુ, શેડ, ફર્નિચર,સીએનસી, મશીન ચલાવવાનું સ્ટેબેલાઈઝર, કોમ્પ્યુટર નંગ -બે વિગેરે મળીને રૂ. ૮૦ લાખની નુકસાની થઈ હતી. બોલેરો તથા સ્વીફ્ટ કારમાં સવાર ત્રણેય અજાણ્યા શખ્સો વિરુદ્ધ પોલીસે જુદી-જુદી કલમો તળે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# બહુચર્ચિત બગદાણા પ્રકરણના આરોપીએ મૂકેલ જામીન અરજીમાં બીજી ફેબ્રુઆરીની મુદત પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ચકચારી બગદાણાના કોળી યુવક નવનીત બાલધિયા પર હુમલા પ્રકરણે ઝડપાયેલા ૧૪ શખસો હાલ જેલ હવાલે છે. ત્યારે જેલ મુક્ત થવા આઠ આરોપીએ તેમના વકીલ મારફતે મહુવા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મૂકી હતી. જ્યારે અન્ય એક બગદાણાના શખસે પોતાની આગોતરા અરજી પણ મુકી હતી. આજે મહુવા કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેને લઈને આજે મહુવા કોર્ટમાં આઠ આરોપીના રેગ્યુલર અને એકના આગોતરા જમીન અનુસંધાને મુદત પડી હતી અને આગામી તા. ૨ ફેબ્રુઆરીના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે.

૧૪માંથી આઠ આરોપીની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી હાલ જેલમાં રહેલા ૧૪ આરોપી પૈકી આઠ આરોપી રાજુ દેવાયતભાઈ ભમ્મર, વિરૂ મધુભાઈ સયડા, આતુ ઓઘડભાઈ ભમ્મર, ભાવેશ ભગવાનભાઈ છેલાણા, વિરેન્દ્ર જેરામભાઈ પરમાર, પંકજ માવજીભાઈ મેર, સની ઉર્ફે સતીષ વિજયભાઈ વનાલિયા અને ઉત્તમ ભરતભાઈ બાંભણીયાએ જેલ મુક્ત થવા વકીલ મારફતે મહુવા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જ્યારે અન્ય બગદાણા ગામે રહેતા પાતુભાઈ ભુથાભાઈ ભાદરકાએ પોતાના વકીલ મારફતે આગોતરા જામીન અરજી પણ કરી હતી. આ તમામ જામીન અરજી પર આજે મહુવા કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી, જેને લઈને મહુવા કોર્ટે આઠ શખસની રેગ્યુલર જામીન અરજી અને એકના આગોતરા જામીન અરજીને સાંભળવા તારીખ પડી હતી. આગામી ૨ ફેબ્રુઆરીના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે. આજે રેગ્યુલર જામીન અને આગોતરા જામીન અરજીને લઈ બગદાણાના ચકચારી પ્રકરણના ફરિયાદી નવનીત બાલધિયા પણ કોર્ટમાં હાજર રહ્યા હતા. ■

# ભુજની જથ્થાબંધ બજારમાં આવેલી દુકાનમાંથી ૧.૦૯ લાખના મરી-મસાલાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જિલ્લાના ભુજિયા ડુંગર પાસે આવેલી જથ્થાબંધ બજારમાં એક દુકાનમાંથી રૂ.૧,૦૯,૩૫૦ની કિંમતના મરી-મસાલાની ચોરી થતાં વેપારી આલમમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

આ અંગે પીયૂષગિરિ મદનગિરિ ગોસાઈએ ભુજ શહેર બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, જથ્થાબંધ બજારમાં તેમની 'ચાચાજી ચા ભંડાર' નામની દુકાનમાં કામ કરતા ભાવેશ બડગાઈ નામના શખ્સે ગત તા. ૧૫-૭-૨૦૨૫થી ૧૫-૧-૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન તેમની નજર ચૂકવીને અલગ-અલગ સમયે કુલ રૂા. ૧,૦૯,૩૫૦ની કિંમતના મરી-મસાલાની ચોરી કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીને પકડવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને કૉંગ્રેસ દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર કૉંગ્રેસ સમિતિ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે શહેરના ક્રેસન્ટ સર્કલ ખાતે સુતરાની આટી તથા પુષ્પાંજલિ અર્પણ કરી ગાંધીજીની મહાન વિચારધારાને ભાવપૂર્વક વંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીજીની એકતા, અખંડિતતા, ભાઈચારો અને અહિંસાના અમર સંદેશને યાદ કરી તેમના વિચારો આજે પણ દેશ માટે માર્ગદર્શક હોવાનું ઉલ્લેખાયું હતું. સાદગી અને સત્યના પ્રતીક એવા મહાત્મા ગાંધીજી દરેક ભારતીયના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે. તેમના જીવનમૂલ્યો દેશને કાયમી શાંતિ અને સૌહાર્દ તરફ દોરી જાય છે એવી ભાવના સાથે કૉંગ્રેસ કાર્યકરો દ્વારા કોટી-કોટી વંદન કરવામાં આવ્યું હતું. ■